ભૂમિપુત્ર

माता भूमि : पुत्रो अहं पृथिव्या :

Vol. 073 Issue No. 07 Date : 16-12-2025

## આ અંકમાં


| | | |
|---|---|---|
| વિનોબા | ૦૧ | આત્માને જાણીએ (૩) |
| અનુરાધા પ્રસાદ, અનુ. રાજેન્દ્ર દવે | ૦૪ | મહાત્મા ગાંધી અને શ્રી અરવિંદ પુસ્તક લેખમાળા - ૪ : માનવીના સ્વભાવના સંબંધમાં બંનેના વિચાર |
| રજની દવે | ૦૮ | ગુજરાત સર્વોદય મંડળ : એક પરિચય - ૪ |
| નાનક ભટ્ટ | ૧૦ | ૧૭૫૦૦ વિદ્યાર્થીઓને સર્જનશીલતા સાથે જોડનાર બાળમંદિરનાં શિક્ષિકા પ્રીતિબહેન ભટ્ટ |
| રેવારજ | ૧૧ | 'ધિ લાઇફ ડિવાઇન'નો સમૂહ અભ્યાસ : પુસ્તકનં.૩ |
| વાગ્મિન બૂચ | ૧૨ | ટેક્નોલોજી અને માનવીય મૂલ્યો |
| રશાંસ | ૧૪ | વાંચન થાળ |
| મહેશ પંડ્યા | ૧૭ | વિશ્વમાં આબોહવા પરિવર્તન : વિકસિત દેશો અને વ્યાપારી ગૃહો નુકસાની બદલ ૧.૩ ટ્રિલિયન ડોલરનું ભંડોળ આપશે ખરા!? |
| સુનીતા નારાયણ, અનુ. ડંકેશ ઓઝા | ૧૮ | નવસ્થાનિકોનો ઉદય : ભાગ - ૨ |
| ભાણદેવ | ૨૦ | ફક્ત એક શબ્દ |
| હરેશ ધોળકિયા | ૨૧ | આવતીકાલની ઝાંખી |
| ડંકેશ ઓઝા | ૨૩ | ચર્ચાપત્ર |
| આશા વીરેન્દ્ર | ૨૪ | અનુષ્ઠાન |


(આ પેજ મૂળ અંકનો ભાગ નથી.)

યજ્ઞ પ્રકાશન

YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

Published on 1st & 16th of Every Month

ભૂદાનમૂલક ગ્રામોદ્યોગપ્રધાન અહિંસક ક્રાંતિનું પાક્ષિક મુખપત્ર

**BHOOMIPUTRA**
Gujarati Fortnightly

ભૂમિપુત્ર

Price Rs.10, Annual Sub. Rs.200.
**Vol.73 Issue No.07 1947 Date : 16-12-2025**
Place of Publication : Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara - 390 001.

माता भूमि : पुत्रो अहं पृथिव्या :

# આત્માને જાણીએ (૩)

❍ વિનોબા ❍

## આત્માનું અકર્તાપણું

શંકરાચાર્ય કહે છે કે आत्मनः कर्तृता मृषा – એટલે કે આત્માનું કર્તૃત્વ અથવા કર્તાપણાની ભાવના અસત્ય છે, મિથ્યા છે. કેમ કે એમાં દેહાત્મક બુદ્ધિની અપેક્ષા રહે છે. મારે ફલાણું કર્મ કરવું છે એટલે કે તે શરીરની કૃતિ હશે તો શરીરનું અભિમાન આવી જશે. જો ઇંદ્રિયોની કૃતિ હશે તો ઇંદ્રિયોનું અભિમાન રાખવું પડશે. આત્માની પાછળ કર્તવ્ય છે – આવી કલ્પના જ મિથ્યા છે. नैव किंचित् करोमीति – હું કંઈ કરતો નથી. આ જે અનુભવ છે, આ જે બુદ્ધિ છે એ સત્ય છે. આના માટે વેદાંતશાસ્ત્ર પ્રમાણ આપે છે. શંકરાચાર્ય આગળ ઉપર કહે છે, कर्तृत्वं कारकापेक्षा – કર્તૃત્વ માટે કારકની અપેક્ષા રહે છે. કારક એટલે ક્રિયા-સાધન. લખવું હોય તો પેન્સિલ જોઈએ, કાગળ જોઈએ, હાથ જોઈએ. જેટલું પણ કર્તૃત્વ છે તે બધું કારકાપેક્ષ છે. આપણે જો કંઈક કરવા માંગીએ છીએ તો એમના માટે આપણે પ્રયત્નો કરવા જોઈએ. જ્યારે अकर्तृत्वं स्वभावतः – અકર્તૃત્વ સ્વાભાવિક છે. સત્ય બોલવા માટે કંઈ પણ કરવાનું હોતું નથી. જે છે તે કહી દીધું. જ્યારે ખોટું બોલવા માટે કેટલું ય વિચારવું પડે છે ! આમ અકર્તૃત્વ માટે કંઈ ન જોઈએ. લોકો કહે છે કે આસક્તિ, લિપ્તતા સ્વભાવમાં છે. આસક્તિ, લિપ્તતામાં પરિશ્રમ છે. જ્યારે અનાસક્તિ, અલિપ્તતામાં શ્રમ નથી, શમ છે. એટલા માટે હું કર્તા છું, હું ભોક્તા છું, આ જે વિજ્ઞાન છે, તે એકદમ મિથ્યા અસત્ય છે, વ્યર્થ છે. આ એકદમ પાકી વાત છે.

આત્મા અકર્તા છે. તે કર્તા હોઈ જ ન શકે. અહિંસા 'ન કરવા માટે' કહે છે. અહિંસા શબ્દ આત્મસ્વરૂપ છે, અકરણાત્યક છે, આધ્યાત્મિક છે. આત્મા અકર્તૃસ્વરૂપ છે. તે કંઈ જ કરતો નથી. અને આત્મા અકર્તૃક (કર્તાવિહીન) હોવાને લીધે મેં અહિંસા શબ્દને પસંદ કર્યો. એ એટલા માટે કે અહિંસા આત્માનું સ્વરૂપ જ છે. એટલે કે આત્મા હિંસા કરી શકતો જ નથી. હિંસા એ શરીરની શક્તિ છે. શરીર મટી જાય છે, જ્યારે અહિંસા એ આત્માની શક્તિ છે. એટલે આત્મા મરતો નથી. ગીતામાં આત્માનું વર્ણન છે – ન તો મરે છે, ન મરાવે છે, ન તો મારે છે. આ આત્માનો સ્વભાવ છે અને આ જ વર્ણન અહિંસાને પણ લાગુ પડે છે. આમ અહિંસા આત્મા સાથે જોડાયેલ તત્ત્વ છે.

જે આત્મા મારામાં છે, એ જ તમારી અંદર છે. જ્યાં પણ આ રીતે આત્માની વ્યાપકતાનાં દર્શન થાય છે, ત્યાં અહિંસાની પ્રતિષ્ઠા થાય છે. ગીતામાં અહિંસા વિષયક સમજાવ્યું છે કે આત્મતત્ત્વને બધા ભૂતોમાં સમાનરૂપે જોવાથી મનુષ્યને પરમેશ્વરની વ્યાપક સત્તાનું ભાન થાય છે. ભાન થયા પછી આત્મા બીજા આત્માની હિંસા કરી જ શકતો નથી. કેમ કે જે આત્મતત્ત્વ મારી અંદર છે, એ જ આત્મતત્ત્વ – એવું ને એવું જ બીજામાં પણ છે. મન-બુદ્ધિ મારાં અલગ રહેશે, બીજાંનાં પણ અલગ રહેશે, પણ આત્મતત્ત્વ સમાન રહેશે. આમ ભૂતમાત્ર એ મારું જ સ્વરૂપ છે. હું પોતે જ બધે રહેલો છું. આવી સ્થિતિમાં કોઈની પણ હિંસા કરવાનો અર્થ એ જ થશે કે પોતાના હાથે પોતાની જ હિંસા કરવી. હિંસા માટે જે કોઈ પણ હથિયાર ઉગામશે તો તે પોતે પોતાની વિરુદ્ધ જ ઉગામવા જેવું થશે. એટલા માટે તે હિંસા કરશે નહીં, અહિંસામાં જ સ્થિર રહેશે. અકર્તૃત્વ વગર અહિંસા, સત્ય વગેરે વ્રતોનું પાલન અસંભવ છે.

મને તો ઉપનિષદના લેખકોનું ભાગ્ય ઘણું મોટું લાગે છે. એમની કૃતિ અમર થઈ ગઈ છે, કેમ કે તેમનું કર્તૃત્વ જ લુપ્ત થઈ ગયું છે. કૃતિ કાયમ રહે પણ કર્તા કાયમ ન રહે, આવું ભાગ્ય ઉપનિષદના ઋષિઓનું છે. આ વસ્તુ અહંકારના સંપૂર્ણ નાશ થયા વગર શક્ય ન બને. એ વૈદિક ઋષિઓને પણ આ ભાગ્ય સાંપડ્યું નથી, કેમ કે એમના નામ ઋષિ-તર્પણ કરતી વખતે લેવામાં આવે છે. જેટલા અનુપાતમાં કર્તૃત્વ લુપ્ત થશે, એટલા જ અનુપાતમાં કૃતિ વીર્યવતી થશે.

માણસે એટલા માટે સતત આત્મચિંતન કરતા રહેવું જોઈએ અને कोऽहम् નો નિર્ણય મેળવી લેવો જોઈએ. આત્મા તો સહજ અકર્તા છે. એ બધાં કર્મથી અલગ, પરિશુદ્ધ અને સાક્ષીરૂપ છે. પરંતુ कोऽहम् નો આવો અત્યંત શુદ્ધ ઉત્તર, બુદ્ધિને સમજાઈ જાય છે, પણ મનુષ્યના હૃદયમાં તે ઉત્તર હંમેશ માટે અંકિત થતો નથી. જો તે ઉત્તર એવી રીતે અંકાઈ જાય, તો માણસનાં બધાં કર્મ તત્ક્ષણ ખરી જશે. આપણે આ જ શુદ્ધ અવસ્થા મેળવવાની છે.

અકર્તૃત્વના ભેદ – (૧) કર્મત્વ (૨) નિમિત્તત્વ (૩) સાક્ષિત્વ.

## સચ્ચિદાનંદ

ભગવદ્‌ગીતાના સાતમા અધ્યાયમાં અધિભૂત, અધિદૈવ,

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

અધિયજ્ઞ - આ ત્રણ શબ્દ આવે છે. આ ત્રણ વર્ગ છે. આ ત્રણેય મળીને આખી સૃષ્ટિ થાય છે. અધિભૂત = સત્, સત્ અર્થાત્ અસ્તિત્વરૂપ. મનુષ્યનો સાકાર દેહ તે અધિભૂત છે. અધિદૈવ = સત્ + ચિત્. આ ઘડિયાળ છે. એમાં સત્ છે, ચિત્ નથી. માખીમાં સત્ પણ છે અને ચિત્ પણ છે. શરીર એ બહારનો આકાર છે એટલે કે સત્ છે અને ચિત્ત્ અર્થાત્ ચૈતન્ય છે. જ્યાં પણ ચૈતન્ય પ્રગટ થાય છે ત્યાં સત્ અને ચિત્ બંને એકઠાં થાય છે. અધિયજ્ઞ = સત્ + ચિત્ + આનંદ. સાધના કર્યા બાદ નિષ્કામ, નિરહંકાર થયેલું વિશુદ્ધાત્મક પુરુષ રૂપ. હવે તે મુક્ત થનારું છે અને પરમેશ્વરથી મળી જનારું છે. આવા જે જે વિશુદ્ધાત્મા છે, તેમનાં જીવનમાં પરમેશ્વરનું આનંદરૂપ પ્રગટ થાય છે. આપણને બધાને સત્ - ચિત્ - આનંદરૂપ થવાનું છે. આ જન્મની ભલે કંઈ કમાણી નથી થઈ પણ પૂર્વજન્મની કમાણીને લીધે આપણને પ્રાણીનો જન્મ મળ્યો અને આપણે સત્રૂપ - ચિત્રૂપ બન્યા. સત્ રૂપ હોવા માટે કોઈ પૂંજી લગાવવી પડતી નથી. કેમ કે આખી સૃષ્ટિ જ પોતે સત્રૂપ છે. પછી આપણે ચિત્રૂપ થયા, હવે આનંદરૂપ થવાનું છે.

આપણને આપણા આખા જીવનમાં જેટલી પણ ઉપાધિઓ મળી છે, તેમાંથી મુક્ત થતાં આવડવું જોઈએ. 'હું આ છું.' 'હું તે છું' - આવાં જેટલાં જેટલાં વિશેષણો છે તેને કાઢી નાખવાનું સામર્થ્ય આપણે કેળવી લેવાનું છે. બધા પ્રકારના ગુણ-દોષોને દૂર કરતાં કરતાં માણસનું જે મૂળ સ્વરૂપ શેષ બચે છે એમાં સુખ રહેલું છે. આ શાંતિમય સુખ બીજાં સાધારણ સુખો કરતાં જુદું છે, તે દેખાડવા માટે નિત્યસુખ, આત્મસુખ, ચિત્સુખ વગેરે જે કહેવાય છે એ જ વાસ્તવિક સુખ છે, એટલા માટે એને 'સત્યસુખ' પણ કહી શકાય. 'સચ્ચિદાનંદ' શબ્દમાં આ જ ભાવ સૂચિત થયેલો છે. આત્મામાં બુદ્ધિ સ્થિર થઈ ગયા પછી તે સુખ મળે છે.

જે આપણું સ્વરૂપ છે, એ જ સ્વરૂપ પરમાત્માનું છે, એ જ સૃષ્ટિનું સ્વરૂપ છે. ઉપનિષદ અનુસાર આપણું સ્વરૂપ સત્-ચિત્-આનંદરૂપ છે. એટલા માટે પરમાત્મા તથા સૃષ્ટિનું સ્વરૂપ પણ સત્-ચિત્-આનંદ છે. આ છોડીને આપણામાં જે ક્રોધાદિ ભાવ જન્મે છે, તે બધા ભાવ વિદેશી છે, બહારના છે. એ આપણું સ્વરૂપ નથી, આપણે એના દ્રષ્ટા છીએ. આપણે કેટલાક ઉપાયો અજમાવીને તે વિદેશી ભાવોને દૂર કરી શકીએ એમ છીએ. ઉપનિષદ કહે છે કે આપણું સ્વરૂપ તો અત્યંત શુદ્ધ છે - એ સચ્ચિદાનંદ સ્વરૂપને આપણે ક્યારેય ન ભૂલવું જોઈએ, બલ્કે, એનો અનુભવ કરીએ.

પરમેશ્વર અખંડ એકરસ છે. પરંતુ પરમેશ્વર વિષયક દરેકને પોત-પોતાના દૃષ્ટિભેદ હોવાને લીધે જુદા-જુદા અનુભવો થતા હોય છે. કોઈને તે સત્ સ્વરૂપ પ્રતીત થાય છે, તો કોઈને ચિત્રૂપ, તો કોઈને આનંદરૂપ પ્રતીત થાય છે. અને કોઈને તે સચ્ચિદાનંદ સ્વરૂપમાં દર્શન થાય છે. વાસ્તવમાં તો પરમાત્મા આ બધાંથી પર છે - તેમ કહેવાવું જોઈએ.

જ્યાં સૂર્ય છે, ત્યાં પ્રકાશ છે. જ્યાં સત્ય છે, ત્યાં જ્ઞાન અર્થાત્ ચૈતન્યમય વિશુદ્ધ વિજ્ઞાન છે. જ્યાં સત્ય અને જ્ઞાન મળે છે, ત્યાં શોકાતીત નિત્યાનંદ છે. સચ્ચિદાનંદ - આ બ્રહ્મની સંજ્ઞા છે, અને જે વેદોની પ્રજ્ઞાનો વિષય છે.

હું ઇચ્છું છું કે મનુષ્ય યંત્રના હાથમાં ન રહે. જો તે યંત્રના હાથમાં રહેશે, તો તેનું જીવન એકદમ નિરસ થઈ જશે, જે આત્માના ધર્મની વિરોધમાં છે. આત્માનો ધર્મ છે, સત્-ચિત્-આનંદ.

આકાશ - સત્, વાયુ - ચિત્, તેજ - આનંદ. ખુલ્લી હવામાં સચ્ચિદાનંદને મળવાનું થાય છે.

જ્યારે કલાનો આનંદ નિર્માણ કરીએ છીએ ત્યાં સત્-ચિત્-આનંદ - આ ત્રણેય હોવાં જોઈએ. આપણે આનંદને જુદો રાખીશું તો એવું લાગશે જાણે કોઈ લાશ પડી છે. જ્યાં ચિત્ નથી અને આનંદ નથી, ત્યાં ઝાડ પરથી કપાયેલ ફળ જેવું થશે. જો તે ફળ ઝાડ સાથે જોડાયેલું છે, તો એને એ ઝાડમાંથી જીવન મળતું રહેશે. આવો જ આનંદનો અનુભવ સત્ અને ચિત્ની સાથે આવે છે, એને તોડવાથી નહીં આવે. તમારી સમગ્ર કારીગરી સત્-ચિત્-આનંદ પર ઊભી છે અને એ જ એકદમ યોગ્ય આનંદ છે.

### શાંત

यच्छेद् वाङमनसि प्राज्ञः तद् यच्छेत् ज्ञान आत्मनि
ज्ञानमात्मनि महति नियच्छेत् तत् यच्छेत् शांत आत्मनि ।।

વાણીને મનમાં વિલીન કરીએ, મનને જ્ઞાનાત્મામાં, જ્ઞાનને મહાત્મામાં અને છેવટે આ મહાત્માને શાંત આત્મામાં વિલીન કરીએ.

ઉપનિષદમાં ઋષિઓએ શાંતિને જ આત્માનું અંતિમ રૂપ માન્યું છે. કઠોપનિષદના આ ઉપરોક્ત મંત્રમાં સાધનાની દૃષ્ટિએ આત્માનાં ઉત્તરોત્તર શ્રેષ્ઠ પાંચ રૂપ કહ્યાં છે. મનુષ્ય આ જગતના જુદા-જુદા વિષયરસોનો

### આ અંકમાં


| | | |
|---|---|---|
| વિનોબા | ૧ | આત્માને જાણીએ (૩) |
| ડૉ. અનુરાધા પ્રસાદ અનુ.રાજેન્દ્ર દવે | ૪ | માનવીના સ્વભાવના સંબંધમાં બંનેના વિચાર લેખ-૪ |
| રજની દવે | ૮ | ગુજરાત સર્વોદય મંડળ : એક પરિચય-૪ |
| નાનક ભટ્ટ | ૧૦ | ૧૭,૫૦૦ વિદ્યાર્થીઓને સર્જનશીલતા સાથે જોડનાર બાલમંદિરનાં શિક્ષિકા પ્રીતિબહેન ભટ્ટ |
| રેવારજ | ૧૧ | The Life Divineનો સમૂહ અભ્યાસ : પુસ્તક નં.૩ |
| વાગ્મિન બૂચ | ૧૨ | ટેકનોલોજી અને માનવીય મૂલ્યો |
| રશાંસ | ૧૪ | વાચન થાળ<br>૦ ધરાસણાનો કાળો કેર ૦ ચિત્રકાર નટુ મિસ્ત્રી<br>૦ ગુજરાતનો વિસરાતો ભીંત ચિત્રોનો કલા વૈભવ<br>૦ કચ્છના આહીરોનું ભરતકામ |
| મહેશ પંડ્યા | ૧૭ | વિશ્વ આબોહવા પરિવર્તન |
| સુનીતા નારાયણ અનુ. ડંકેશ ઓઝા | ૧૮ | નવસ્થાનિકોનો ઉદય : ભાગ - ૨ |
| ભાણદેવ | ૨૦ | ફક્ત એક શબ્દ |
| હરેશ ધોળકિયા | ૨૧ | આવતી કાલની ઝાંખી |
| આશા વીરેન્દ્ર | ૨૪ | અનુષ્ઠાન |





YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

અનુભવ લેતાં લેતાં ક્યારેક આવી એક અવસ્થા એના માટે શક્ય બને છે, જ્યારે એના હૃદયમાંથી એક એવો અસ્પષ્ટ ધ્વનિ નીકળે કે વિષયોથી પણ 'પર' અથવા શ્રેષ્ઠ 'તત્ત્વ' હોવું જોઈએ. ભીતરનો આ અવાજ અથવા આકશવાણી તે આત્માનું પહેલું રૂપ છે. આત્માના આ વાચિક રૂપને વાગાત્મા કહી શકાય. અને અહીંથી સાધના શરૂ થાય છે, એટલા માટે એને આત્માનું પ્રાથમિક સ્વરૂપ સમજવું જોઈએ. વસ્તુતઃ તો આની પાછળ પણ 'વિષયાત્મા' તો હોય જ છે. પણ પરમાર્થ સાધનાની દૃષ્ટિએ આ 'વિષયાત્મા' લગભગ 'શૂન્યાત્મા' જ છે. માટે જ સાધના-માર્ગમાં આ આત્માની ગણતરી કરી ન શકાય. તો 'વાગાત્મા'ને 'પહેલી કક્ષા' વાળો આત્મા કહી શકાય. બીજું છે આત્માનું મનોમય સ્વરૂપ. આમ 'વાગાત્મા' ને 'પહેલી કક્ષા' વાળો આત્મા કહીશું. પછી આત્માનું બીજું મનોમય સ્વરૂપ છે, જ્યાં વાગાત્માનો વિલય થઈ જાય છે મનમાં - જેને यच्छेद् वाङ्मनसि કહે છે.

શ્રવણ દ્વારા ભક્ષણ કરેલા વિચારોનું મનની ભૂમિકા પર પાચન થતું રહે છે. અને આ પાચન થયા પછી મેળવેલા વિચારોનું રૂપાંતરણ જ્ઞાન-રસમાં થાય છે. અને અહીં મનનનું કાર્ય પૂરું થઈ જવાને લીધે મનોમય આત્માનો વિલય જ્ઞાનાત્મા માં થઈ જાય છે - तत् यच्छेत् ज्ञान आत्मनि। - ત્રીજી ભૂમિકા પર જ્ઞાનને નિશ્ચિતતા પ્રાપ્ત થઈ જાય છે. અને આ નિશ્ચિત જ્ઞાનને સમષ્ટિના વ્યાપક જ્ઞાનમાં લય કરવું પડે છે. આ મેળવેલ જ્ઞાનનો વિશ્વસંસ્થામાં વિનિયોગ (એપ્લિકેશન) કર્યા વગર તે નિશ્ચિત હોવા છતાં પણ તે પાકું થઈ શકતું નથી અને તેની વ્યાપ્તિનું પણ આકલન થતું નથી. સાથે સાથે જ જ્ઞાન નિશ્ચિત થઈ જવાથી અહંકાર પર કાબૂ આવી જવા માત્રથી પણ કામ ચાલતું નથી. અહંકારને કાબૂમાં કરવા માટે એની મૂળસહિત નિવૃત્તિ કરવી પડે છે અને એવું કરવા માટે નિયંત્રિત થયેલ અહંકારને વિશ્વવ્યાપક બનાવવો પડે છે. વ્યાપકતાની સાથે જ એમાં વિરલત્વ આવી જાય છે અને એ પ્રમાણમાં એનું જોર ઘટી જાય છે.

અંહકાર પણ મૂળતઃ નાનકડા દેહમાં ભરેલો હોવાને લીધે તે એકદમ સઘન અને જોરદાર હોય છે. હવે આ અહંકારને કુટુંબ સુધી વ્યાપક બનાવવાથી એટલા પ્રમાણમાં તે વિરલ થઈને એનું જોર એટલું ઓછું થાય છે, રાષ્ટ્ર સુધી વ્યાપક કરવા જતાં તે વિરલ અને વીર્યહીન થઈ જાય છે. (આ જ ક્રમમાં) અહંકારને વિશ્વવ્યાપક બનાવવા જતાં એના પરમાણુઓ અનંત ક્ષેત્રમાં વહેંચાઈ જવાને લીધે એની સાંધિક શક્તિ (સંધિ કરાવનાર) તાકાત છિન્ન-ભિન્ન થઈ જાય છે. એટલા માટે વ્યાવહારિક વિનિયોગ દ્વારા જ્ઞાન રૂપી માટલાને અગ્નિમાં વધુ તપાવીને પાકું કરવા માટે અને અહંકારને નિર્વીર્ય કરવાના હેતુસર, એને વ્યાપક કરવા માટે, જ્ઞાનાત્મા વિશ્વકર્મા બનવાથી આત્માનું ચોથું રૂપ મહાત્મા પ્રગટ થાય છે - ज्ञानमात्मानि महति नियच्छेत् । વ્યાપક થવાને લીધે અત્યંત વિરલ બનેલો આ અહંકાર જ્યારે હંમેશ માટે વિલીન થયા પછી આવેલી આ ચોથી ભૂમિકાના મહાન આત્માનું શાંત आत्मा માં આપોઆપ લય થઈ જાય છે. આ 'શાંત આત્મા' એ આત્માનું પરમ શુદ્ધ સ્વરૂપ છે, એટલા માટે આને સાધનાની પણ ચરમસીમા અથવા અંતિમ છેડો મનાય છે.

શ્રુતિ વર્ણન કરે છે કે - अवचनेन ब्रह्म प्रोवाच - બ્રહ્મનું પ્રવચન અવચનથી થયું. બ્રહ્મનું વર્ણન અવચનથી જ થઈ શકે છે. જ્યાં શબ્દોનો ઉપયોગ થયો, ત્યાં ગડબડ થઈ જાય છે. આત્મા શાંત છે, આટલું બોલવાથી અશાંતિ થઈ જાય છે. જો શબ્દો દ્વારા આત્માને પ્રગટ કરવો પડે તો દ્વૈત સિવાય બીજો કોઈ ઉપાય નથી. અને એટલા માટે અદ્વૈત પ્રગટ કરવું છે તો મૌનમ.

શ્રુતિમાં એક વાર્તા છે - બાષ્કલિએ બાધ્વ ઋષિને પ્રશ્ન પૂછ્યો - આત્મા શું છે, એ હું જાણવા માગું છું. તો ગુરુ શાંત રહ્યા. શિષ્યે બીજી વાર પૂછ્યું, તો પણ ગુરુ તો શાંત જ રહ્યા. આવી રીતે ત્રણ વાર પૂછવામાં આવ્યું અને ત્રણેય વાર ગુરુ શાંત જ રહ્યા, ચોથી વખતે શિષ્યે કહ્યું, ''હું ત્રણ-ત્રણ વાર પૂછ્યા કરું છું અને તમે ઉત્તર આપતા નથી.'' ત્યારે ગુરુએ કહ્યું, ''મેં ત્રણ-ત્રણ વાર ઉત્તર આપ્યો અને એટલો ઉત્તમ રીતે ઉત્તર આપ્યો કે જેનાથી વધુ ચઢિયાતી રીત જ ન હોઈ શકે, અને તો પણ તું એને સમજી શક્યો નથી. જે ન બોલવાથી પણ નથી સમજાતું, તે બોલવાથી કેવી રીતે સમજાશે ?'' પછી એમણે શબ્દોમાં વર્ણન કર્યું - उपशांतोऽयमात्मा ।

બાધ્વ ઋષિએ આ જે કહ્યું કે આત્માનું સ્વરૂપ શાંત છે, તો એનો અનુભવ કેવી રીતે કરાય ? તે તત્ત્વ દૂર-નજીક, અંદર-બહાર, ચર-અચર, બધામાં છે. તે તત્ત્વ આટલું વ્યાપક છે. મનુષ્ય જ્યારે આ વ્યાપકતાને ઓળખે છે તો તે શાંત થઈ જાય છે. જ્યારે તે ઓળખી લે છે કે મૂળ વસ્તુ તો એક જ છે, ત્યારે તે બધાં બાહ્ય વ્યવહાર કરતા હોવા છતાં પણ એકદમ નિરહંકાર રહે છે. તે માટીમાંથી ઘડો બનાવે છે તો તે કોઈ નવી વસ્તુ તો બનાવતો નથી. કોઈકે લાકડામાંથી ટેબલ બનાવ્યું. એના માટે એણે ઘણી મહેનત કરી, કુશળતાપૂર્વક કામ કર્યું. તેમ છતાં એ ટેબલમાં લાકડા સિવાય બીજું કશું નથી. લાકડું જ લાકડું છે. મનુષ્ય પોતાના ઉપયોગ માટે જુદી જુદી વસ્તુઓ બનાવે છે, એનાથી મૂલ વસ્તુમાં કોઈ ફરક આવતો નથી. જે કોઈ આ મૂળ વસ્તુને ઓળખે છે, એને બાહ્ય રૂપાંતરનો કોઈ મોહ હોતો નથી. આ બાહ્ય રૂપાંતર પોતાના મનને અનુરૂપ થયું તો ખુશી નથી અને મનને અનુરૂપ નથી થયું તો દુઃખ નહીં. તે દરેક પરિસ્થિતિમાં શાંત જ રહે છે.

## સૂક્ષ્મ

આત્મા અંદર-બહાર, ચર-અચર, દૂર-નજીક પ્રત્યેક સ્થાને હાજર છે. એ આત્માને અધિષ્ઠાન, અધિષ્ઠાતૃ દેવતા, અભિમાની દેવતા કહે છે. આવી રીતે આત્મા સર્વત્ર ભરેલો હોવા છતાં પણ સૂક્ષ્મતાને લીધે જાણી શકાતો નથી. એને ગીતા अणोर अणीयान् કહે છે. અર્થાત્ આત્મતત્ત્વ સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ છે. એનું ચિંતન કરવું શક્ય જ નથી. ગીતામાં એને सूक्ष्मत्वात् तद् अविज्ञेयम् (ગીતા ૧૩ઃ૧૫) પણ કહેવાયો છે. સૂક્ષ્મ એટલે માણસની વિચાર કરવાની શક્તિની પહોંચની બહાર, એવો નિરયવય. ભાગવત પણ કહે છે, 'सूक्ष्मत्वात् तत् न दृश्यते ।

આત્મા અત્યંત સૂક્ષ્મ છે. તું આત્મા છે, આ સમજાવવા માટે પિતાએ શ્વેતકેતુને કહ્યું કે સામે રહેલા વૃક્ષનું ફળ લઈને આવ. તે લઈ

(જુઓ પાન નં. ૨૨)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# માનવીના સ્વભાવના સંબંધમાં બંનેના વિચાર

**મા**નવીથી શ્રેષ્ઠ કશું જ નથી. માનવી જ સમસ્ત આકર્ષણનો વિષય છે. પ્રત્યેક વ્યક્તિમાં ઈશ્વરનો વાસ છે. જગત અને આત્માને માનવામાં જ્યાં બૌદ્ધિક ઉડાન પોતાની ઉચ્ચતમ સીમા પર પહોંચી જાય છે, જ્યારે યથાર્થમાં તે વિચારણીય જ રહે છે. વિભિન્ન 'વાદો'માં વ્યક્તિના સ્વરૂપના સંબંધમાં વિભિન્ન કલ્પનાઓ કરવામાં આવી છે. શંકરાચાર્યએ પોતાના દર્શનમાં જીવન અને જગત આ બંને પ્રશ્નોની પૂર્ણતા લાવી દીધી છે. માર્કસવાદી દર્શનમાં ઇન્દ્રાત્મક ભૌતિકવાદ એક એવું મહાબ્રહ્મ બની ગયું છે, જેમાં વ્યક્તિનું અસ્તિત્વ જ શૂન્યમાં વિલીન થઈ જાય છે. વિશ્વ મોટું છે, જીવન વિશ્વથી મોટું છે, પરંતુ માનવ જીવનથી પણ મોટો છે. માનવીને માટે જ સમાજ અને વિશ્વ, ધર્મ અને પુણ્ય વગેરેની સમસ્ત વ્યૂહ-રચના થઈ છે. આ સત્યને માનતા અધ્યાત્મવાદી આધુનિક વિચારકોએ વેદાંતની પણ માનવીય વ્યાખ્યા કરી છે.

સ્વામી વિવેકાનંદે પોતાના વેદાંતમાં માનવીના વાસ્તવિક, સામાજિક અને વ્યાવહારિક પાસાનું સબળ વર્ણન કર્યું છે. લોકમાન્ય તિલક, ગાંધીજી અને વિનોબા ભાવેએ પણ વિવેકાનંદના કર્મયોગથી પ્રભાવિત થઈને માનવીને દેવતા માની સમાજસેવાને શ્રેષ્ઠ માની છે. ગાંધીજી આ શ્રેણીના વિચારક છે. રવીન્દ્રનાથ ટાગોરે પણ માનવ-વિમુખ પલાયન વૃત્તિને ભગવાન-પ્રેમની વિપરીત માનેલ છે. આથી જ તેઓએ 'ગીતાંજલિ'માં લખ્યું છે - 'ઈશ્વરનું સ્થાન ગરીબો, વિનમ્ર લોકો અને અભાવગ્રસ્ત લોકોની વચ્ચે છે. આથી કોઈ પણ પરિસ્થિતિમાં માનવીએ ઈશ્વરથી વિમુખ થવું ન જોઈએ.' 'ગીતાંજલિ'નાં આ વાક્યોમાં દયા અને માનવીય કરુણાનો અંતિમ ઉત્કર્ષ છે. બ્રહ્મવાદી રાજા રામમોહન રાયે અમૂર્તને અધ્યાત્મ નહીં, બલકે જીવને જ પરમ બ્રહ્મ માનેલ છે.

સંત ચંડીદાસે પણ એ જ ગાયું છે કે 'સાબાર ઉપર માનુષ સત્ય તાહાર ઉનર નાઇ.' શિવભક્તોના 'કામોત્સવ'માં અને આધુનિક બંગાળના વિચારકોમાં માનવીને જ દર્શનનું મુખ્ય બિંદુ માનવામાં આવેલ છે. આ પરથી આપણે કહી શકીએ કે માનવી જ સમસ્ત આકર્ષણનો વિષય છે. વ્યક્તિ જ પરમ પુરુષાર્થ છે. પ્રત્યેક વ્યક્તિ ઈશ્વરનું રૂપ છે. તેથી માનવીથી શ્રેષ્ઠ કશું જ નથી.

માનવી સ્વભાવથી દુષ્ટ છે કે સાધુ - તે એક વિવાદનો વિષય છે. મીમાંસા દર્શન અનુસાર માનવ સ્વભાવનો સાર કર્મ છે. 'કર્મમયં પુરુષઃ' । મહર્ષિ અગત્સ્યએ 'વિશુદ્ધિ મનસઃ પરા' કહીને અંતઃકરણની શુદ્ધિને સૌથી મોટું તીર્થ માન્યું છે. જીવ-વિજ્ઞાનમાં ડાર્વિને જીવ-સંગ્રામને જ માનવ સ્વભાવનું મુખ્ય લક્ષણ ગણાવ્યું છે. મનોવિજ્ઞાનમાં ફ્રોયડ વગેરે વિચારકોએ અચેતનની ઇચ્છાઓ અને આકાંક્ષાઓના આધાર પર માનવીનું દરેક કાર્ય અને તેની દરેક પ્રવૃત્તિને સ્વીકાર્યાં છે. કેટલાક અન્ય વિચારકો અનુસાર, માનવી સ્વભાવથી તો એક સ્વાર્થી પ્રાણી છે, પરંતુ તે સમજી લે છે કે સ્વાર્થસુખને માટે તેને અન્યની સાથે કેટલીક સમજૂતી-સમાધાન કરવાં જરૂરી છે અને એટલા માટે તે એક પ્રકારનું સામાજિક અનુબંધ કરી લે છે. આ પ્રકારના વિચારકોમાં હૉબ્સ, લૉક અને રૂસો છે. સમાધાન સિદ્ધાંતના પ્રથમ વિચારક થૉમસ હોલ્સનું કહેવું છે કે રાજનીતિક સમાજનું પ્રત્યેક અધ્યયન માનવ-સ્વભાવના ચિંતનથી શરૂ થવું જોઈએ. માનવસ્વભાવ સંબંધિત તેમના વિચાર 'લેવિયાથન'માં મળે છે, જેમાં તેઓએ માનવીને એક સ્વાર્થી અને ભયગ્રસ્ત પ્રાણી ગણાવેલ છે, જે સદા પોતાનાં જ હિત સાધવાની ચેષ્ટામાં લાગેલો રહે છે. પોતાના સ્વાર્થ માટે તે નિરંતર લડાઈ-ઝઘડો કરતો રહે છે. તેનો મુખ્ય ઉદ્દેશ પોતાના યશને વધારવાનો હોય છે. તેનામાં શક્તિ વૃદ્ધિની ઇચ્છા હંમેશા બળવત્તર રહે છે.

આ જ ઇચ્છા તેને હંમેશાં ક્રિયાશીલ રાખે છે અને તે એટલી તીવ્ર હોય છે કે તેના કારણે તે સતત બેચેન રહે છે. માનવીની આ ઇચ્છા ત્યારે જ લુપ્ત થાય છે જ્યારે તેનું અવસાન થાય છે. હૉબ્સે બધાં માનવપ્રાણીઓને સમાન પણ ગણાવ્યાં છે અને કહ્યું છે કે તેમાં કોઈ બહુ મોટું અંતર કે વિષમતા નથી. શારીરિક કે માનસિક શક્તિઓથી બધા માનવી એટલા બરાબર છે કે એક વ્યક્તિ બીજી વ્યક્તિથી શારીરિક રૂપે વધારે બળવાન કે બુદ્ધિમાં તીવ્ર હોઈ શકે છે, પરંતુ તેનાથી વધારે માનવી-માનવીમાં અંતર નથી. હૉબ્સે માનવીને એટલો વધારે આત્મ-કેન્દ્રિત અને સ્વાર્થી પ્રાણી ગણાવેલ છે કે જાણે તેનામાં નિઃસ્વાર્થતાનો ગુણ છે જ નહીં. તેમના મતાનુસાર પોતાનો સ્વાર્થ સાધવા જ તે સમાધાન કરે છે.

સમાધાનવાદી વિચારક લોક માનવીને સહયોગી અને સામાજિક ગણાવે છે. તેમના અનુસાર માનવી સ્વભાવથી જ એક એવું સામાજિક પ્રાણી છે જે પરસ્પર સહયોગ, પ્રેમ, દયા અને સદ્‌ભાવનાના આધાર પર અન્ય વ્યક્તિઓની સાથે સંબંધ રાખતા પોતાનું જીવન વ્યતીત કરે છે. રૂસોએ આ બંનેની વચ્ચેનો માર્ગ પસંદ કર્યો છે. તેઓએ માનવીને નિર્દોષ, નિષ્પાપ અને પશુ-તુલ્ય સ્વભાવવાળો માન્યો છે. તે નૈતિકતાના વિચારોથી રહિત અને સહજ ભાવનાથી કામ કરવાવાળું બુદ્ધિહિન પ્રાણી છે.




પ્રાચીન યુનાની વિચારક પ્લેટો માનવીના આદર્શ રૂપમાં વિશ્વાસ ધરાવે છે અને તેમના અનુસાર માનવીમાં સત્, રજ અને તમ ગુણ હોવા જોઈએ. માનવમનને તેઓએ વિવેક, સાહસ અને તૃષ્ણા આ ત્રણ ભાગોમાં વહેંચી લીધેલ છે અને તેમનો વિચાર છે કે જો માનવીના આ ત્રણેય ગુણ પોત-પોતાનાં નિર્દિષ્ટ કાર્યોને કરતા જાય તો તેના વ્યક્તિત્વનો



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

સમુચિત વિકાસ થઈ શકે છે. પ્લેટોએ માનવીના એ આદર્શ સ્વરૂપમાં એટલો વિશ્વાસ કર્યો છે કે રાજ્યને પણ તેઓએ આ જ ત્રણ ગુણોનું સમષ્ટિગત રૂપ ગણાવ્યું છે અને એ જ આધાર પર તેઓએ રાજ્યની કલ્પના કરી છે. અરસ્તુના વિચાર પણ તેને મળતા છે. તેઓએ પણ માનવીનાં કાર્યોને બે ભાગોમાં વહેંચ્યાં છે : (૧) વિવેકપૂર્ણ અને (૨) અવિવેકપૂર્ણ. તેમનો વિચાર છે કે જ્યારે માનવીનાં વિવેકપૂર્ણ કાર્યોની અવિવેકપૂર્ણ કાર્યો પર જીત થાય છે, ત્યારે તે આદર્શ પુરુષ બની શકે છે.

ઉપયોગિતાવાદી દાર્શનિક બેન્થન અને મિલે માનવસ્વભાવની વ્યાખ્યા સુખ અને દુઃખના ધોરણ પર કરી છે. તેમનો વિચાર છે કે માનવી દ્વારા કરવામાં આવેલ દરેક કાર્ય સુખ-દુઃખથી પ્રભાવિત હોય છે અને તેનું ધ્યાન રાખી દરેક માનવી પોતાનું કાર્ય કરે છે. માનવીનું અધિકતમ હિત જ માનવસ્વભાવનું લક્ષ્ય છે.

વ્યક્તિવાદી વિચારકોએ પણ માનવસ્વભાવની વ્યાખ્યા કરી છે. એ વિચારક માનવીને રાજ્યમાં પ્રાથમિક સ્થિતિ પ્રદાન કરે છે, અને એમ જણાવે છે કે રાજ્યએ વ્યક્તિના હિતમાં કયાં કાર્યો કરવાં જોઈએ. તેમને વિશ્વાસ છે કે પ્રત્યેક વ્યક્તિનું અલગ-અલગ વ્યક્તિત્વ હોય છે અને તેની પોતાની વિશેષતાઓ હોય છે. એટલા માટે ન્યાયઉચિત એ છે કે પ્રત્યેક વ્યક્તિને પોતાના વ્યક્તિત્વના વિકાસની પૂર્ણ તક પ્રદાન કરાય. જો વ્યક્તિ પૂર્ણ થઈ જાય તો સમાજમાં અરાજકતા નહીં રહે. વ્યક્તિવાદી વિચારક માનવીને એક નૈતિક પ્રાણી માને છે અને તેમાં દયા, પ્રેમ વગેરે ભાવનાઓ છે અને દરેક વ્યક્તિનો વિકાસ થાય, એમ ઇચ્છે છે. તેઓ માનવીના અધિકતમ કલ્યાણમાં વિશ્વાસ કરે છે. સમાજશાસ્ત્રીઓએ સામાજિક ઉપકરણોના આધાર પર માનવીની વ્યાખ્યા કરી છે. તેમના અનુસાર માનવી મૂળે અને અનિવાર્ય રીતે એક સામાજિક પ્રાણી છે. સમાજથી અલગ થઈને તે જીવી નથી શકતો. કેટલાક અસ્તિત્વવાદી અને માનવવાદી વિચારક એવા છે જેઓ એમ માને છે કે માનવીના સાર્વભૌમ અને અનિવાર્ય ગુણોની શોધ જ વ્યર્થ છે, કેમ કે મનુષ્ય એક એવો વિચિત્ર જીવ છે કે તેનામાં મુખ્યતા તેના જાતીય ગુણોની નથી, બલકે તેના વ્યક્તિગત ગુણોની છે. આ વિચારકો અનુસાર દરેક માનવી પોતાનામાં વિશિષ્ટ છે. આથી તેનામાં કેટલાંક એવાં વિશિષ્ટ લક્ષણ છે જે માત્ર તેનામાં જ છે. અસ્તિત્વવાદી વિચારક તો ત્યાં સુધી માને છે કે જો માનવીનું કોઈ વિવરણ માનવીની આ વિશિષ્ટતા પર ધ્યાન નથી આપતું તો તે માનવીનું યથાર્થ વર્ણન થઈ જ નથી શકતું.

ગાંધીજીનો વિચાર આ બધાથી અલગ છે. સામાન્ય રીતે એમ કહી શકાય છે કે માનવ-સ્વભાવમાં જો ઉત્તમતા નથી તો પછી ઉત્તમતાનું સ્વપ્ન જોવું જ વ્યર્થ છે. ગાંધીજીનું કહેવું છે કે માનવી એક જટિલ પ્રાણી તો છે જ. શરીર માનવીની બાહ્ય બાજુ છે જે દેખાય છે. પરંતુ આ પક્ષ સુધી જ માનવી સીમિત નથી, કેમ કે તેમાં કેટલીક એવી વિશેષતાઓ પણ છે જે તેના ભૌતિક સ્વરૂપથી સર્વથા ભિન્ન છે. તેમાં માનવીય ચેતના છે, વિવેક-શક્તિ છે, ભાવનાઓ અને આકાંક્ષાઓ છે જેને માત્ર ભૌતિક ન કહી શકાય. ગાંધીજીના મતાનુસાર તેની આ બધી વિશેષતાઓ જ તેની વાસ્તવિકતાની અભિવ્યક્તિ છે, માનવ આત્મા છે. ગાંધીજીએ કહ્યું હતું કે, ''હું ઈશ્વર તરફ એટલા માટે માનવતાની નિરપેક્ષ એકતામાં વિશ્વાસ કરું છું.'' ગાંધીજીનો માનવ-સ્વભાવમાં વિચાર ભારતીય માનવવાદથી પ્રભાવિત છે. ભારતીય માનવવાદ વિશ્વમાં એ તત્ત્વને માને છે જે માનવીમાં છે, અને માનવીમાં એ તત્ત્વને માને છે જે વિશ્વમાં છે અને એટલા માટે મનુષ્યની આસ્થાને માત્ર મનુષ્ય સુધી સીમિત ન રાખતાં બધાં પ્રાણીઓ, એટલે સુધી કે ઝાડ-છોડ સુધી વધારી દે છે. ગાંધીજી એમ માને છે કે માનવીના સ્વભાવમાં દૈવી તત્ત્વ છે અને એટલે તે પશુમાંથી વિકસિત હોવા છતાં પણ તેનાથી ભિન્ન છે. માનવી એક વિકસિત પ્રાણી છે અને તેનો ધર્મ અહિંસા છે. ધાર્મિક દાર્શનિકો અનુસાર જ ગાંધીજીએ માનવીને પશુ અને ઈશ્વરની વચ્ચેની કડી માનેલ છે. માનવી સ્વભાવ પ્રમાણે પાશવિક જીવનની તરફ ભાગે છે, પરંતુ તેનો ધર્મ ઈશ્વરની તરફ જવાનો છે. એટલે ગાંધીજીએ લખ્યું છે - ''માનવીની ગરિમા એક ઉચ્ચતર નિયમ આત્માની શક્તિ પ્રત્યે તેની આજ્ઞાકારિતા ઇચ્છે છે.''

ગાંધીજીના મતાનુસાર માનવી પશુ ન હોતાં દૈવી પ્રાણી છે. માનવીની તેની એ ધારણા જ સત્ય અને અહિંસા પર તેના વિશ્વાસનો આધાર છે. પોતાના ઇતિહાસદર્શનને સ્પષ્ટ કરતાં તેઓ લખે છે - ''જો આપણે એ કાળની તરફ નજર કરીએ જ્યારથી ઇતિહાસ શરૂ થયો છે, ત્યારે આપણે એ જોઈ શકીશું કે માનવીએ અહિંસાની તરફ સતત પ્રગતિ કરી છે.'' ગાંધીજીના મતાનુસાર માનવઇતિહાસ ક્રમશઃ અહિંસા તરફ આગળ વધી રહ્યો છે. એટલા માટે તેઓ ક્યાંય પણ અહિંસાના પ્રશ્ન પર સમાધાન કરવા માટે તૈયાર નહોતા. પછી ભલે તેના માટે ગમે તેટલા ત્યાગની જરૂર કેમ ન પડે.

માનવીમાં વિદ્યમાન આ ઈશ્વરીય અંશને જ ગાંધીજીએ 'અનિવાર્ય શુભત્વ' કહ્યું છે. અર્થાત્ દરેક માનવી પોતાના અંતરમાં અનિવાર્યપણે 'સારો માનવી' છે. ઉપરથી પોતાના સાંસારિક વ્યવહારોમાં તે ક્રૂર સ્વાર્થી હોઈ શકે છે, પરંતુ પોતાના અંતરમાં દરેક એવી વ્યક્તિ પણ સારો માનવી છે. જો તેની ઉત્તમતાને અને તેના શુભત્વને જગાડી શકાય તો એ જ ભારે ક્રૂર અને સ્વાર્થી માનવી શુભત્વનું જીવતું-જાગતું રૂપ બની જાય છે. એટલા માટે તેઓએ લખ્યું છે : ''હું માનવ-સ્વભાવને શંકાથી જોવાનો વિરોધી છું. તે કોઈ સહયોગી અને સારાં કાર્યોથી બદલી શકે છે.'' આ પ્રકારનો પ્રભાવ એ કારણે શક્ય થાય છે, કેમ કે દરેક વ્યક્તિમાં ઉત્તમતાનો અંશ વિદ્યમાન છે જે આધ્યાત્મિકતાના સંસર્ગથી જાગી ઊઠે છે અને વ્યક્તિનું આ જ 'શુભત્વ' ગાંધીજીને વિશ્વાસ અપાવે છે કે ઈશ્વર એક છે, દરેક વ્યક્તિમાં ઈશ્વરત્વનો વાસ છે અને એટલા માટે દરેક વ્યક્તિ સમરૂપ છે. આ તથ્યને સ્પષ્ટ કરતાં ગાંધીજી કહે છે - ''હું ઈશ્વરના એકત્વમાં શ્રદ્ધા ધરાવું છું. માનવતામાં પણ મને શ્રદ્ધા છે. જોકે આપણે લોકો પાસે આપણું શરીર છે, પરંતુ આત્મા એક છે જેમ કે સૂર્યમાંથી અનેક કિરણો નીકળે છે, પરંતુ તેનો સ્રોત એક છે.'' એક સાચા માનવવાદીની સમાન ગાંધીજી માનવીના ઉજ્જવળ ભવિષ્યમાં આસ્થા ધરાવે છે. તેઓ નિરાશાવાદી નથી. તેમને વિશ્વાસ છે કે આ પૃથ્વી પર સત્ય અને



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

અહિંસાને સ્થાપિત કરી શકાય છે. હજારો વર્ષથી માનવસમાજ આ પૃથ્વી પર નિરંતર ચાલતો આવે છે અને પરસ્પરનો સંઘર્ષ છતાં માનવી આજે પણ જીવિત છે, જે આ માનવીના ઉજ્જવળ ભવિષ્યમાં આસ્થાની તરફેણનો સૌથી મોટો પુરાવો છે.

ગાંધીજીને દઢ વિશ્વાસ છે કે આ મૂળ એકતાની અભિવ્યક્તિ વ્યક્તિગત અને સામાજિક બંને જીવનમાં હોય છે અને એ આધ્યાત્મિકતા જીવનના દરેક પાસામાં કારગત છે – પછી તે ભલે રાજકીય બાજુ હોય કે આર્થિક કે પછી કોઈ અન્ય. માનવસ્વરૂપની આ જે વિશિષ્ટતા છે, તે તેને સમગ્ર વિશ્વમાં એકરૂપ કરી દે છે.

માનવપ્રકૃતિની ઉપરોક્ત ધારણાના આધાર પર જ ગાંધીજીએ આદર્શ માનવીને સત્યાગ્રહી કહ્યો છે. અર્થાત્ જે માનવી સદા પોતાની માનવતા પર અડગ રહે છે, તે જ આદર્શ માનવી છે. ગાંધીજી જાણતા હતા કે આવું આદર્શ પ્રાણી બની રહેવું એ કપરું કામ છે, પરંતુ તેઓએ કહ્યું છે કે – ''આપણે આપણા આદર્શના વિષયમાં નિશ્ચિત થવું જોઈએ. આપણે તેને પ્રાપ્ત કરવામાં સદા સફળ થઈશું, પરંતુ આપણે ક્યારેય પણ તેને પ્રાપ્ત કરવાના પ્રયાસથી પાછળ ન હટવું જોઈએ.''

ગાંધીજીના વિચારોથી પ્રતીત થાય છે કે આપણી સંપૂર્ણ સામાજિક–રાજનીતિક અને સાંસ્કૃતિક વ્યવસ્થાનો મૂળ આધાર માનવીને સ્વભાવથી સારો માની લેવા પર ટકેલો છે. રાજશાસ્ત્રના વિકાસ-ક્રમમાં સંસદીય પ્રજાતંત્ર પ્રણાલીની આધારશીલા માનવ-સ્વભાવની સાધુતાના વિશ્વાસ પર જ ટકેલી છે. માનવ-સ્વભાવના જે દુર્ભાવનું આપણે તેમાં આરોપણ કરીએ છીએ, તે વાસ્તવિક અર્થમાં તેનો જન્મજાત સ્વભાવ નહીં, બલકે વાતાવરણથી પામેલ વિભાવ માત્ર છે. માનવીય સંસ્કૃતિના વિકાસનો ઇતિહાસ અને ખાસ કરીને માનવકલ્યાણના નિમિત્ત વિજ્ઞાનનું અનુપમ યોગદાન માનવીના અંતર્નિહિત સદ્‌વિચારમાં વિશ્વાસ વ્યક્ત કરે છે. આચાર શાસ્ત્રની આધારશીલા પણ આત્મ-સ્વાતંત્ર્યની સાથોસાથ વ્યક્તિના વિવેક પર જ સ્થિર છે. નૈતિકતાનું નિર્ધારણ કરવાવાળી આપણી ઐચ્છિક ક્રિયાઓ આપણી વિવેકબુદ્ધિ પર જ આશ્રિત છે. ધર્મશાસ્ત્રની ધારણા પણ માનવસ્વભાવની સાધુતા પર જ ટકેલી છે. જીવન-દર્શનના દષ્ટિક્રમમાં પણ માનવીને સ્વભાવ અનુસાર દુષ્ટ માની લેવામાં સમસ્ત માનવજાતનું અપમાન તો છે જ, નિરાશાવાદ પણ છે. એટલા માટે જો આપણે માનવસ્વભાવની ઉત્તમતાનો સ્વીકાર કરી લઈએ તો માનવસમાજની ઉન્નતિ શક્ય બનશે – આ જ ગાંધીજીની શ્રદ્ધા છે.

**માનવસ્વભાવ સંબંધિત શ્રીઅરવિંદના વિચાર :**

શ્રીઅરવિંદની રાજનીતિનો એક આધ્યાત્મિક આધાર છે. ખરેખર તેઆ એક રાજનીતિજ્ઞ નહીં, બલકે એક યોગી હતા. એટલે તેમની રાજનીતિ એક યોગીની રાજનીતિ હતી, જે મૂળે અધ્યાત્મમાં જ રુચિ લે છે. ડૉ. કર્ણસિંહે પોતાના પુસ્તક 'ભારતીય રાષ્ટ્રવાદ કે સંદેશવાહક'માં લખ્યું છે કે – ''અરવિંદના રાજનીતિક ચિંતનનો સુદઢ આધાર તેમના ગહન આધ્યાત્મિક વિશ્વાસમાં છુપાયેલો હતો. અને તેમાંથી જ તે ચિંતનનો વિકાસ થયો. તેમના માટે રાજનીતિ વ્યક્તિગત, રાષ્ટ્રીય અને વૈશ્વિક આધ્યાત્મિક વિકાસના સિદ્ધાંતનું એક વિસ્તરણ જ હતું.''

માનવસ્વભાવ સંબંધિત શ્રીઅરવિંદના વિચાર અધ્યાત્મથી જ પ્રભાવિત લાગે છે. 'ધી લાઈફ ડિવાઈન'માં તેઓ લખે છે : 'માનવી વ્યક્તિગત અને સામાજિક અનુભવ તથા વિશ્વમાં આત્મ-અભિવ્યકિતને માટે મન, જીવન અને શરીરને પ્રયોગ કરવાવાળો એક આત્મા છે.'

શ્રીઅરવિંદ માને છે કે વ્યક્તિ સમસ્ત વિશ્વમય ચેતનાનું કેન્દ્ર છે અને માનવીનું એ રૂપ જે આપણને ઇન્દ્રિય આશ્રિત પ્રત્યક્ષમાં દેખાય છે, તે માનવીનું વાસ્તવિક રૂપ નથી. તેઓ સ્વીકાર કરે છે કે આપણામાં હજુ માનવીના વાસ્તવિક પરિપ્રેક્ષ્યને સમજવાની ક્ષમતા ઉત્પન્ન થઈ નથી. 'ધી લાઈફ ડિવાઈન'માં તેઓ લખે છે : ''આપણામાં વિવિધ શક્તિઓ છે, એ શક્તિઓનું આપણી ચેતનાને સર્જિત કરવામાં યોગદાન છે, પરંતુ આ પ્રકારથી સર્જિત ચેતનાથી જે પ્રાપ્ત થાય છે, તે ઉપરનું જ છે, ધરાતલી જ છે.''

મનુષ્યના જ્ઞાનની આ અપૂર્ણતાનું મૂળ કારણ એ જ છે કે માનવીની બે બાજુ છે – (૧) બાહ્ય અને (૨) આંતરિક. બાહ્ય બાજુમાં આપણને દેખાય છે અને આ બાજુ આપણા અસ્તિત્વની એ બાજુ છે, જે આપણી જાગૃત ચેતનાવસ્થામાં દેખાય છે. તે ઉપરાંત એક ઉપચેતનાની અવસ્થા હોય છે, જે શ્રીઅરવિંદની અનુસાર આપણા ભૂતકાળનાં સાહચર્યો, સંસ્કારો, પ્રવૃત્તિઓ, કર્મો વગેરેનથી બનેલી બાજુ છે. આ રીતે શ્રીઅરવિંદ માનવીનાં ૩ સ્તરોની વાત કરે છે. પ્રથમ તો બાહ્ય સ્તર છે – તેની સત્તાની એ બાજુ છે જે બાહ્ય ચેતનાથી ઉજાગર થાય છે. તેની સત્તાની બીજી બાજુ છે – ચૈત્ય પુરુષ, જે તેને ભૌતિક, પ્રાણરૂપ અને માનસિક આધાર આપે છે. પરંતુ માનવીની કેન્દ્રિય સત્તા આ બધાથી પર છે, જે આ બધાનો આધાર છે, જેને 'જીવાત્મા' કહેવાયો છે અને જે ઈશ્વરીય છે.

માનવીની કેન્દ્રિય સત્તાનું ઉચ્ચતર સ્તર 'જીવાત્મા' છે અને નિરંતર સ્તર 'ચૈત્ય પુરુષ'નું છે. જે માનવી વિકાસની પહેલાંની અવસ્થા છે, જે વિકાસપ્રક્રિયાની પર છે. પરંતુ જે નિમ્નસ્તર છે, તે વિકાસ-પ્રક્રિયામાં વિકસિત થયેલ માનવનું ચિત્ર છે.

નિષ્કર્ષરૂપે કહી શકાય કે શ્રીઅરવિંદના મતાનુસાર માનવસ્વરૂપની ત્રણ બાજુ સ્પષ્ટ થાય છે – (૧) તેની બાહ્ય બાજુ (૨) તેની આંતરિક બાજુ કે ચૈત્ય પુરુષ (૩) જીવાત્મા છે. પ્રથમ બાજુમાં આપણું ભૌતિક સ્વરૂપ સ્પષ્ટ થાય છે, બીજી અને ત્રીજી બાજુમાં આધ્યાત્મિકતાનું સ્તર સ્પષ્ટ થાય છે. બીજી બાજુ માનવીની એ આધ્યાત્મિક બાજુ છે, જે વિકાસક્રમમાં સ્પષ્ટ થાય છે. તે એ બાજુ છે જે માનવીનું ઉચ્ચતર ઊઠવું અને તેની પરાત્મકતાનો આધાર છે. ત્રીજી બાજુ, માનવીની સત્ બાજુ છે, જે તેની વાસ્તવિકતા છે અને જેની પૂર્ણ અભિવ્યક્તિ જ માનવઅસ્તિત્વની પરિણતિ (પરિણામ) છે.

શ્રીઅરવિંદનું કહેવું છે કે માનવીના સંબંધમાં જે જન્મ, હ્રાસ, મૃત્યુ વગેરેનો પ્રશ્ન ઊઠે છે – તે બધા માનવીની બાહ્ય અને ભૌતિક બાજુથી સંબંધિત છે. ચૈત્ય પુરુષ સૂક્ષ્મ આત્મા છે. આથી તે જન્મ અને મરણથી પર છે. તેનો નાશ થતો નથી અને આ રીતે તે સૂક્ષ્મ આત્મા જ માનવીની આધ્યાત્મિકતાની પ્રગતિનો આધાર છે, જે જન્મ-પુનર્જન્મથી થતો જતો માનવીને પૂર્ણ 'અધ્યાત્મ' – ઈશ્વરત્વ તરફ અગ્રસર કરે છે.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

વ્યક્તિને મોટેભાગે અહંકારી મનાય છે અને તેના અતિરેકને વ્યક્તિત્વનો વિનાશ. તેઓએ ઈશ્વર અને માનવીને સમરૂપ માનેલ છે. ઈશ્વર માનવીમાં છે અને માનવી ઈશ્વરમાં. વ્યક્તિ પોતાનામાં જ સર્વઅતિશાયીને રાખે છે. તે દૈવી સત્તાથી એક થતા જઈ તેને સંસારમાં ભોગવી શકે છે. શ્રીઅરવિંદનો પુનર્જન્મનો સિદ્ધાંત પણ માનવીના સ્વરૂપની વ્યાખ્યા કરે છે. તેઓ માને છે કે આત્માનો પુનર્જન્મ થાય છે અને પ્રત્યેક વ્યક્તિ પોતાનાં કર્મનું ફળ પામે છે.

શ્રીઅરવિંદનો વિચાર એ છે કે કોઈ વ્યક્તિનો વિકાસ વ્યક્તિગત અને કૉસ્મિક બંને હોય છે. વ્યક્તિનો વિકાસ આવશ્યક છે. આ જ વિકાસને માટે વ્યક્તિને વારંવાર જન્મ લેવો પડે છે. માનવીને વારંવાર ત્યાં સુધી જન્મ લેવો પડશે, જ્યાં સુધી કે વિકાસની પ્રક્રિયા પૂર્ણ ન થઈ જાય.

પુનર્જન્મ શું છે ? તે એક પેચિદો સવાલ છે. તેમાં અનેક પ્રશ્ન ઊઠે છે - શું આત્મા તુરત શરીરમાં પ્રવેશી જતો હોય છે ? જેવો જ તે પહેલા શરીરને ત્યાગે છે કે થોડો સમય રાહ જુએ છે? જ્યાં સુધી કે તે નવા શરીરમાં પ્રવેશ નથી કરતો ? ધર્મના ઇતિહાસમાં બંને વાતો મળે છે. એક તરફ એ વિશ્વાસ છે કે જેવું મૃત્યુ થાય છે, આત્મા બીજું શરીર ધારણ કરી લે છે. બીજી માન્યતા એ છે કે આત્મા મૃત્યુ પછી સ્વર્ગ કે નર્કમાં પોતાનાં કર્મો અનુસાર જાય છે. શ્રીઅરવિંદનું કહેવું છે કે પુનર્જન્મ સાથે સંબંધિત પ્રશ્નનો ખૂબ ટૂંકો જવાબ ન આપી શકાય. તેમના મતે પુનર્જન્મના સિદ્ધાંતની ચર્ચા ત્યાં સુધી કરી શકાય છે, જ્યારે આપણે તેમાં કર્મના સિદ્ધાંતને પણ સામેલ કરીએ.

માનવીનાં વીતેલાં કર્મ અને વર્તમાન કર્મ તેના ભાવી જન્મ અને તેની કર્મ-વિધિને નિર્ધારિત કરે છે. નૈતિક નિયમ છે - ''જેવું તમે વાવશો, તેવું લણશો.'' કર્મના સિદ્ધાંતનો સ્વીકાર કરતાં અરવિંદ કહે છે કે માનવીનાં સારાં કર્મોનું ફળ સારું હોય છે અને ખરાબ કર્મોનું ખરાબ. એમ છતાં શ્રીઅરવિંદે કર્મના સિદ્ધાંતને પૂર્ણપણે નથી માન્યો અને તેની અપૂર્ણતા પ્રકટ કરી છે અને કહ્યું છે કે સૃષ્ટિ આધ્યાત્મિક છે અને આત્મા પૂર્ણપણે કર્મથી સંચાલિત નથી હોતો. 'કર્મ' આત્માનું ઉપકરણ છે, પરંતુ તેની ચિત્ત-શક્તિ જે પ્રાણ, શરીર, મનના માધ્યમમાં પણ કાર્યરત છે, મૂળ છે જે કર્મ સંચાલિત કરી શકે છે.

**મનુષ્યના નૈતિક હોવા સંબંધિત તેમના વિચાર :**

શ્રીઅરવિંદના મતાનુસાર નૈતિકતા આપણાં લક્ષ્યોને પ્રાપ્ત કરવાનું એક સાધન છે. મનુષ્યનું પરમ લક્ષ્ય ઈશ્વરનો સાક્ષાત્કાર છે. તેનાથી મનુષ્યના પ્રત્યેક કાર્યને મૂલ્ય પ્રાપ્ત થાય છે. નૈતિકતાના આ સિદ્ધાંતનું ભારતના બધા વિચારકો જેમ કે - ગાંધીજી, રવીન્દ્રનાથ ટાગોર અને સ્વામી વિવેકાનંદે સમર્થન કર્યું છે. એવી નૈતિકતાનો વિચાર ગીતામાં પણ મળે છે. આ રીતે શ્રીઅરવિંદે માનવીના આત્મસાક્ષાત્કારનો નૈતિક સિદ્ધાંત ઉપસ્થિત કર્યો છે. તિલકની જેમ જ શ્રીઅરવિંદે જીવનમાં કર્મને વિશેષ મહત્ત્વપૂર્ણ માન્યું છે. તેઓના અનુસાર આદર્શ વ્યક્તિ ન તો પોતાને માટે અને ન સમાજને માટે જ કર્તવ્ય કરે છે, બલકે તે કર્તવ્યને માટે કર્તવ્ય કરે છે.

આનાથી સ્પષ્ટ થાય છે કે શ્રીઅરવિંદ માનવને નહીં, બલકે અતિમાનવને મનુષ્યનું લક્ષ્ય માને છે. તેઓએ આત્મ-ત્યાગને માનવીનો વિશેષ ગુણ માન્યો છે. એ આત્મ-ત્યાગ માનવજાતની નૈતિક વૃદ્ધિનું પુષ્પ છે, આત્મા સ્વાર્થી પશુથી નિઃસ્વાર્થ દિવ્ય તત્ત્વ સુધી આપણા ક્રમશઃ ઉત્થાનનું પ્રમાણ છે. સૌથી પહેલાં માનવીનો આત્મા તેના 'સ્વ' સુધી સીમિત રહે છે. તેનાથી જ્યારે તે આગળ વધે છે ત્યારે તે પરિવારના કલ્યાણને પોતાનું કલ્યાણ માનવા લાગે છે. તેનાથી વિકસિત થઈ તે એવો અનુભવ કરે છે કે પરિવારથી પણ વધારે સમુદાય પર તેના અધિકાર છે. આ સામુદાયિક આત્માના ક્રમશઃ વિકાસથી તે રાષ્ટ્ર-આત્મા પર પહોંચે છે. નૈતિક ચેતનાના ક્રમશઃ વિકાસમાં આપણે રાષ્ટ્રથી આગળ વધી સંપૂર્ણ માનવતાની ચેતના પર પહોંચીએ છીએ. તે પછી આપણે પરમઆત્મા સુધી પહોંચીએ છીએ. આ જ આત્માનો સાચો અર્થ છે.

શ્રીઅરવિંદે માનવીના સ્વભાવના મનોવૈજ્ઞાનિક સ્વરૂપ પર વિચાર કર્યો છે. તેઓએ એ વાત ઉપર ભાર મૂક્યો છે કે નૈતિક વિકાસમાં સૌથી વધારે મહત્ત્વ આપણી અંદરની સચ્ચાઈ અને સતત વિકાસનું છે. તેના પૂર્ણ થયા પછી જ મનાવી પોતાના મનપસંદ ભોગોનો આનંદ લઈને પોતાની પ્રવૃત્તિઓને સંતુષ્ટ કરી શકે છે. આંતરિક સચ્ચાઈ અને સતત વિકાસ જ પ્રગતિની આવશ્યક શરતો છે. દમન અને દબાણથી તણાવ અને હતાશા વધે છે. મૂળમાં છે માનવીનું દૈવી આત્માના સાક્ષાત્કાર તરફ સતત આગળ વધતા જવું, કેમ કે જેમ-જેમ માનવી આ માર્ગમાં આગળ વધતો જાય છે, તેમ-તેમ તેની અડચણો પોતાની મેળે જ પૂર્ણ થતી જાય છે.

(ક્રમશઃ)

**- ડૉ. અનુરાધા પ્રસાદ**

અનુ. રાજેન્દ્ર દવે

---

ગુજરાત સર્વોદય મંડળ... (પાન ૦૯નું ચાલુ)

હતું. ગુજરાત સર્વોદય મંડળની સાધનદાન સમિતિનું કામ સંભાળ્યું. ૧૯૬૦માં મંજુલાબહેન સાથે લગ્ન કર્યાં.

વર્ષ ૧૯૬૯થી ૧૯૭૮ના ગાળામાં જગદીશભાઈ લામડાપુરાથી રોજ વડોદરા આવતા હતા. ભૂમિપુત્રના વ્યવસ્થાપક તરીકે, સર્વોદય મંડળના મંત્રી ને પછી મંડળના પ્રમુખ તરીકેની કામગીરી સંભાળી. ૧૯૭૪માં દેશમાં કટોકટી લદાતાં તેનો વિરોધ કર્યો. જેલવાસ ભોગવ્યો.

વર્ષ ૧૯૯૯માં આંખની તકલીફના કારણે ભૂમિપુત્રના સંપાદન કામમાંથી મુક્ત થયા. વર્ષ ૨૦૧૦માં બાયપાસ સર્જરી કરાવી. ધીરે ધીરે યજ્ઞ પ્રકાશનની વહીવટી કામગીરી પણ છોડી. ૨૫ ડિસેમ્બર ૨૦૧૬માં થાપાના હાડકાનું ફ્રેક્ચર થયું. ૨૮-૧-૨૦૧૭ના રોજ પરિવારજનોની હાજરીમાં શાંતિથી દેહ છોડ્યો. તેમનાં વધુ વંચાતાં પુસ્તકોમાં ૦ સમયના સથવારે ૦ સંસ્કાર ગીતો ૦ અંતકડી, તે ઉપરાંત 'શિવામ્બુ' માસિકનું આશરે ૨૪ વર્ષ ઉપરાંત સંપાદન-લેખનનું કામ કર્યું. વર્ષ ૨૦૧૨માં પુસ્તક 'શ્રેયાર્થીની સંઘર્ષ કથા' લખ્યું. તે પુસ્તક તેમણે જીવનનો હિસાબ સમાજને આપવા લખ્યું. નવયુવાનો તેમાંથી ચોક્કસપણે પ્રેરણા પામી શકે તેવું તે સરસ પુસ્તક છે.

**- રજની દવે**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ગુજરાત સર્વોદય મંડળ : એક પરિચય - ૪

**આ**પણે ૧૬-૧૧-૨૦૨૫ના ભૂમિપુત્રમાં સર્વોદય મંડળના ત્રણ પ્રમુખોનો ટૂંકો પરિચય જોયો. આપણે તે પછીના પ્રમુખોનો પરિચય જોઈશું. કાન્તાબહેન શાહ તા. ૯-૪-૬૯ થી ૨૩-૩-૭૩ના રોજ અમુલખભાઈ ખીમાણી પ્રમુખ બન્યા ત્યાં સુધી પ્રમુખપદે રહ્યાં હતાં. અમુલખભાઈ કાન્તિભાઈ શાહ ૧૭-૬-૭૭ના રોજ પ્રમુખ બન્યા ત્યાં સુધી મંડળના પ્રમુખપદે રહ્યા હતા.

■ અમુલખભાઈ વિષે કાન્તિભાઈ શાહ લખે છે - અમુલખભાઈ ૧૮ વર્ષની વયે સાવરકુંડલાથી ભાવનગર સો-સવાસો માઈલ પગપાળા ચાલીને ગાંધીના દર્શન કરવા ગયા હતા. ત્યારથી ખાદી અપનાવી પછી બીજું કોઈ કપડું શરીરે ચડ્યું ન હતું. મીરાંબહેન ભટ્ટ લખે છે - વિનોબાજી અમુલખભાઈને જુએ એટલે તરત ગાય -

*આવતાં ને જાતાં મારગ વચ્ચે અમૂલખ વસ્તુ જડી*
*અંતરમાંથી નહીં રે વિસારું હરિ !*

ચુનીભાઈ વૈદ્ય લખે છે - અમુલખભાઈ ગુજરાત સર્વોદય મંડળના અધ્યક્ષ હતા તે વખતે 'ભૂમિપુત્ર'નો ભાર મેં સંભાળ્યો હતો. ઇંદિરાબહેને લાદેલી કટોકટીનો વિરોધ કરવાનો નિર્ણય એમના અધ્યક્ષપદે કરવામાં આવ્યો હતો. આ કસોટીનો કાળ હતો. ડરી જઈને તટસ્થતાનું વલણ લેવાની સલાહ મંડળને આપી શક્યા હોત, પણ આવો ઈશારો એમના અભિપ્રાયમાં જરા પણ નહોતો વરતાયો.

પૂ. વિમલાબહેન ઠકાર લખે છે - જન્મે જૈન ! ધર્મે માનવધર્મના અને માનવીય મૂલ્યોના આરાધક! કર્મે મહાત્મા ગાંધીપ્રણીત ગ્રામસ્વરાજ્યની સ્થાપના માટે આજીવન મથામણ કરનારા અણનમ યોદ્ધા છે !

પૂ.વિમલાતાઈએ તેમને ૧૯૮૩માં પત્ર દ્વારા જણાવ્યું - શ્રદ્ધેય વિનોબાજીએ તમને ગોવંશવધ-બંધી તેમજ ગોવંશરક્ષાનું કાર્ય સોંપ્યું. અથવા તમે તે શ્રદ્ધાપૂર્વક ઉપાડ્યું. આજે ગુજરાત સર્વોદય મંડળના તમે ઉપાધ્યક્ષ છો અને ગુજરાત ગોરક્ષા સમિતિના અધ્યક્ષ છો. આ બંને જવાબદારીઓ જ્યાં સુધી ઉપાધિરૂપ લાગતી નથી ત્યાં સુધી કામ કરતાં રહેવું. પણ જે દિવસે ઉપાધિ કે બોજારૂપ લાગે તે દિવસે વિના સંકોચે તેમાંથી પણ મુક્ત થવું ઘટે.

અમૂલખભાઈનો જન્મ સૌરાષ્ટ્રના ઉમરાળા ગામે ૨૯ મે, ૧૯૧૬ના રોજ થયો હતો. ૧૯૩૮માં ખાદીકામમાં જોડાયા. ૧૯૪૨ 'ભારત છોડો આંદોલન'માં જોડાયા. ૬ માસ જેલવાસ ભોગવ્યો. ૧૯૪૬માં ગ્રામ સેવા મંડળની સ્થાપના કરી. ત્યારબાદ આરઝી હકૂમત દ્વારા ગાધકડા (ગામ) સર કર્યું. ૧૯૪૯માં પંચાયતના અધિકારી બન્યા, મોટર વાહન મંડળી સ્થાપી. ગિરાસદારી નાબૂદી કાર્યક્રમમાં ભાગ લીધો. ૧૯૫૪-૫૫માં લોકશાળા - ખડસલીની સ્થાપના કરી. ૧૯૬૬, જે.પી.ને મદદ કરવા બિહાર દુષ્કાળ રાહત કાર્ય માટે ગયા. શરીરે સાથ આપ્યો ત્યાં સુધી ગ્રામસેવાનાં કામો કરતા રહ્યા. પૂ. વિમલાતાઈના માર્ગદર્શન તળે પ્રભુપ્રાપ્તિ માટે સાધના કરતા રહ્યા. ૯૦ વર્ષની વયે તા. ૧૧-૮-૨૦૦૬ના રોજ અમદાવાદમાં દેહ છોડ્યો.

■ શ્રી કાન્તિભાઈ શાહ ૧૭-૬-૭૭થી ૧-૭-૭૯ના રોજ, મીરાંબહેન મંડળના પ્રમુખ બન્યાં ત્યાં સુધી, સર્વોદય મંડળના પ્રમુખદે રહ્યા હતા. કાન્તિભાઈ શાહ વિષે નારાયણ દેસાઈ લખે છે - કાન્તિભાઈના જીવનની ઊડીને આંખે વળગે એવી બે લાક્ષણિકતાઓ : ઉત્કટ વિચાર-નિષ્ઠા અને અકૃત્રિમ પ્રેમ. એમની એકાગ્રતા તેમને રુચિના વિષય કે વ્યક્તિ સાથે તન્મય કરી દેતી. એમની અખિલાઈ ભરેલી દૃષ્ટિ એમની પસંદગીના વિષયને સમગ્રપણે આશ્લેશી લેતી. તે જ વિષય અંગેના અન્ય સાહિત્યનું તેઓ તટસ્થતા છતાં આદર સહિત અધ્યયન કરતા. આખો અભ્યાસ ગાંધી-વિનોબાને કેન્દ્રમાં રાખીને તેની આસપાસ પરિક્રમા કરતો.

સ્વામી આનંદે કાન્તિભાઈ વિષે કહ્યું છે - ભાઈ કાન્તિએ વિનોબાજીનું ગાંધીદર્શન વિનોબાજીના પોતાના જ શબ્દોમાં એમનાં અસંખ્ય વચન-પ્રવચનો તેમજ લખાણોમાંથી વીણી ગૂંથી સળંગસૂત્ર કરીને રજૂ કર્યું છે. એ કામમાં તેઓ બેહદ સફળ થયા છે. તેમની ગૂંથણકળા પણ એવી કે આ ડિઝાઈન નકશીદાર સળંગ વણાટનો ગાલીચો, શેતરંજી છે કે કકડા જોડેલા સીવેલ ચંદરવો, એવું ઓસણ સરખું વાચન દરમ્યાન ક્યાંય ન ઊગ્યું.

સુદર્શન આયંગાર લખે છે - કાન્તિભાઈનાં લખાણોમાં વિશ્વ વિચાર પ્રવાહોની ઝલક મળ્યા જ કરતી હતી. તેમનું વાંચન બહુ જ વિશાળ હતું. વિનોબા તથા સર્વોદય વિચાર વિમર્શને આગળ લઈ જનાર અથવા તેને વધુ સંપોષિત કરનારા વિચારો અને વિચારકોને વાંચીને ભૂમિપુત્રના વાચકો સુધી પહોંચાડવાનું કામ તેમણે નિરંતર કર્યું. તેમણે એરિક ફ્રોમ, એલ્વિન ટોફ્લર, ફ્રિટજોફ કાપ્રા, ઈ.એફ. શુમાખર અને વુલ્ફગાંગ ઝેક્સ જેવા ચિંતકોનાં લખાણોમાં રહેલી વિશ્વ વિકાસની તરાહની ઊંડી સમીક્ષા કરી છે, જેમાંથી ૬ પુસ્તકો પ્રાપ્ત થયાં. ૦ શાણો સમાજ ૦ આશાની ક્રાંતિ ૦ જીવનનું સર્વાંગી વિજ્ઞાન ૦ ત્રીજું મોજું ૦ ભૂલ્યા ત્યાંથી ફરી ગણીએ અને વિકાસનાં ખંડિયેરો.

શ્રી જગદીશભાઈ શાહ લખે છે - કાંતિભાઈમાં ઠંડી


અમૂલખભાઈ ખીમાણી


કાન્તિભાઈ શાહ


મીરાબહેન ભટ્ટ


જગદીશભાઈ શાહ



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

તાકાત હતી. હાથમાં ઝંડો લઈને કૂદી પડનારા અને સંઘર્ષ વહોરી લેનારાનું તેમનું કાઠું ન હતું. પણ સાતત્યપૂર્વક લીધેલું કામ પાર પાડવાનું, સાથીઓને સ્નેહ અને પ્રોત્સાહન આપવાનું તેમનું કામ સતત ચાલતું રહ્યું હતું. ભૂમિપુત્ર સાથે તેઓ એકાકાર થઈ ગયા હતા.

તેમનું જીવન અત્યંત સાદું, સ્વાવલંબી, બ્રહ્મચર્યપૂર્વક રહ્યું. સદાય સફેદ ખાદીના લેંઘા-ઝભ્ભામાં જ રહેતા. જાતે કપડાં ધોવાં, વાસણ માંજવાં, ઘંટીએ અનાજ દળવું વગેરે કાર્યો વાંચન જેટલી જ નિષ્ઠા અને ખંતથી તેઓ કરતા હતા.

કાંતિભાઈનો જન્મ ૧૮ ઓગસ્ટ, ૧૯૩૩ના રોજ મુંબઈમાં થયો હતો. ૧૨ વર્ષની વયે ગાંધીનાં દર્શન કર્યાં હતાં. ૧૯૬૦માં ૨૭ વર્ષની વયે મુંબઈ છોડી સર્વોદયના કામમાં લાગ્યા. ભુમિપુત્રનું સંપાદન કામ સંભાળ્યું. ૧૯૭૪ પિંડવળને કાર્યક્ષેત્ર બનાવ્યું. ૧૯૯૫માં વિનોબા સાહિત્ય ખંડ - ૧૫ 'આરોહણ' (૫૫૦ પાનાં) ત્રણ વર્ષની મહેનતના અંતે તૈયાર કર્યો. વર્ષ ૨૦૦૩માં ૭૦ વર્ષની વયે ભૂમિપુત્રના સંપાદનના સીધા કામમાંથી મુક્ત થયા. અલબત્ત, લેખનકાર્ય ચાલુ રહ્યું. ૨૯ એપ્રિલ વર્ષ ૨૦૧૨ના રોજ પિંડવળમાં દેહત્યાગ.

■ મીરાબહેન ૧-૭-૭૯ થી ૮-૩-૮૧ને રોજ ડૉ. જોશી પ્રમુખ બન્યા ત્યાં સુધી ગુજરાત સર્વોદય મંડળના પ્રમુખપદે રહ્યાં હતાં.

મીરાબહેન વિષે મહેન્દ્રભાઈ લખે છે - વિનોબાજીની ભૂદાનયાત્રા દરમ્યાન ૧૯૫૭માં મીરાબહેન (વ્યાસ) સાથે પહેલી મુલાકાત થઈ હતી. સાથે સાથે બે દેશપાંડે બહેનો કુસુમબહેન અને નિર્મળાબહેન પણ મળ્યાં હતાં. સવારના ચાર વાગ્યે ઈશોપનિષદની પ્રાર્થનાથી દિવસ શરૂ થતો હતો. વિનોબાજી ચાલતા ચાલતા મુલાકાતીઓ સાથે વાતચીત કરતા હતા. આ વાર્તાલાપની નોંધ તૈયાર કરવાનું કામ આ ત્રણે બહેનો કરતી હતી. બાહ્ય સાધનો વિના શબ્દોની શક્તિની આરાધના થતી હતી. મહેશભાઈ ભટ્ટ કહે છે - તેઓ સહૃદયી, સ્નેહાળ, મૂલ્યનિષ્ઠ વ્યક્તિત્વ ધરાવતાં હતાં. અર્થોપાર્જન જરૂર પ્રમાણે કર્યું પણ પૈસાને પોતાના પર સવાર ન થવા દીધો. મૃત્યુ સુધી વિનોબા પ્રત્યેની નિષ્ઠા કાયમ રહી.

પ્રા. ગીતાબહેન મહેતા (મુંબઈ) લખે છે - મીરાબહેનની વિનોબાભક્તિ એટલી તીવ્ર હતી કે એનાં દર્શન એમની લેખનીમાં સતત થતાં. તેઓ 'મૈત્રી'માં લખતાં હોય, ભૂમિપુત્રમાં લખતાં હોય કે કટાર લેખિકા તરીકે જન્મભૂમિ પ્રવાસીમાં લખતાં હોય; વિષય ગમે તે હોય, સમાજશાસ્ત્ર કે રાજ્યશાસ્ત્ર, વિનોબાજીના સર્વાંગી દર્શનનો કાંઈક ને કાંઈક અંશ એમના લેખોમાં વણાઈ જ જાય.

મીરાબહેનનો જીવનકાળ ૨૭ સપ્ટેમ્બર ૧૯૩૨થી ૪ નવેમ્બર, ૨૦૧૬ સુધીનો ૮૪ વર્ષનો રહ્યો. ગુજરાત યુનિવર્સિટીમાંથી લૉ ગ્રેજ્યુએટ થઈ ૧૯૫૪માં એડવોકેટ બન્યાં. ૧૯૫૫માં વિનોબાજીની પદયાત્રામાં જોડાયાં. પાંચ વર્ષ યાત્રામાં પસાર થયાં. રાજસ્થાનમાં વિનોબાજીની ભૂદાન યાત્રા દરમ્યાન ૧૯૫૯માં અરુણભાઈ ભટ્ટ સાથે લગ્ન થયાં. જીવનના ચાર દાયકા ભાવનગરમાં પસાર થયા. જીવનનો અંતિમ પડાવ વર્ષ ૨૦૦૫થી વડોદરામાં રહ્યો. મીરાબહેને ઘણું લખ્યું છે. જેમાં સર્વોદય સાહિત્ય છે, જીવન- ચરિત્રો છે, પ્રેરણાત્મક સાહિત્ય છે, મહિલાઓના ચેતના વિકાસ માટેનું સાહિત્ય છે, પત્રકારત્વ-નવલકથા તેમજ અન્ય છે.

તેમનાં પ્રચલિત પુસ્તકોમાં ૦ મિલે સૂર મેરા તુમ્હારા ૦ સાગર પંખી ૦ વિનોબાજીના જીવનપ્રસંગો ૦ ગાંધીયુગની આકાશગંગા ૦ ગાંધીજન તો તેને રે કહીએ ૦ સાત પગલાં સાથે ૦ પ્રેમ કરવાની કળા ૦ આજીવન સત્યાગ્રહી (આત્મારામભાઈ) વગેરેને ગણી શકાય. તેમના મૃત્યુના થોડાક દિવસો પહેલાં તેમણે લખ્યું હતું - માત્ર છેવટની જ નહીં, પરંતુ હવે પછીની એક એક ક્ષણ પ્રભુસ્મૃતિમાં ઝબોળાયેલી રહે એવી જ આકાંક્ષા રહે છે. મૃત્યુની ગોદ મને હૂંફાળી લાગે છે. એમાં હું તમામ ચિંતાઓ અને ચિંતનો ઈશ્વરને સમર્પણ કરી લપાઈને સૂઈ જાઉં છું. પેન્ક્રિયાસમાં કેન્સરની ગાંઠના કારણે ૪ નવેમ્બર ૨૦૧૬ને રોજ વડોદરામાં દેહત્યાગ કર્યો.

■ જગદીશભાઈ શાહ તા. ૯-૫-૮૫થી ચૂનીભાઈ વૈદ્ય ૬-૪-૮૭ના રોજ પ્રમુખ બન્યા ત્યાં સુધી ગુજરાત સર્વોદય મંડળના પ્રમુખપદે રહ્યા હતા.

શ્રી અમૃતભાઈ મોદી લખે છે - જગદીશભાઈ જે પ્રવૃત્તિ કે સંસ્થા સાથે સંકળાય તેને આર્થિક રીતે સ્વનિર્ભર બને એવું આયોજન કરતા હતા. એની કાર્યક્ષમતા જળવાઈ રહે તેની સતત તકેદારી રાખતા હતા. તેઓ કુદરતી કે માનવસર્જિત આપત્તિઓ વખતે સેવાકાર્ય અને શાંતિકાર્યો કરવા ધસી જતા. ગાંધી બુક સેન્ટર, મુંબઈના શ્રી સોમૈયા લખે છે - જગદીશભાઈ જેવી ઉદાર, નિસ્વાર્થ અને માનવતાભરી વ્યક્તિઓ સાવ અલ્પ સંખ્યામાં આપણી વચ્ચે રહી છે.

જગદીશભાઈનો જન્મ ૬-૫-૧૯૩૪ના રોજ બર્મા-મ્યાંમાર (બ્રહ્મદેશ)માં થયો હતો. યુવા વયે તેમણે ઉમાશંકર જોષી, રવિશંકર મહારાજ, બબલભાઈ, નવલભાઈ શાહ, નારાયણ દેસાઈનાં પ્રવચનો સાંભળ્યાં હતાં.

૧૯૫૩માં કૉલેજકાળમાં પણ નારાયણભાઈનાં પ્રવચનો સાંભળ્યાં. વિનોબાનું ગીતા પ્રવચનો પુસ્તક વાંચ્યું. ૧૯/૨૦ વર્ષની વયે ભૂદાન આંદોલન તરફ વળ્યા. પદયાત્રામાં જોડાયા. ભૂમિપુત્રનો પહેલો અંક અમદાવાદથી બહાર પડ્યો હતો ત્યારે વડોદરામાં તેની છૂટક નકલો તેમણે વેચી હતી. થોડોક સમય વેડછીમાં તાલીમ લીધી. સાંઢાસાલ વિસ્તારમાં આશ્રમ ચલાવવાનું અને શિક્ષણના પ્રયોગો કરવાનું કામ કર્યું. ૧૯૫૭થી ભૂમિદાનના કામમાં લાગી ગયા. નારાયણ દેસાઈની નગરયાત્રામાં જોડાયા. વિનોબાજીની કેરલમાં યાત્રા ચાલતી હતી ત્યારે ૧૯૫૭માં પ્રથમ વખત વિનોબાજીનાં દર્શન કર્યાં. ૧૯૫૮માં વિનોબાજીની ગુજરાતયાત્રાનું આયોજન કરવામાં જગદીશભાઈ સક્રિય રહ્યા.

જગદીશભાઈ નોંધે છે - ગુજરાતમાં એક લાખ, ત્રણ હજાર એકર જમીન દાનમાં મળેલી તે પૈકી પચાસ હજાર એકર જમીન દલિતો, ગરીબો, શ્રમજીવીઓમાં વહેંચાયેલી. જે જમીનમાં કોઈ ઝઘડા હોય કે ખેડવાલાયક ન હોય તેવી જમીન જ વહેંચાયા વગરની રહેલી.

જગદીશભાઈએ ગોરક્ષા અને કોમી એખલાસનું કામ પણ કર્યું

(જુઓ પાન નં. ૦૭)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ૧૭૫૦૦ વિદ્યાર્થીઓને સર્જનશીલતા સાથે જોડનાર બાલમંદિરનાં શિક્ષિકા પ્રીતિબહેન ભટ્ટ

**બા**ળકોને પોતાનું સ્વતંત્ર અને આગવું વ્યક્તિત્વ હોય છે. બાળકોને બધું જ પોતાની જાતે કરવું છે. જાતે કામ કરીને બાળક પોતે સ્વાવલંબી બને છે તે પણ તેને પુરવાર કરવું છે. બાલમંદિર હોય કે શાળા હોય કે પછી બાળકના પાલક હોય, પરંતુ સહુની ફરજ છે કે કુટુંબમાં બાળકોને પૂરતી સ્વતંત્રતા આપવી. બાળકને સતત પ્રવૃત્તિશીલ રહેવાનું ગમે છે. પ્રવૃત્તિ દ્વારા બાળકની બુદ્ધિશક્તિનો વિકાસ થાય છે એટલું જ નહિ, પરંતુ તેના હૃદયનો પણ વિકાસ થાય છે. આ હૃદયનું શિક્ષણ જ બાળકને માનવ બનાવે છે.

આજના નાના પરિવારમાં માતા-પિતા પોતાના બાળક માટે પૂરતો પ્રેમ વ્યક્ત કરતાં હોય છે. બજારમાં ઉપલબ્ધ મોંઘાંદાટ રમકડાં કે વસ્તુઓ ખરીદીને પોતાના બાળકને આપતાં હોય છે. પરંતુ આવું કરવાને બદલે માતાપિતા જાતે જ કાંઈક બનાવતાં શીખે તો વધુ નક્કર પરિણામ જોવા મળશે. બાળકને પણ પોતાનાં માતાપિતા કંઈ શિખવાડે તે બહુ ગમે છે. આથી બાળકોનું મન અને બુદ્ધિનું એકાકીકરણ સધાય છે. પરિણામે બાળકમાં વધુ ઝડપથી નવું-નવું અપનાવવાની ક્ષમતા વિકસિત થાય છે. બાળમાનસમાં આ પાયાના સિદ્ધાંતોને લક્ષમાં રાખી ભાવનગરથી શિશુવિહાર સંસ્થાના ઉપક્રમે વર્ષ ૨૦૧૮થી શ્રી મિનાબહેન હેમાણી જીવન કૌશલ્ય તાલીમ કેન્દ્રનો પ્રારંભ થયો છે. પ્રત્યેક શનિવારે ૩૮-૪૦ બાળકો સાંજના ૫.૩૦ થી ૬.૩૦ એકત્ર થાય છે અને શિક્ષિકા શ્રી પ્રીતિબહેન ભટ્ટ તેમને વાર્ષિક આયોજન અનુસાર નિયત પ્રવૃત્તિ માટેનું મટીરીયલ અને તાલીમ આપે છે.

વર્ષ ૨૦૧૨માં શિશુવિહાર સંસ્થામાં ચાલતા બાળ શિક્ષક તાલીમ વર્ગમાં ડિપ્લોમા કરનાર અને ત્યારબાદ સંસ્થાના બાલમંદિરમાં શિક્ષિકા અને હવે આચાર્યા તરીકે સેવાર્થી પ્રીતિબહેન ભટ્ટ દ્વારા ૨૫૦ શનિવાર દરમિયાન ૮૧૩૪ વિદ્યાર્થીઓને જીવનશિક્ષણ સાથે જોડવામાં આવ્યા છે. વર્ષ ૨૦૧૮ થી ૨૦૨૫ દરમિયાન જીવન કૌશલ્ય વિષયના તાલીમ વર્ગોમાં ૯૦૫ વિદ્યાર્થી ભાઈબહેનોને, કલાત્મક ગૃહકાર્યના તાલીમ વર્ગોમાં ૧૮૧૫ બાળકોને, હસ્ત કૌશલ્યની તાલીમમાં ૧૩૯૮, પેપર ક્રાફ્ટની તાલીમમાં ૧૯૫૮ બાળકો તેમજ સર્જનાત્મકતા અને ગૃહકાર્યની ૫૪ તાલીમો થકી કુલ ૮૧૩૪ બાળકોને જીવનકૌશલ્યનો પરિચય આપ્યો છે, જે નોંધનીય બને છે.

જીવનપર્યંત સર્જનશીલ રહેનાર શિશુવિહાર સંસ્થાનાં સ્થાપક સભ્યશ્રી હિરાબહેન ભટ્ટની સ્મૃતિમાં વર્ષ ૨૦૧૦થી પ્રારંભાયેલ સર્જનશીલતા તાલીમ અંતર્ગત છેલ્લાં ૧૪ વર્ષમાં ૩૪૧૩ વિદ્યાર્થીઓ તાલીમબદ્ધ થયા છે, જે નોંધનીય બને છે. માનવજીવનના આનંદ અસ્તિત્વમાં વધારો કરનાર કલાત્મક કૌશલ્યના વિસ્તાર માટેના સંસ્થાગત હેતુ માટે પ્રતિવર્ષ યોજાતા તાલીમ કાર્યક્રમો માટે પણ શ્રી પ્રીતિબહેન ભટ્ટની બાળનિષ્ઠા બાળકો માટે અનુકરણીય રહી છે. નવી શિક્ષણ નીતિમાં જ્યારે માતૃભાષા અને ભાર વિનાના મોજીલા શિક્ષણનો સાર્વત્રિક સ્વીકાર થયો છે, સવિશેષ શિક્ષણ દ્વારા ૩૬૦ ડિગ્રી બાળવિકાસના સર્વાંગીણ હેતુ માટે સરકાર અને શાળા સંચાલકો હકારાત્મક બન્યા છે ત્યારે, શ્રી પ્રીતિબહેન ભાવનગરની સેવા અને શિક્ષણ ભૂમિ શિશુવિહારથી છેલ્લાં ૧૫ વર્ષમાં વાર્ષિક કાર્યક્રમ તરીકે યોજાયેલ વિષયલક્ષી તાલીમ અને તે દ્વારા તાલીમબદ્ધ ૩૪૧૩ વિદ્યાર્થીઓની ઉપલબ્ધી પણ દફતર વિનાના શનિવારને પ્રફુલ્લિત કરવા માટે શિક્ષકનું પ્રેરણાદાયી પ્રદાન અનોખું બની રહે છે.

વર્ષ ૨૦૧૦થી ૨૦૨૫ દરમિયાન થર્મોકોલ કટીંગ તાલીમ, ભૌમિતિક ચિત્ર તાલીમ, ફૂલદાની નિર્માણ તાલીમ, હેંગિંગ બાસ્કેટ તાલીમ, રંગ આકૃતિ મિશ્રણ તાલીમ, બ્યુટી એસેસરી તૈયાર કરવાની તાલીમ, ભાતીગળ ચિત્ર તાલીમ, હેન્ડ એમ્બ્રોડરી તાલીમ, ઓરીગામી, પ્લાસ્ટિક વેસ્ટનો સર્જનાત્મક ઉપયોગ, સૌંદર્ય પ્રસાધન તાલીમ જેવી ૧૪ જીવન કૌશલ્ય કેળવણીમાં કુલ ૩૪૧૩ વિદ્યાર્થીઓ સહભાગી થયા છે. શિક્ષક પોતાનામાં સામાન્ય હોતો નથી. તે ઉક્તિ માત્ર શિક્ષકના અહમ્‌ને પોષણ આપનાર નથી, શિક્ષક જ્યારે સમાજપરિવર્તનનું માધ્યમ બને છે ત્યારે શિક્ષક થકી વિદ્યાર્થીઓમાં રોપાયેલ સર્જનશીલતાનું બીજ વૃક્ષ બને છે.

શિશુવિહાર સંસ્થાનાં તાલીમી શિક્ષક શ્રી પ્રીતિબહેન ભટ્ટ દ્વારા વર્ષ ૨૦૧૨ થી ૨૦૨૩ દરમિયાન ભાવનગર શહેરની ૩૧૪ આંગણ-વાડીના શિક્ષકોને શૈક્ષણિક સાધનની તાલીમ, બાળકવિકાસ આનુષંગિક મોન્ટેસરી તાલીમ, બાળવાર્તા, જોડકણાં, ગીત, પપેટ્સ તાલીમ, ફર્સ્ટ એઈડ તાલીમ, બાળ અભિનય ગીત તાલીમ, મૂળાક્ષર, રંગ, આકાર અભિવ્યક્તિ તાલીમ, ક્રાફ્ટ ટ્રેનિંગ, આંગણવાડી સંચાલન અને બાળ શિક્ષણની સાધન સાથે તાલીમ આપી ૬૦૦૦ બાળશિક્ષકોને લાભાન્વિત કર્યા છે. બાલમંદિરના એક શિક્ષકનું જીવનશિક્ષણ તાલીમ માટેનું વૈયક્તિક પ્રદાન બાળવિકાસના હેતુને સુદૃઢ કરનાર બને છે, જે મોજીલા અને ભાર વિનાના શિક્ષણની પ્રસ્તુતિ કરતી નવી શિક્ષણનીતિ માટે ઉદાહરણરૂપ બને છે.

મો.: ૯૮૯૮૪૬૩૪૮૯ – ડૉ. નાનક ભટ્ટ





YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# 'The Life Divine' નો સમૂહ અભ્યાસ : પુસ્તક નં. ૩

**શ્રી**અરવિન્દનાં દર્શન અને યોગના વ્યાખ્યાકાર, જીવન ચરિત્રકાર, અનુવાદક અને સંપાદક શ્રી કિરીટભાઈ ઠક્કરને ભૂમિપુત્રનો વાચક વર્ગ સારી રીતે ઓળખે છે. શ્રીઅરવિન્દ નિવાસ, વડોદરાથી પ્રસિદ્ધ થતા માસિક 'પ્રભુ અર્પણ'ના તેઓ વર્ષ ૧૯૮૨થી માનદ્તંત્રી છે.

તેમણે 'The Life Divine' નો સમૂહ અભ્યાસ પુસ્તક-૧ નવેમ્બર ૨૦૨૧માં પ્રગટ કર્યું હતું. જ્યારે પુસ્તક-૨ નવેમ્બર-૨૦૨૪માં પ્રગટ કર્યુ હતું. આ બંને પુસ્તકો થકી તેમણે Life Divine પુસ્તકનાં કુલ ૧૪ પ્રકરણોની સમજ વાચક સમક્ષ મૂકી હતી. તા. ૨૨-૧૦-૨૫ના રોજ આ શ્રેણીનું પુસ્તક-૩ પ્રકાશિત કર્યું છે, જેમાં Life Divine પુસ્તકનાં પ્રકરણ ૧૫ થી ૨૧ની સમજ આપી છે.

મૂળમાં Life Divine પુસ્તક 'Arya' મેગેઝિનમાં વર્ષ ૧૯૧૪ થી ૧૯૧૯ દરમ્યાન શ્રીઅરવિન્દે હપ્તાવાર લખ્યું હતું. પરંતુ વર્ષ ૧૯૩૯માં તેમાં જરૂરી સુધારા વધારા કરીને પુસ્તક આકારે પ્રગટ કર્યુ હતું.

આ પુસ્તક વિષે ટૂંકમાં કહેવું હોય તો નીચે પ્રમાણે કહી શકાય:

❍ Sri Aurobindo's principal philosophic work, a theory of spiritual evolution culminating in the transformation of man from a mental into a supramental being and the advent of a divine life upon earth.

❍ The book is a philosophical work by Sri Aurobindo that Synthesizes Eastern and Western thought to people that universe is an evolution of conciousness from a divine source, moving from matter toward a spiritual, or supramental, state.

કુલ ૨૮ પ્રકરણોનું, ૧૦૦૦ ઉપરાંત પૃષ્ઠ ધરાવતું આ દળદાર પુસ્તક છે.

❍ આ પુસ્તક વિષે ડૉ. એસ. કે. મૈત્રા (dr S. K. Maitra) લખે છે : 'Life Divine' પુસ્તકનું વાંચન પૂરું થયા બાદ હું સ્વગત બોલી ઊઠ્યો હતો : સારું થયું મેં દર્શન-શાસ્ત્રનો વિષય પસંદ કર્યો હતો.

અહીં એવું એક વ્યક્તિત્વ (શ્રીઅરવિંદ) છે, જે મારી બુદ્ધિને સંપૂર્ણ સ્વતંત્રતા આપે છે, મારા બધા પ્રશ્નોના ઉત્તર આપે છે અને વાસ્તવિકતાનું એવું ચિત્ર તૈયાર કરે છે જેવું અન્ય કોઈ દર્શનશાસ્ત્રી કદાપિ તૈયાર કરી શક્યા નથી. અહીં, આ પુસ્તકમાં જે વાસ્તવિકતાનો શ્રીઅરવિન્દ નિર્દેશ કરે છે, તેના પ્રતિ હું મારી બુદ્ધિના બળે નિહાળી શકું છું, એ વાસ્તવિકતાના માનવ સાથેના, મન, પ્રાણ-શક્તિ અને વિશ્વ સાથેના સંબંધને હવે હું સમજી શકું છું.''

''આ ગ્રંથ એક એવા બુદ્ધિશાળી મિનારા સમાન સ્થાપત્ય છે, જે સુરક્ષિત છે, નક્કર છે અને સુંદર પણ છે. એ સ્થાપત્ય ઉપર ચઢાવેલા અતિમનસ રૂપી સુવર્ણનો ઢોળ મને સંતોષ અર્પે છે. આ જગતનું અસ્તિત્વ શા માટે છે ? માનવ આ આવિર્ભાવમાં ક્યા હેતુસર છે - એનો બુદ્ધગમ્ય ઉત્તર હવે મારી પાસે છે. જડ પદાર્થ શા માટે અસ્તિત્વ ધરાવે છે? માનવે જીવનમાં શું સિદ્ધ કરવાનું છે ? એ બધા પ્રશ્નોનો જવાબ હવે મારી પાસે છે.''

'Group Study of the The Life Divine' ના વર્ગોનું આયોજન વર્ષ ૨૦૦૮થી ૨૦૧૮ દરમ્યાન શ્રી શ્રદ્ધાવાનની રાહબરી હેઠળ થયું હતું. શ્રી કિરીટભાઈ ગુજરાતીભાષી લોકોના લાભાર્થે તેને પુસ્તક-શ્રેણી સ્વરૂપે આપણા હાથમાં એક પછી એક મૂકી રહ્યા છે.

❍ શ્રદ્ધાવાન The Life Divine પુસ્તક અંગે સમજાવતાં લખે છે-

આ ગ્રંથનાં લખાણોને પોતાની ભાષામાં રજૂ કરવાનું શક્ય બની શકે અને મૂળ લખાણને થોડું સહેલાઈથી સમજી શકાય એવું કદાચ થઈ શકે. પરંતુ એ અસલ વસ્તુ તો નહિ જ હોય. અને એક રીતે જોતાં આ પ્રયત્ન દયાપાત્ર બની રહેશે. કારણ, શ્રીઅરવિન્દની ભાષા એટલી તો અદ્ભુત છે : આ ગ્રંથમાં તેઓ આપણા તર્કને સંબોધન કરી રહ્યા હોવા છતાં લખાણ કરી રહ્યા છે કવિ તરીકે. એમનાં લખાણોમાં અંગ્રેજી ભાષાની સમગ્ર સમૃદ્ધિ રહેલી છે.

આમ શ્રદ્ધાવાને શ્રીઅરવિન્દની વાતને સરળ અંગ્રેજીમાં સમજાવવા પ્રયત્ન કર્યો અને શ્રી કિરીટભાઈએ આપણા માટે તેને પણ સરળ કરીને ગુજરાતીમાં સમજાવવા પ્રયત્ન કર્યો છે. કિરીટભાઈએ તેમના પુસ્તકમાં The Life Divineનું મૂળ અંગ્રેજી લખાણ અને એના પ્રાપ્ય ગુજરાતી અનુવાદને બંને બાજુ હાંસિયા છોડીને છાપવામાં આવ્યું છે. પ્રત્યેક પ્રકરણના આરંભે વેદ, ઉપનિષદ, ગીતા વગેરે ગ્રંથોમાંના જે શ્લોકો ટાંકવામાં આવેલા છે, એ શ્લોકોનું વિવરણ શ્રી એમ.પી.પંડિતે પોતાના પુસ્તક 'The Legends of Life Divine'માં જે અંગ્રેજીમાં રજૂ કરેલું છે તેના ગુજરાતી અનુવાદનું લખાણ આપેલું છે અને શ્રી શ્રદ્ધાવાને જે સમજૂતી આપી છે તે રજૂ કરવામાં આવી છે.

કિરીટભાઈના આ સમગ્ર અભિયાન માટે ધન્યવાદ પાઠવીએ છીએ. સાવિત્રી શબ્દામૃતનાં ૧૮ પુસ્તકોનું કામ પત્યું ના પત્યું ત્યાં તો 'ધ લાઈફ ડિવાઈન' પુસ્તકનું કામ હાથમાં લીધું. પ્રભુ તેમને લાંબું આયુષ્ય આપે, શક્તિ આપે. અને સાવિત્રી શબ્દામૃતની જેમ ધ લાઈફ ડિવાઈન શ્રેણીનાં બધાં જ પુસ્તકો ગુજરાતી ભાષાના વાચકોના હાથમાં બને તેટલી જલદી મુકાય તેવી આશા આપણે રાખીએ.



**શ્રીઅરવિન્દરચિત ગ્રંથ**

**The Life Divineનો સમૂહ અભ્યાસ**

(પ્રકરણ ૧૫ થી ૨૧)

ગ્રંથ - ૩, મૂળ અંગ્રેજી : શ્રદ્ધાવાન,

ગુજરાતી અનુવાદ : કિરીટભાઈ ઠક્કર

સંપર્ક - યોગયુક્તા પ્રકાશન, ઈ-૧૦૨, ચંદ્રનગર કોલોની, સુવર્ણલક્ષ્મી એપાર્ટમેન્ટ પાસે, વાઘોડિયા રોડ, વડોદરા-૩૯૦૦૧૯. મો.: ૦૯૪૨૭૫૪૦૧૯૫



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ટેકનોલોજી અને માનવીય મૂલ્યો

ડિજિટલ ટેકનોલોજીની ઉપયોગિતા, એનો માનવજીવનનાં બધાં ક્ષેત્રોમાં વ્યાપ અને એની ઝડપ એટલી જબરજસ્ત છે કે હવે એવી ઊંડી ચિંતા થવા માંડી છે કે, ટેકનોલોજી આપણી ઉપર એટલી બધી હાવી થઈ જશે કે એની સામે માનવતા અને નીતિમત્તા વગેરે દબાઈ જશે તો ?

વિકાસ તો અનિવાર્ય છે પણ સંયમિતતા (Balance) વગરનો વિકાસ પ્રગતિને બદલે અધોગતિ તરફ લઈ જઈ શકે છે. આપણે પર્યાવરણ અને પ્લાસ્ટિક જેવા ઘણા મુદ્દે એ ભોગવીએ છીએ. એટલે ડિજિટલ ટેકનોલોજીને પણ ચાર હાથે ભેટવાને બદલે ''થોભો અને રાહ જુઓ''ની નીતિ અપનાવવી જરૂરી છે અને એનું regulation (Balance) પણ કરવું જ પડશે.

આ ડિજિટલ ટેકનોલોજી આખી આપણી જીવન પદ્ધતિને ધરખમ રીતે બદલી નાખશે એવી ખૂબ મોટી શક્યતા લાગે અને એટલે એક એવું મંતવ્ય છે કે, છેલ્લાં ૩૦૦ વર્ષમાં જેટલા ફેરફાર ન થયા હોય એટલા ફેરફાર આગામી ૨૦ વર્ષમાં થઈ જશે.

લગભગ અઢારમી સદીની આસપાસ ઔદ્યોગિક ક્રાંતિ થઈ ત્યારે મશીનરી આવી અને એનાથી વિશ્વભરમાં ધરખમ ફેરફારો થયા અને ખૂબ મોટા પાયે લાભ તો થયા પણ સાથેસાથે કામદારોનાં શોષણ પણ થયાં. જેની સામે કાર્લ માકર્સ જેવા નેતાઓએ વિરોધ ઉઠાવ્યા અને મૂડીવાદ સામે લડત આપી.

હવે અત્યારે જે ડિજિટલ ટેકનોલોજીનું વાવાઝોડું આવ્યું છે એમાં એના અઢળક ફાયદા પણ છે એટલે આપણે જો એને યોગ્ય રીતે માનવીય દૃષ્ટિકોણથી એનો સદ્ઉપયોગ કરીએ તો એક નવી જબરદસ્ત ક્રાંતિ બાજુ આપણે જઈ રહ્યા છીએ એ નિર્વિવાદ છે. એટલે આપણે અદ્‌ભુત વિકાસ તરફ જઈએ તેની સાથે એનાથી થનારાં ભયસ્થાનો જેવાં કે ટેકનોલોજી માણસના જીવનને હિપ્નોટિક બનાવી દે અને સમાજ એ ટેકનોલોજીનો ગુલામ બની જાય તો વિકાસ થવા છતાં માનવીય જીવનને મોટું નુકસાન થાય.

એટલે ખૂબ ઉપયોગી ટેકનોલોજીમાં નૈતિકતાનું ઉચ્ચતમ ધોરણ જળવાય એ માટે કાર્લ માકર્સ જેવી ઝુંબેશ કરવી પડે અને Atomic energyના Non proliferationની જેમ ડિજિટલ ટેકનોલોજી ઉપર કડક નિયંત્રણો લાદવાં પડે એવી પરિસ્થિતિ સર્જાઈ શકે છે.

આ ટેકનોલોજી માણસને રોબોટ ન બનાવી દે એનું ધ્યાન પણ રાખવા ખૂબ જ ગંભીર પ્રયત્નો કરવાના રહેશે, નહીં તો લોકોને અંદરોઅંદર વ્યહારમાં લાગણીઓ કે સંવેદનશીલતા માટે ટેકનોલોજીની મદદ લેવી પડશે.

અત્યારે જ Stress વધતો જાય છે અને એ અંગેના માર્ગદર્શન સેમિનારો ડિજિટલ રીતે અપાવવાની શરૂઆત થઈ ગઈ છે. સમય જતાં માણસ એના મનોરંજન ઉપરાંત પ્રેમ-વાત્સલ્ય પામવા માટે પણ ટેકનોલોજીનો સહારો લે એટલે કે ટેકનોલોજીનો એડિક્ટેડ બની જાય એવું મોટું ભયસ્થાન રહે એટલે એના ઉપર ચાંપતી નજર રાખવી પડે.

વર્ષો પહેલાં J Robert Oppenheimer એ મહાન અને અત્યંત ઉપયોગી એટોમિક એનર્જી શોધી પણ પછી એમાંથી જ ભયાનક એટમ-બોમ્બ બન્યા. પરિણામે એણે પાછળથી ખૂબ અફસોસ વ્યક્ત કર્યો હતો કે આ શોધ ન કરી હોત તો સારું થાત.

એટલે કોઈ પણ પ્રકારની ટેકનોલોજીના ગમે તેટલા જબરદસ્ત ફાયદા હોય પણ એ સાથે માણસ માનવીયતા, સિદ્ધાંતનિષ્ઠા અને સંવેદનશીલતા ઉપર જો મોટો હુમલો કરી શકતી હોય તો એને કંટ્રોલ કરવું પણ એટલું જ અનિવાર્ય બને છે.

ડિજિટલ ટેકનોલોજીના અઢળક ફાયદા હોવાથી એને અપનાવવી અનિવાર્ય છે પણ સાથેસાથે દરેક પ્રકારની ટેકનોલોજીની ખરેખર કેટલા લેવલની જરૂર છે એ પ્રશ્ન સતત પૂછવો જોઈએ એટલે કે ટેકનોલોજીની જરૂરિયાત સાથે એના માનવીય ગુણો ઉપર શી અસર થશે અને જો એ ઘણી ખરાબ અસર થતી હોય તો ખૂબ સારી ઉપયોગિતા હોય તોય એના ઉપર પ્રશ્નાર્થ લગાડીને એને દૂર રાખવી કે કેમ ? - એનું ઊંડાણપૂર્વક વિશ્લેષણ એટલું જ જરૂરી બને છે.

આ અનુસંધાને UNO જેવું એક આંતરરાષ્ટ્રીય ફોરમ હોવું જોઈએ કે જે આ ટેકનોલોજીના સારાં-નરસાં તમામ પાસાંઓને ચકાસે અને એના અમલ માટેની એક શિસ્ત (Code of Conduct) નક્કી કરે.

હવે જ્યારે આ ડિજિટલ ટેકનોલોજી એક જબરદસ્ત વાવાઝોડાની જેમ આવી રહી છે ત્યારે અને જે રીતે ટેકનોલોજીનો ઉદ્યોગો અને બીજા વેપાર ધંધાની સાથે રોજિંદા જીવનમાં ખૂબ લાભદાયક ઉપયોગ થઈ રહ્યો છે અને એમાંય હવે ધંધાકીય ઉપયોગ ખૂબ આગળ વધતો જાય છે એટલે એમાં સિદ્ધાંત અને નીતિમત્તા કે માનવતા કે એવા કોઈ મુદ્દાને લગભગ કોરાણે મુકાય એવી શક્યતા ઘણી જ વધતી જાય છે.

એ તો હવે સુવિદિત થઈ ગયું છે કે, ઇન્ટરનેટના કારણે દુનિયાભરના જુદા જુદા લોકો પરના ખરા ખોટા એલિગેશન થાય અથવા તો વિકૃત વીડિયોને, રીલ્સને, ડિજિટલ એરેસ્ટ, નાણાંની ઉચાપત એવું બધું ખૂબ વધતું જાય છે તો મુદ્દો એ આવી ઊભો રહે છે કે ટેકનોલોજીનું આ વાવાઝોડું જો આપણી આ લાઈફ સ્ટાઈલને ભરખી જાય અને એને કોઈ સિદ્ધાંતો કે નીતિમત્તા ન હોય તો આવનારો સમય ભયંકર બની જાય.

હજુ તો બાયોલોજી આધારિત ટેકનોલોજીમાં એવાં જબરદસ્ત ડેવલપમેન્ટ આવી રહ્યાં છે કે જે માણસના ડીએનએમાં મોટા ફેરફાર કરે અને એનાથી ઘણા રોગોમાંથી મુક્તિ મળે એવી શક્યતા થાય પણ સાથોસાથ માણસમાંથી મોન્સ્ટર બની જાય એ પણ ભયસ્થાન રહે.

આ અનુસંધાને એક એવો પણ અભિપ્રાય થયો છે કે, આ ટેકનોલોજીનાં મશીનો ઉપર માનવતાવાદી અને અન્ય નીતિમત્તાનાં ધોરણ પણ કોડિંગમાં મૂકી દેવાં જોઈએ. આ અલબત્ત કહેવું સહેલું છે પણ



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

એનો અમલ ઘણો મુશ્કેલ છે કેમ કે કોમર્શિયલ દુનિયા તો ધંધાકીય લાભ જ જોશે.

આમ છતાં જેમ UNO જેવા ફોરમની વાત કરી એવી જ રીતે વિશ્વકક્ષાએ આવાં નીતિમત્તાનાં ધોરણો માટેની એક વૈશ્વિક સમિતિ જેવું રચવું જોઈએ કે જે ટેકનોલોજી ઉપર આવાં નીતિમત્તા અને માનવીય મૂલ્યોનાં ધોરણો સૂચવે, આપે અને દુનિયાને ચેતવે પણ ખરી અને એ અંગે ચોક્કસ પ્રકારની મંજૂરી પછી જ માર્કેટમાં મુકાય એવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

સુનામીની જેમ ફેલાઈ રહેલી આ ડિજિટલ ટેકનોલોજીને એની ખરેખર કેટલી જરૂર છે અને લાંબે ગાળે માનવસમાજના વિકાસને બદલે વિપરીત પરિણામ લાવી શકે કે કેમ એ ચકાસવા માટે કેટલાક મુદ્દાઓ નીચે મુજબ સૂચવેલા છે.

અ) આ ટેકનોલોજીથી સમાજ અને વ્યક્તિના માનવતાવાદી વલણને વિપરીત અસર થશે કે કેમ ? જેમ કે માણસ ટેકનોલોજીના લાભ લેવાના લોભમાં સંવેદનશીલતા, ઉદારતા કે સર્જનપ્રક્રિયા, કલાપ્રેમ વગેરે બાજુમાં રાખી દેશે ?

બ) આ ટેકનોલોજી માનવસમાજને ભૌતિક સુવિધાઓથી આગળ વધીને ઉચ્ચતર કક્ષા જેવી કે અંદરનો હૃદયનો આનંદ, સંતોષ, માનસિક શાંતિ જેવી સુખાકારી માટે ઉપયોગી થશે કે કેમ ?

ક) ડિજિટલ ટેકનોલોજી અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સી કંપનીઓ એક પ્રકારની એવી મોનોપોલી જેવું કરી નાંખે કે જેના ઉપર સરકાર કે અન્ય રીતે કોઈ કંટ્રોલ રહી જ શકે નહીં તો એ પરિસ્થિતિ એક મોન્સ્ટર જેવી બની જાય !

ધારો કે અત્યારે ઇન્ટરનેટ ઉપર દુનિયાભરનો અત્યંત મોટા પાયા પર આધાર છે એ ઇન્ટરનેટ કંપનીઓ જો સરકારની ઉપરવટ જઈને પોતાની રીતે જ ઑથોરિટીથી મનફાવે એમ વર્તે તો સમગ્ર દુનિયા એના સકંજામાં આવી જાય. એટલે કે એક પ્રકારની ચાંચિયાગીરી થઈ જાય. આ ભયસ્થાન ખૂબ મોટું છે એટલે એ અંગે ખૂબ ગંભીરતાથી વિચારણા કરવી પડે.

ડ) એવી પરિસ્થિતિ પણ સર્જાઈ શકે કે, ડિજિટલ ટેકનોલોજી જેમને ન ફાવે એમને અનેક મુશ્કેલી પડે. અત્યારે હજી શરૂઆત છે ત્યારે પણ સિનિયર સિટીઝન અને ઓછું ભણેલાને આ તકલીફ શરૂ થઈ જ ગઈ છે. ઉપરાંત ભવિષ્યમાં નવી સતત બદલાતી ટેકનોલોજી સાથે કદમ ન મિલાવી શકનાર એવા ભણેલા લોકો એમના જોબ કે વ્યવસાયમાં Artificial Intelligenceથી મોટાભાગનું કામ ઓટોમેટિક કરતાં થઈ જાય તો ડૉક્ટર, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, વકીલ જેવા ભણેલા પણ કામ વગરના થઈ જાય એવી પરિસ્થિતિ સર્જાઈ શકે છે. તો આવી ટેકનોલોજીને કેટલે સુધી અપનાવવી એ પ્રશ્નાર્થ સતત કરવો જોઈએ.

ઇ) ઉપર દર્શાવ્યા મુજબ જો રોજિંદું જીવન, વેપાર ધંધા, સરકારી અને ખાનગી કારોબાર બધું જ આ ડિજિટલ ટેકનોલોજી ઉપર ખૂબ જ આધારિત થઈ જાય અને એને ખૂબ જ મોંઘી બનાવી દે/બની જાય તો એવું બને કે સામાન્ય કક્ષાના લોકોને/વ્યક્તિને તે પોસાય નહીં અને સરકાર તેમજ ખાનગી ક્ષેત્રને પણ એને કારણે ખર્ચ ખૂબ વધતો જાય. અત્યારે જ આપણને કેટલાંક ક્ષેત્રમાં આ થતું જણાય છે એટલે આ પણ એક ખાસ ધ્યાનમાં રાખવા જેવો મુદ્દો છે.

આ અનુસંધાને કેટલાક માર્ગદર્શક સિદ્ધાંતો તૈયાર કરવામાં આવે તો ટેકનોલોજીથી થનારા માનવીય ગુણો ઉપરનાં જોખમોને કેટલેક અંશે આપણે કંટ્રોલમાં રાખી શકીએ.

○ એ અંગે વિચારણા કરવી જોઈએ કે, આ ટેકનોલોજી ખૂબ મોટા પાયા પર અને ખૂબ ઝડપથી છવાઈ જાય તો તે વખતે તરત જ એના ઉપર એક પ્રકારની બ્રેક મારવી અને વિચારણા કરવી કે એટલી બધી ઝડપથી એને અપનાવવી જરૂરી છે કે કેમ ?

એના ફાયદા છે એની સામે એના ગેરફાયદા પણ છે. એ બંનેને ઊંડાણપૂર્વક ચકાસવું જરૂરી છે. પણ જ્યારે ધંધાકીય અને રોજિંદી સવલતોની રીતે ખૂબ ઉપયોગી થાય તેને રોકવું પણ ખૂબ અઘરું છે.

○ એટલે અગાઉ જણાવ્યું એમ ટેકનોલોજીના ફાયદા સાથે એનો હેતુ એ પણ ધ્યાનમાં લેવો પડશે, નહીં તો એટોમિક બોમ્બ જેવી ચાંચિયાગીરીની પરિસ્થિતિ પણ થાય.

○ આમ સમગ્રતયા જોતાં એમ કહી શકાય કે, ડિજિટલ ટેકનોલોજી રોજિંદા જીવન, કોમર્શિયલ વ્યવહાર અને સરકારી કામકાજ, બધાં જ ક્ષેત્રોને જબરદસ્ત આવરી લેતો ખૂબ મોટા પાયા પરનો ક્રાંતિકારી લાભ છે અને એટલા મોટા પાયા ઉપર એ છે કે એનાં ગમે તેટલાં નેગેટિવ પાસાં હોય તો પણ એને દૂર રાખવું અશક્ય છે. એટલે આ પરિસ્થિતિમાં ઉપર દર્શાવ્યા મુજબ અણુ વિજ્ઞાનની શોધ થઈ ત્યારે એના અઢળક અને અદ્‌ભુત ફાયદા ધ્યાને લઈને એને ખૂબ આવકારેલી પણ પછી પાછળથી એમાંથી એટમબોમ્બ બન્યા અને આખી દુનિયાને ધ્વસ્ત કરી નાખે એવી ભયાનક શક્તિ ધરાવતા થયા, તેવી જ રીતે ડિજિટલ ટેકનોલોજી એના ફાયદાની સામે એટલું જ ભયંકર રીતે નેગેટિવ બની શકે એવી સંભાવના રહે છે.

ડિજિટલ ટેક્નોલોજીની ક્રાંતિ આવતાં ૧૦-૨૦ વર્ષમાં સમગ્ર દુનિયામાં બધા જ વ્યવહારોને બદલી નાખશે ત્યારે એનાં નેગેટિવ પાસાં જેવાં કે એનામાં નીતિમત્તા છે કે નહીં ? માનવીય ધોરણોને સાચવશે કે નહીં ? માણસની સર્જનાત્મકતા અને રોજિંદાં કામ જાતે કરવાની મુક્તિને લીધે સમાજને આળસુ કે ઉપયોગિતા વગરના બનાવી દેવાના કે પછી મોનોપોલીથી કંટ્રોલમાં ન રહે એવી ચાંચિયાગીરી કરે વગેરે અનેક મુદ્દે એ વિપરીત અસરો કરે એવું ભયસ્થાન પણ મોટા પાયે રહે. એટલે આ ડિજિટલ ટેકનોલોજીના વાવાઝોડાને એના અઢળક લાભ સાથે અને કેવી રીતે કંટ્રોલમાં રાખવું એ પણ ખૂબ ગંભીરતાથી વિચારીને એને માટેની સુદૃઢ વ્યવસ્થા અને સામાજિક સભાનતા ગોઠવવી અનિવાર્ય બનશે.

સાભાર : 'ગુજરાત' **- વાગ્મિન બૂચ**

(સેક્ટર ૭-એ, ગાંધીનગર. મો.: ૯૯૦૯૯ ૦૦૬૫૦)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# વાંચન થાળ

■ **નટુભાઈ એમ. દેસાઈ,** 'ઇચ્છામણિ' ૨૦, સરદાર નગર, તીથલ રોડ, વલસાડ. મો.: ૯૪૨૬૮૯૪૪૬૬




○ ધરાસણાનો કાળો કેર (ધરાસણાની લડતનો હેવાલ) – વલસાડ ગાંધી વિચાર ટ્રસ્ટ, પૃષ્ઠ-૧૬૬.

આ પુસ્તકની પહેલી આવૃત્તિ વર્ષ ૧૯૩૧માં પ્રગટ થઈ હતી. વલસાડ ગાંધી વિચાર ટ્રસ્ટે એપ્રિલ ૨૦૨૫માં પુનઃ પ્રકાશિત કર્યું છે. ટ્રસ્ટમાં યજ્ઞેશ દેસાઈ, રાધિકા ટીક્કુ, અપર્ણા કડીકર, વિવેકભાઈ બી. દેસાઈ સક્રિય છે.

ગાંધીજીના અહિંસક સત્યાગ્રહનો પ્રથમ પ્રયોગ વલસાડ જિલ્લાના ધરાસણા મુકામે થયો હતો. જેમાં સરોજિની નાયડુ, સ્વ. અબ્બાસસાહેબ તૈયબજી, સ્વ. નરહરિ પરીખ, શ્રી ભાઈલાલભાઈ પટેલ વગેરેએ અમાનવીય માર સહન કર્યો હતો. ગાંધીજી માનતા હતા કે સ્વાતંત્ર્યની યજ્ઞવેદી પર પોતાની જાતને હોમવા તૈયાર નહીં થાય ત્યાં સુધી સ્વતંત્રતાથી વિમુખ રહેશે. મરીને જીવવાનો મંત્ર સાધશે તેનું જ જીવ્યું સાર્થક થશે. જાણી જોઈને ભોગવેલા દુઃખની પાછળ હંમેશા સુખ રહેલું છે.

આ પુસ્તકમાં નોંધ્યા પ્રમાણે ધરાસણા સત્યાગ્રહમાં ચાર વ્યક્તિઓએ બલિદાન આપ્યાં હતાં. કુલ ૨૬૯૯ લોકોએ ભાગ લીધો હતો, જેમાંથી ૧૩૨૯ ઘાયલ થયા હતા.

સરકારના ઇજારાવાળી વ્યવસ્થાના કારણે ઉત્પાદનખર્ચ કરતાં ૨૪ ગણા દામે મીઠું બજારમાં વેચાતું. લોકો સહજ મીઠું પકવી ન શકે તેવો સરકારનો કાયદો હતો. સરકાર લોકોના હક્કનું મીઠું ચોરે છે અને ચોરીની ચીજ માટે લોકોની પાસે ભારે વેરો લે છે. વિલાયતમાં (સત્યાગ્રહ પહેલાંના) ૧૦૦ વરસ ઉપર મીઠા પરનો કર નાબૂદ કરવામાં આવ્યો હતો. ગાંધીજી કહે છે, સરકારને તોડી પાડવા માટે મીઠા વેરો એક સુંદર સાધન છે.

ગાંધીજીએ ૧૨ માર્ચના રોજ સાબરમતી આશ્રમથી ૧૮૦ માઈલ દૂર આવેલ દાંડી જવા કૂચ આરંભી હતી.

સત્યાગ્રહીને કેટલાક નિયમો પાળવાના હતા.

- તે કોઈના પર ગુસ્સો નહીં કરે.
- તે વિરોધીનો (સરકારનો) ગુસ્સો સહન કરશે, તેનો માર સહન કરશે.
- સિપાહી કેદ કરે તો કેદમાં સુખેથી જશે. મિલકત જપ્ત કરવા આવે તો તે સુખેથી આપી દેશે.
- ગાળો નહીં બોલે.
- પોતાની ટુકડીના સરદારના બધા હુકમોનું પાલન કરશે.

પુસ્તકમાં સત્યાગ્રહનો રોજેરોજનો અહેવાલ લખેલો છે. ગાંધીજીને પકડી લીધા પછી વયોવૃદ્ધ નેતા પૂ.અબ્બાસસાહેબ લીડર બન્યા હતા.

સત્યાગ્રહ પર જતાં અબ્બાસસાહેબને કસ્તૂરબાએ સૂતરની આંટી પહેરાવી અને ચાંલ્લો કર્યો. તે પળે શ્રીમતી કમલાદેવી ચટ્ટોપાધ્યાય, મિસિસ તૈયબજી હાજર હતાં. થોડેક આગળ ચાલતાં પોલીસે ધરપકડ કરી. અબ્બાસસાહેબને અને જુગતરામ દવેને ૬ માસની સજા કરવામાં આવી.

મીઠાના અગરો પાસે બેસી સત્યાગ્રહ કરનારને પાણી પણ પીવા દેતા ન હતા. સરોજિની દેવી ઉનાળાના તડકામાં ભૂખે અને તરસે ૫૦ સૈનિકોની સામે બેઠી હતી. પોલીસ અમલદારે રાત્રે પોણા વાગ્યે પાણી તથા ખાવાનું આપવા દીધું. ૨૧ મે ૧૯૩૦ના રોજ સત્યાગ્રહીઓ પર લાઠીઓનો માર માર્યો. પગ પર, વાંસા પર, છાતી પર, માથા પર લાઠીઓ સડાસડ પડતી હતી. ૨૦૦ સત્યાગ્રહીઓ ઘાયલ થઈ ગયા.

નરહરિભાઈ પર પોલીસે માથામાં લાઠી ફટકારી. તેઓ પડી ગયા. ખૂબ લોહી નીકળ્યું. સત્યાગ્રહીઓ નાળિયેરની જેમ પોતાનાં માથાં ઘડાઘડ ફૂટવા દેતા હતા. સરોજિની દેવીને ગિરફતાર કરવામાં આવ્યાં.

૨૨ મે, ૧૯૩૦ના રોજ શીખ મિલિટરી આવી. ૨૦૦ સત્યાગ્રહીઓ ચોગાનમાં બેસીને રામધૂન ગાવા લાગ્યા. મિલિટરીએ લાઠીના પ્રહાર ચાલુ કર્યા. બોરસદ તાલુકાના પાળજ ગામના ભાઈલાલ દાજીભાઈ પર ચાર-પાંચ પોલીસો બૂટ સાથે ચડી ગયા. પેઢામાં બૂટની એડીઓ અને લાતો મારી. તેઓ બેભાન થઈ ગયા. વીસ મિનિટમાં દેહ છોડ્યો. પોસ્ટમોર્ટમ પછી વલસાડમાં તેમના શબને રાત્રે ૧૧ વાગ્યે સાત હજાર માણસોની હાજરીમાં અગ્નિદાહ આપવામાં આવ્યો.

આવી કપરી સ્થિતિમાં સત્યાગ્રહીઓ અહિંસક રહ્યા. ''એક પણ પોલીસને ઉઝરડો સરખો પડ્યો નથી.''

સત્યાગ્રહીઓના ઉત્સાહમાં જરા પણ ઓટ આવી ન હતી. તા. ૨૫ મે ૧૯૩૦ના રોજ ૫૦ સત્યાગ્રહીઓની ટુકડી લઈને મુનિશ્રી જિનવિજયજી અને શેઠ રણછોડલાલભાઈ અમદાવાદથી ટ્રેઈનમાં આવવા નીકળ્યા પણ બારેજડી સ્ટેશને ટ્રેન ઊભી રાખીને તેમને પકડી લેવામાં આવ્યા હતા.

૨૯ મે, ૧૯૩૦ : સરકારે ફરીથી લાઠી ફટકારવાનું ચાલુ કર્યું. ૨૯ જણાને ડોળીમાં નાંખી હૉસ્પિટલ લાવવા પડ્યા. અગરોમાં ઘોડા દોડાવવાનું ચાલુ કર્યું. સત્યાગ્રહીના ગુપ્ત ભાગમાં એક સાર્જન્ટે લાઠી ઘોંચી હતી. ઘણા સત્યાગ્રહીઓ આવા વર્તનના ભોગ બન્યા હતા. કેટલાક બેભાન બની ગયા હતા. વરસાદની સીઝન આવતાં સત્યાગ્રહ મોકૂફ રાખવામાં આવ્યો.

પરંતુ તે પછી પણ ગુજરાતમાંથી અને ગુજરાત બહારથી લોકો ધરાસણા આવતા રહ્યા. અને છેલ્લે ૬-૬-૧૯૩૦ને રોજ સત્યાગ્રહ થંભ્યો.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

પુસ્તકમાં ધરાસણાના અત્યાચારો વિશે સ્વતંત્ર અભિપ્રાયોવાળા ઘણા લેખો છે, નોંધો છે.

આ સત્યાગ્રહે લાઠી અને જેલનો ડર પ્રજામાંથી (કંઈક અંશે) દૂર કર્યો. પ્રજા સહન કરવા તૈયાર થઈ ગઈ. ૧૨૦૦ ઉપરાંત સત્યાગ્રહીઓએ લાઠીના ઘા ઝીલ્યા.

સરકારનો હૃદયપલટો બહુ સહેલાઈથી ન થઈ શકે પણ ઘણા પોલીસો દુઃખી થયા હતા. મારવાનું નાપસંદ કરતા. અમલદારોને બતાવવા માટે ધીરેથી મારતા. અમલદારો ન મારે તો સામાન્ય સિપાઈ લાઠી પણ ઉપાડતા ન હતા.

દેશના સત્યાગ્રહનો ઇતિહાસ સમજવા ઇચ્છનારાએ આ પુસ્તક વાંચવું રહ્યું.

■ **પ્રકાશક – રમણીક ઝાપડિયા,** કલાતીર્થ ટ્રસ્ટ, રંગ, ૧૮-રાજાનન સોસાયટી વિભાગ-૩, ગજેરા સ્કૂલની સામે, કતારગામ, સુરત-૩૯૫૦૦૪ મો.: ૯૮૨૫૬૬૪૧૬૧

○ કલાગંગોત્રી ગ્રંથ ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨નો પરિચય આપણે ભૂમિપુત્રના ૧૬-૧૧-૨૦૨૪ના અંકમાં આપ્યો હતો. તેમાં ગ્રંથ ૧૭-૧૮-૧૯-૨૦-૨૧માં 'કુમાર' મેગેઝિનની એક સદીની કલાયાત્રાને ઉજાગર કરી હતી. આ વખતનાં પુસ્તકો છે :

○ કલાગંગોત્રી ગ્રંથ-૨૬ – ચિત્રકાર નટુ મિસ્ત્રી 'ચેતક'ની દશ્યકલા સંપાદક, રમણીક ઝાપડિયા.

○ કલાગંગોત્રી ગ્રંથ-૨૭ – ગુજરાતનો વિસરાતો ભીંતચિત્રોનો કલાવૈભવ – પ્રદીપ ઝવેરી/ડૉ. પૂર્વી ગોસ્વામી.

○ કલાગંગોત્રી ગ્રંથ-૨૮ – કચ્છના આહીરોનું ભરતકામ, ફીરોઝી અંજીરબાગ, અનુવાદ : હરેશ ધોળકિયા.

○ કલાગંગોત્રી ગ્રંથ-૨૯ – લોક કલાવિદ રામસિંહજી રાઠોડનું સંસ્કૃતિ ચિંતન. સંપાદક : હરેશ ધોળકિયા.

○ કલાતીર્થ – સંશોધન ગ્રંથ-૧ ॥ કલા અન્વેષણા ॥ સંપાદક : નિસર્ગ આહીર.

○ કલાતીર્થ – સંસ્કૃતિ સંશોધન પ્રકલ્પ-૨૦૨૫નો અહેવાલ.

■ **કલાતીર્થ ગ્રંથ-૧૬ તસવીર કલાતીર્થ : ફોટોગ્રાફર – પ્રાણલાલ પટેલ** અંગેનો હતો. ગ્રંથ ૨૬ ચિત્રકાર નટુભાઈ મિસ્ત્રી અંગેનો છે. ગ્રંથનું સંપાદન રમણીકભાઈએ કર્યું છે.

નટુભાઈનો જન્મ ૩-૪-૧૯૩૩ના રોજ ગાંધીનગર જિલ્લાના હાલીસા ગામે સુથારીકામ કરનાર પરિવારમાં થયો હતો. વતનમાં ૪ ધોરણ સુધી ભણીને મામાના ગામે તલોદ ગયા. ૧૦ વર્ષની વયે લગ્ન થયાં. ૧૪ વર્ષની વયે એક બેન્સો-લાટીનું બોર્ડ બનાવ્યું. તલોદમાં મેટ્રીક પાસ કરી. શિક્ષકની નોકરી કરી. ૧૯૫૭માં આર.સી.હાઇસ્કૂલમાં ચિત્ર શિક્ષક બન્યા. અમદાવાદ લુણસાવાડામાં ઘર ચાલુ કર્યું. અશોક બુક ડીપોવાળાની મદદથી ચિત્રકળાનાં ૨૫ પુસ્તકો ૪ વર્ષમાં પ્રકાશિત કર્યાં. ગુજરાતના ચિત્રશિક્ષકો ખૂબ ખુશ થયા. ૧૯૬૨માં 'સંદેશ'માં કાર્ટૂનિસ્ટની કામગીરી શરૂ કરી. ૧૯૬૩થી ૧૯૮૫, ૨૩ વર્ષ 'ગુજરાત સમાચાર'માં મુખ્ય આર્ટિસ્ટ તરીકે કામ કર્યું.

૧૯૮૦-૮૧ના ગાળામાં નટુભાઈ લેખક, ચિત્રકાર, કાર્ટૂનિસ્ટ, પત્રકાર તથા સામાજિક કાર્યકર તરીકે જાણીતા થઈ ચૂક્યા હતા. ૧૯૮૧માં ઈટાલી, ફ્રાન્સ, બેલ્જિયમ, હોલેન્ડ, ઓસ્ટ્રિયા, જર્મની, સ્વિટ્ઝર્લેન્ડ તથા બ્રિટનનો પ્રવાસ ખેડ્યો. ૧૯૮૪માં અમેરિકાના પ્રવાસે ગયા. ૧૯૮૮માં હોંગકોંગ, મલાયા, થાઈલેન્ડનો પ્રવાસ કર્યો. ઇન્ટિરિયર ડેકોરેશનનું કામ કરતા રહ્યા. ૧૯૮૪માં ગુજરાત સમાચારની નોકરી કરી.

નટુભાઈ કલા જગતમાં 'ચેતક' ઉપનામથી ઓળખાય છે. તેમનું 'કલમ અને કેન્વાસ' ગુજરાતી ભાષાનું વિશિષ્ટ પુસ્તક છે. ચિત્રકારની સ્મરણકથા છે. બહુ ઓછા કલાકારો લેખક તરીકે સ્થાપિત થતા હોય છે.

તેમનાં ચિત્રો જીવંત અને ઊર્જાવાન છે. મંદિર, શેરી, ગ્રામ, કિલ્લા, દરવાજા, ચબુતરા ઇત્યાદિના આલેખનમાં માનવીય વસાહતની જીવંતતા અનુભવાય છે. તેમણે ચબૂતરાના આશરે ચારસો, અને અમદાવાદની પોળોનાં મકાન, ઝરુખાના આશરે ૧૦૦૦ લેન્ડસ્કેપ તૈયાર કર્યા છે. અમદાવાદના ૧૪ દરવાજાનાં ચિત્રો દોર્યાં છે. કૃષ્ણજીવન પર ચારસો ચિત્રો બનાવ્યાં છે.

પ્રસ્તુત પુસ્તકમાં ઘણાં બધાં સ્કેચ આપેલાં છે. પુસ્તક માણવા જેવું છે. નટુભાઈને ૮ એવોર્ડ મળ્યા છે, ચિત્રોનાં ૨૦ જેટલાં પ્રદર્શનો ગોઠવ્યાં છે. પુસ્તક ૨૬-૨-૨૦૨૫ના રોજ પ્રગટ થયું ત્યારે ૯૨ વર્ષની ઉંમરે સ્ટુડિયોમાં બેસીને મોટાં ચિત્રો કેન્વાસ પર તૈયાર કરે છે.








■ **ગુજરાતનો વિસરાતો ભીંતચિત્રોનો કલાવૈભવ,** – પ્રદીપ ઝવેરી, ડૉ.પૂર્વી ગોસ્વામી – ગ્રંથ-૨૭.

ચિત્રકળાને તમામ કલાઓમાં શ્રેષ્ઠ ગણવામાં આવે છે અને ભીંતચિત્રો એ



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org




માણસના ભાવ તેમજ લાગણીઓની અભિવ્યક્તિને શ્રેષ્ઠતાપૂર્વક પ્રતિબિંબિત કરે છે. ગુજરાત અને રાજસ્થાનમાં ભીંતચિત્રો વ્યાપકપણે વિકસ્યાં હતાં.

કલાગંગોત્રી ગ્રંથ શ્રેણીમાં પ્રદીપભાઈનું 'ભીંતચિત્રોમાં કૃષ્ણચરિત્ર' પુસ્તક વર્ષ ૨૦૨૪માં પ્રગટ કર્યું હતું. તે જ પ્રમાણે 'રામાયણમાં ભીંતચિત્રોનું કલાસંધાન' પુસ્તક પણ વર્ષ ૨૦૨૪માં પ્રગટ થયું હતું.

આ પુસ્તકમાં લેખકોએ માત્ર ભીંતચિત્રોના ફોટા છાપીને સંતોષ માન્યો નથી. ચિત્રો સાથે ચિત્રના સમયનું સમાજદર્શન પણ કરાવે છે. પુસ્તકમાં ઇતિહાસ છે. ચિત્રો અને પુરાણકથા વચ્ચેના સંબંધોની વાત છે. રામ, કૃષ્ણ તેમજ અન્ય દેવ દેવીઓની ઉપાસનાની વાત છે. રંગોની રચના કલાકારોની ઓળખ આપવા પણ પ્રયત્ન કરવામાં આવ્યો છે. ગ્રંથમાંનાં ભીંતચિત્રો હવે મૂળ સ્થાને રહ્યાં નથી. ક્યાંક ભગ્ન અવસ્થામાં જોઈ શકાય છે.

માનવીને કોરી ભીંતો કદી ગમી નથી. ઇતિહાસ કાળમાં તૈયાર થયેલાં ભીંતચિત્રો એ માનવીની આ પ્રકૃતિને વાચા ધરે છે - જે કળા ઇતિહાસનાં જીવંત પાનાં છે. યોગ્ય જાળવણીના અભાવે અને કાળના ઘસારા સામે સુંદર ભીંતચિત્રોનો કલાવૈભવ હવે નષ્ટપ્રાય હાલતમાં છે.

પુસ્તકમાં જૈન ધર્મમાં કળાની અગત્યતા દર્શાવતાં લખ્યું છે : જૈન ધર્મે ધાર્મિક કાર્ય સ્વરૂપે ભારતીય કલા અને સ્થાપત્યમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. ગુજરાતનાં મુખ્ય શહેરો અમદાવાદ, પાટણ, રાધનપુર, ખંભાત, સુરતનાં જૈન મંદિરોમાં લાકડાનું સુંદર સ્થાપત્ય તેમજ ચિત્રકામ આજે પણ વિદ્યમાન છે. જૈન મંદિરોમાં ઓછામાં ઓછાં બે હજાર વર્ષ પહેલાંનાં ભીંતચિત્રો હતાં. જૈન હસ્તપ્રતોને ઘણી વાર ખૂબ ભવ્ય ચિત્રો સાથે ચિત્રિત કરવામાં આવી હતી. આ હસ્તપ્રતો અગિયારમી સદીની આસપાસથી શરૂ થાય છે. વારંવાર જોવા મળતું લખાણ સચિત્ર કલ્પસૂત્રનું છે. જેમાં મોટાભાગે પાર્શ્વનાથ અને મહાવીરના જીવનનું વર્ણન જોવા મળતું હતું.

પુસ્તકમાં રાગમાલાનાં ચિત્રોનું વર્ણન છે. દેવાલયો તથા મહાલયોમાં ચિત્રો કરવાનો પ્રાચીન રિવાજ હતો. રાજવીઓ, સરદારો અને શ્રીમંતોની તસવીરો ઉપરાંત રાજમહેલો અને દરબારોની ભીંતો, જૈન દેરાસર, હવેલીઓ કે મંદિરોની પરસાળો તથા છતો અને ગામ ચોરા કે ધર્મશાળાની ભીંતો ઉપર તીર્થંકરોના જીવનપ્રસંગો, રામાયણ અને ભાગવતનાં કથાનકો, યુદ્ધના પ્રસંગો, રાજાઓની સવારી કે ઢોલામારુ જેવી લોકવાર્તાઓનાં ચિત્રો થતાં. પાટણના સુપ્રસિદ્ધ શ્રી હેમચંદ્ર આચાર્ય જૈન જ્ઞાન ભંડારમાં જે ગ્રંથો સંગ્રહ કરવામાં આવ્યા છે તેમાં નાનકડાં તાડપત્રો પર કલાત્મક રંગબેરંગી ચિત્રો દોરેલાં જોવા મળે છે. શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે રચેલ 'સિદ્ધહેમ શબ્દાનુશાસન' ગ્રંથની હાથી પર સન્માનયાત્રા, આચાર્ય હેમચંદ્ર પર માર્હત્ કુમારપાળ મહારાજને ઉપદેશ આપતાં, આવાં અનેક રંગબેરંગી ચિત્રો આજે પણ જળવાઈ રહ્યાં છે.

પુસ્તકમાં પાન નં ૫૯ પર ગુજરાતના નકશામાં ક્યાં ક્યાં વોલ પેઇન્ટીંગ્સ જોવા મળ્યાં છે તે દર્શાવવામાં આવ્યું છે. કચ્છ, ખેડા જિલ્લો પણ દર્શાવ્યા છે. ચિત્ર મોટું આપ્યું હોત તો નામો વાંચવામાં સરળતા રહેત. સિહોર નજીક ચમરડી ડુંગરોની ગુફાઓમાં પૂર્વ ઐતિહાસિક ચિત્રો મળી આવ્યાં છે. જામનગર શહેરના જૂના દરબારગઢનાં ભીંતચિત્રો અદ્ભુત છે.

નખત્રાણા તાલુકામાં બન્ની રણની દક્ષિણે આવેલા બિબ્બર ગામમાં રામમંદિરમાં રામાયણ તેમજ ભાગવતના પ્રસંગોનું ચિત્રણ છે. ખેડા જિલ્લાના વસો ગામની હવેલીઓમાં ભીંતચિત્રો જોવા મળે છે. બોચાસણ, બાકરોલ, રૂદેલ વગેરેમાં હિંદ પૌરાણિક કથાઓનાં ચિત્રો જોવા મળે છે. સ્વામિનારાયણનાં મંદિરોમાં મંદિરના ઘુમ્મટમાં સહજાનંદ સ્વામી અંગેનાં ચિત્રો જોવા મળે છે.

પુસ્તકમાં વડોદરાનાં ચિત્રો અંગેની વિગતોમાં ગાયકવાડના સમયે થયેલાં મંદિરોના નિર્માણની વાત છે. વડોદરા આજુબાજુનાં કેટલાંક ગામોમાં પણ મંદિરો બાંધવામાં આવ્યાં છે. આ મંદિરોના ગુંબજની અંદરની દીવાલો હિંદુ પૌરાણિક કથાઓ અને વિવિધ રૂપરેખાઓ દર્શાવતાં ચિત્રોથી શણગારેલી હતી. રાવપુરા તાંબેકરવાડામાં ૧૯મી સદીનાં સૌથી સુંદર પરંતુ ક્ષીણ થતાં ભીંતચિત્રો છે.

વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના ભાદરવા ગામ મહીમાતાના કાંઠે આવેલું છે. ત્યાં ઋષેશ્વર મહાદેવનું રળિયામણું સ્થાનક છે. મહાદેવના મંદિર તેમજ ગૂંસાઈઓની સમાધિ પર જૂનાં ભીંતચિત્રો જોવા મળે છે.

વડોદરા-ડભોઈ રોડથી ૧૭ કિલોમીટરના અંતરે ભીલાપુર રેલવે સ્ટેશનની પશ્ચિમે સર્વેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે, જે સયાજીરાવનાં પત્ની મહારાણી ચિમનાબાઈ દ્વારા બનાવવામાં આવ્યું હતું. તે મંદિરના ગુંબજની અંદર 'કુમાર સંભવ'ના પ્રસંગોનાં ચિત્રો દોરવામાં આવ્યાં છે. શિવપાર્વતીના લગ્નનાં ચિત્રો પણ છે.

ભીંતચિત્રોમાં ખનીજ દ્રવ્યોમાંથી બનાવેલા રંગોનો ઉપયોગ થયો છે. એમાં ગેરુ, પીળી માટી, ટરાવર્ટ નામના કાળા લાવા, પથ્થરમાંથી નીકળતો લીલો પદાર્થ, મેશ અને કડીનો સફેદ એમ પાંચ રંગો દેખાય છે. ભૂરો રંગ સદંતર વપરાયો નથી. ક્યાંક ક્યાંક ખડી અને ગેરુના મિશ્રણની ગુલાબી, કાળા તથા ગેરુના મિશ્રણની ઘેરા બદામી અને સફેદ સાથે કાળો મેળવી હળવા રાખોડી રંગ નીચે આવેલી રંગછટાઓ દેખાય છે.

પ્રસ્તુત પુસ્તકમાં અસંખ્ય ભીંતચિત્રોના રંગીન ફોટા આપ્યા છે. લેખકોએ ગુજરાતના ખૂણે ખૂણે ફરીને ચિત્રો ભેગાં કર્યાં છે. ઘણી બધી વિગતો પણ પુસ્તકમાં છે. આ માટે તેઓ ધન્યવાદને પાત્ર છે.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

■ કલા ગંગોત્રી ગ્રંથ-૨૮, કચ્છના આહીરોનું ભરતકામ - ફીરોઝી અંજીરબાગ/અનુવાદ : હરેશ ધોળકિયા




ફીરોઝી અંજીરબાગ બેનનાં અંગ્રેજી પુસ્તકનો ગુજરાતી અનુવાદ ગુજરાતના મૂર્ધન્ય સાહિત્યસર્જક શ્રી હરેશભાઈ ધોળકિયાએ કર્યો છે.

કચ્છ પાસે કારીગરીનો સમૃદ્ધ ઇતિહાસ છે. આ વિસ્તારમાં એક સમયે બ્લોક પ્રિન્ટિંગ અને વણાટકામથી માંડીને માટીકામ અને ધાતુકામ અને ચર્મકામ જેવી વિવિધ વીસેક હસ્તકળાઓ જોવા મળતી હતી. તેમાં અનેક ગામો અને કુટુંબો કોઈ ને કોઈ કારીગરીમાં નિષ્ણાત હતાં. કારીગર કોમ, જેનું આખુ કુટુંબ હસ્તકળામાં રોકાયેલું હતું, તેઓ પશુપાલનમાં રોકાયેલ કોમ જે તેમને કાચો માલ પૂરી પાડતી એની સાથે પરસ્પરાવલંબી સંબંધ રાખતા. આમ રબારીઓ પરંપરાગત રીતે વણકરોને ઊન પૂરું પાડતા, જેઓ બદલામાં તેમને કપડાં વણી આપતા. એ જ રીતે ઉત્તર કચ્છમાં રહેતી પશુપાલક કોમો જ્યાં ચર્મકામ કરનારા રહેતા, ત્યાં જ રહેતી. કચ્છ આખા જગતમાં કુદરતી રંગોની મદદથી કરાતાં બ્લોક પ્રિન્ટિંગ માટે જાણીતું હતું. આભલાંથી શોભી ઊઠતું સુંદર લીંપણકામ ઘરોની દીવાલોની શોભા વધારતું.

છેલ્લાં કેટલાંક વર્ષોથી સમગ્ર પ્રજાના આ મૂલ્યવાન અને સમૃદ્ધ વારસાની પડતી થઈ છે. કચ્છ પૃથ્વી પરનાં એવાં થોડાં સ્થળોમાંનું એક છે, જ્યાં હસ્તકળાઓમાં આટલી સમૃદ્ધિ અને પ્રચુરતા છે.

પુસ્તકની લેખિકા ફીરોજી લખે છે -

.... હસ્તકળા સાથે (લાકોનો) વ્યક્તિગત સંપર્ક તૂટતો જતો હતો. યુવાન પેઢી તેમની માતાઓ પાસેથી હસ્તકળા શીખવા આતુર ન હતી. પહેરવેશ પણ ઝડપથી બદલાતો હતો. બહુ જ સ્પષ્ટ દેખાતું હતું કે આવતાં દસ-વીસ વર્ષોમાં આ હસ્તકળા લુપ્ત થઈ જશે અને તે કોમો માત્ર તેમનો સમૃદ્ધ વારસો જ નહીં ગુમાવે, પણ તેમની આવકનું માધ્યમ પણ ગુમાવશે.

પુસ્તકના મુખ્ય ભાગમાં પાંચ પ્રકરણોનો સમાવેશ કરવામાં આવ્યો છે. (૧) આહીર ભરતકામ અને પહેરવેશની લાક્ષણિકતાઓ. (૨) આહીર ભરતકામની ભાષા : ટાંકાઓ અને આભલાં (૩) આહીર ભરતકામની ભાષા : બુટ્ટાઓ અને કોર (૪) વિવિધ આહીર પેટાજૂથોનું ભરતકામ : કેટલાંક વિશિષ્ટ લક્ષણો. (૫) પહેરવેશ, ઘર શણગાર અને અન્ય વસ્તુઓનું ભરતકામ.

આ પુસ્તક કલારસિકો માટે ચિત્રો જોઈને આનંદ માણવા માટેનું છે. સામાજિક સંસ્થાઓ કે જે બહેનોને કામ આપીને ભરતકામ કરાવે છે તેમના માટે ખૂબ જ ઉપયોગી છે. વ્યક્તિગત રીતે

(જુઓ પાન નં. ૧૯)

# વિશ્વમાં આબોહવા પરિવર્તન

## વિકસિત દેશો અને વ્યાપારી ગૃહો નુકસાની બદલ ૧.૩ ટ્રિલિયન ડોલરનું ભંડોળ આપશે ખરા!?

બ્રાઝિલના બેલેમ ખાતે તાજેતરમાં યોજાયેલા COP-30માં થયેલા વિમર્શમાં એક પ્રશ્નાર્થ સામે આવ્યો છે કે આબોહવા પરિવર્તનથી થતી નુકસાની માટે વિકસિત દેશો અને વ્યાપારી ગૃહો ૧.૩ ટ્રિલિયન ડોલરનું ભંડોળ આપશે ખરા!? એનું કારણ એ છે કે જો નાણાંકીય અને જવાબદારી વિશ્વસનીય રીતે ઉકેલવામાં નહીં આવે, તો COP ના ઘણા તકનિકી લાભો માપવા માટે પૂરતાં સાધનોનો અભાવ રહેશે. બ્રાઝિલના બેલેમમાં COP-30 (૬-૨૧ નવેમ્બર ૨૦૨૫) યોજાયું. જેમાં બ્રાઝિલના રાષ્ટ્રપતિ (જે પ્રણાલિક રીતે COP-30 નું નેતૃત્વ કરે છે) દ્વારા આબોહવા પરિવર્તન સામે વૈશ્વિક ગતિશીલતામાં માનવતાને એક કરવા પેરિસ કરારના પક્ષકારોની બેઠક તરીકે સેવા આપતી પક્ષકારોની પરિષદ સમક્ષ કાચો મુસદ્દો રજૂ કરાયો. સંવેદનશીલ દેશોને સમુદાય-સ્તરની પુનઃપ્રાપ્તિ અને પુનઃનિર્માણ માટે સહાય આપવી જોઈએ એવો મત વ્યક્ત થયો.

COP-30 દરમિયાન થયેલી ચર્ચાઓ અનુસાર આબોહવા પરિવર્તનથી થતી નુકસાની - ફંડ ફોર રિસ્પોન્ડિંગ ટુ લોસ એન્ડ ડેમેજ (FRLD) માટે વિકસિત દેશો અને વ્યાપારી ગૃહો દ્વારા અપાયેલાં અત્યાર સુધીનાં વચનો અર્થપૂર્ણ છે, પરંતુ જરૂરિયાતોની તુલનામાં ખૂબ જ ઓછાં છે. વિકાસશીલ દેશો અને નાગરિક-સમાજ જૂથો ભંડોળને ઝડપથી વધારવા માટે બંધનકર્તા પ્રતિબદ્ધતાઓ અને નવીન આવકના પ્રવાહો (દા.ત., અશ્મિભૂત-ઈંધણ નફા અથવા આંતરરાષ્ટ્રીય ઉડ્ડયન પર વસૂલાત) માટે દબાણ કરી રહ્યા છે. શ્રીમંત પક્ષો (વિકસિત દેશો અને વ્યાપારી જૂથો)એ ફાળો આપવાની ઇચ્છા દર્શાવી છે. પરંતુ હજુ સુધી સંવેદનશીલ રાજ્યો દ્વારા વિનંતી કરાયેલા સ્તરે યોગદાન આપ્યું નથી. જેને કારણે; આ તફાવત બેલેમ ખાતે FRLD માટે એકમાત્ર સૌથી મોટી વિશ્વસનીયતા સામે શંકા છે. અશ્મિભૂત ઇંધણને તબક્કાવાર બંધ કરવાનો રોડમેપ વિચારાયો હતો. ૮૦ થી વધુ દેશોએ જાહેરમાં COP-30ને અશ્મિભૂત ઇંધણને તબક્કાવાર બંધ કરવા માટે સ્પષ્ટ રોડમેપ અપનાવવા વિનંતી કરી છે - COP-30માં અપનાવવામાં આવેલી ભાષાને અસરગ્રસ્ત દેશો માટે નક્કર સમયરેખા, મેટ્રિક્સ અને નાણાંકીય/સંક્રમણ (Just Transition) સહાય માટેની દરખાસ્તે વાટાઘાટોના કેન્દ્રમાં એક ઉચ્ચ-પ્રોફાઈલ રાજકીય ચર્ચા ઊભી કરી છે. મુખ્ય અશ્મિભૂત ઇંધણ ઉત્પાદકો અને કેટલાંક ઉચ્ચ ઉત્સર્જન કરતાં રાજ્યો અને તેમની સાથે જોડાયેલાં પ્રતિનિધિમંડળો દ્વારા ટેકનોલોજી, તટસ્થ સંક્રમણ (Just Transition) ભાષા, ઊર્જા સુરક્ષા ચેતવણીઓ અથવા સ્વૈચ્છિક સંક્રમણ માર્ગો પર ભાર મુકાયો હતો. ગ્લાસગો પ્રતિબદ્ધતાને (COP-30)૨૦૨૫ ના સ્તરથી ૨૦30 સુધીમાં વાર્ષિક ઓછામાં ઓછા ૧૨૦ બિલિયન યુએસ ડોલર સુધી ત્રણ ગણો કરવાનો પ્રસ્તાવ છે.

બ્રાઝિલની COP-30 એ પહેલી મોટી બેઠક છે જ્યાં પક્ષોએ વિચાર્યું કે ગ્લોબલ સ્ટોકટેકનાં તારણોથી લઈને નક્કર અમલીકરણ ફોલો-અપ્સ તરફ

(જુઓ પાન નં. ૨૩)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# નવસ્થાનિકોનો ઉદય ભાગ - ૨

(ગતાંકનું ચાલુ....)

## ૧૯૯૦નો દાયકો : દિલ્હીથી રિયો

૧૯૯૦ના દસકામાં પૂરા ભારતમાં 'વિકાસ કોના માટે'નું યુદ્ધ ખેલાઈ રહ્યું હતું. કારખાનાં ઊભાં થઈ રહ્યાં હતાં. ગ્રામવાસીઓને જમીન પરથી ખદેડી મુકાતાં હતાં. દાયકા પછી પશ્ચિમ બંગાળમાં નંદીગ્રામ ચળવળ શરૂ થઈ. મુદ્દો તો હતો, ટાટા ગ્રૂપ ત્યાંની જમીન પર ફેક્ટરી ઊભી કરી રહ્યું હતું તે મુદ્દે ઘણો ઉકળાટ અને ઉશ્કેરાટ જોવા મળી રહ્યો હતો. 'અમે' અને 'તેઓ'નો ભેદ પ્રગટપણે બહાર આવી રહ્યો હતો. 'અમે' એટલે ઝૂંપડાં અને ગામડાંવાળાં, 'તેઓ' એટલે નવા ઔદ્યોગિક ભારતના રમતવીરો. આ બિલકુલ વૈશ્વિકીકરણની લડાઈમાં થાય છે એવું જ હતું. ત્યાં પ્રશ્ન હતો : 'કોનો વિકાસ' અને 'કોના ભોગે.' અનપેક્ષિત રીતે પરિણામ એ હતું કે પ્રત્યેક સ્થાનિક મુદ્દા પાછળ વૈશ્વિકીકરણ હતું. પ્રત્યેક વૈશ્વિક વિકાસનો પાયો વળી સ્થાનિક હતો.

ત્યાં સુધીમાં તો દિલ્હીમાંના મારા ઘર સામેના રસ્તા પર વાહનોની સંખ્યા વધી રહી હતી. એ બધાં વિવિધ દેશોમાંથી આવેલી આયાતી ટેક્નોલોજીથી બનેલાં હતાં. ભારતનો ઊછળતો મધ્યમવર્ગ એમાં પોતાની ઊછળતી લાગણીઓ જોઈ રહ્યો હતો. આ જ ઊર્જા ભારતની કૂદકે-ભૂસકે વધી રહેલી આર્થિક વૃદ્ધિને ટકાવી રહી હતી. મને લાગ્યું કે હું જે વાયુપ્રદૂષણ સામે લડી રહી છું એ તો મારા ઘરના ઉંબરે આવીને ઊભું છે ! આ લડાઈ માત્ર સ્થાનિક સત્તામંડલ સામેની નહોતી, પરંતુ વિશ્વવ્યાપી ઉપભોગના ગાંડપણ સામે હતું. બાળપણનાં મારાં ગમતાં વૃક્ષો કંઈક જુદી રીતે વર્તી રહ્યાં હતાં. એ કસમયે ખીલી રહ્યાં હતાં. જળવાયુ પરિવર્તનનો જે વૈશ્વિક પડકાર છે તેનો આ સંદેશ હતો, જે મારા બારણે આવીને ઊભો હતો. મને મૂંઝવી નાખતો સવાલ એ હતો કે આ માટે જવાબદાર કોણ છે અને કોને તેની કિંમત ચૂકવવી પડે છે. ભારતનાં ઝૂંપડાં અને ગામડાંનું ઉત્સર્જન શૂન્ય હતું. જે હતું તે તો જીવવા પૂરતું હતું. વૈભવી ઉત્સર્જન ન હતું. છતાં મને દેખાતું હતું કે સૌથી પહેલો ભોગ તો તેઓ બની રહ્યા હતા. વિશ્વકક્ષાની તીવ્ર લડાઈ આપણે સ્થાનિક કક્ષાએ લડવાની હતી. વળી, મેં આગળ કહ્યું તેમ આ લડાઈ વૈશ્વિકીકરણના પહેલાંથી શરૂ થઈ ગઈ હતી. હવે તો તે આપણી જીવનશૈલી બની ગઈ હતી.

હું જ્યારે હજુ ત્રીસની ઉંમરની પણ ન હતી. લડાઈની બરોબર વચ્ચે ઊભી રહી ગઈ હતી. એ લડાઈ હતી સમૃદ્ધ અને ગરીબ વચ્ચેની, વૈશ્વિકીકરણ અને સ્થાનિકીકરણ વચ્ચેની, વૈભવી અને ગરીબ થતાં જતાં રાષ્ટ્રો વચ્ચેની લડાઈ કડવાશભરી હતી, કારણ કે એમાં પર્યાવરણ વિશેની શોભા પૂરતી ચર્ચા ન હતી, પરંતુ પર્યાવરણ અને અર્થતંત્ર વચ્ચેના અભેદ્ય બની ગયેલ સંબંધ બાબતે હતી, જે કલ્પનાતીત રીતે હવે વૈશ્વિક બની ચૂકી હતી. હવે આ લડાઈ ખરેખર આપણાં રસોડાં અને આપણાં ઘરોમાં પહોંચી ચૂકી હતી.

૧૯૯૦-૯૧માં વર્લ્ડ રિસોર્સિંગ ઇન્સ્ટિટ્યૂટે દાવો કર્યો હતો કે વિકસિત દેશો જે ગ્રીનહાઉસ ગેસનું ઉત્સર્જન કરે છે તે લગભગ ઔદ્યોગિક દુનિયાના પ્રમાણ જેટલું છે. એ અહેવાલે ચેતવણી ઉચ્ચારેલી કે વિકાસશીલ દેશો ભવિષ્યમાં ઉત્સર્જનની બાબતે વિકસિત દેશોથી આગળ નીકળી જશે. કારણ કે તેમનાં ખેતરો, મેદાનો અને પશુધન જે ઝૂંપડાંઓમાં અને ગામોમાં છે તે પણ ગ્લોબલ વૉર્મિંગમાં પ્રદાન કરે છે. ૧૯૯૨માં, પર્યાવરણવાદી અનિલ અગ્રવાલ સાથે મેં અહેવાલ લખ્યો : Global warming in an Unequal world : A case of Environemtal Capitalism. અહેવાલ નાનકડો હતો, થોડાંક જ પાનાંનો હતો, પરંતુ એમાં ઉત્સર્જનની જે ગણતરીઓ મૂકેલી હતી તે ઘણાંને ખળભળાવી મૂકે તેવી હતી.

૧૯૯૨ની યુનોની રિયો ડી જાનેરો ખાતેના પરિસંવાદમાં પર્યાવરણ અને આર્થિક ક્ષેત્રના ડેવિડો ગોલિયાથો સામે અમે માત્ર લડવા નહોતા માગતા, પરંતુ જીતવાની પણ આશા રાખતા હતા. અમારા અહેવાલમાં એવો પડકાર ફેંકવામાં આવ્યો હતો કે વૈશ્વિક ઉત્સર્જનની જવાબદારી નક્કી કરવા માટે માથાદીઠ તે કેટલું થાય છે તેના આધારે ગણતરી કરવામાં આવે. ત્યારથી સમાનતાના એ ધોરણ માટેની લડાઈ આગળ ચાલતી રહી છે. કોઈ માત્ર જીવન જીવવા માટે એટલે કે ટકી રહેવા માટે ઉત્સર્જન કરે છે, તો બીજો વર્ગ વૈભવી જીવનશૈલીથી જીવન જીવીને ઉત્સર્જનમાં ઉમેરો કરે છે. ગરીબવર્ગના રસોઈઘરના ચૂલાને કારણે પેદા થતું ઉત્સર્જન અને બીજી તરફ સમૃદ્ધવર્ગની મોટરોને કારણે થતું ઉત્સર્જન, વૈશ્વિકીકરણ અને સ્થાનિકીકરણ વચ્ચેનો મહત્ત્વના ધ્રુવીકરણનો મુદ્દો હોય તો તે આ છે. અમે લડી રહ્યા હતા વૈશ્વિક પડકાર સામે, અમારી લડાઈનો મુદ્દો હતો, સ્થાનિક પરિપ્રેક્ષ્નો. 'ગરીબોનું પર્યાવરણશાસ્ત્ર' અને 'સમૃદ્ધોનું પર્યાવરણશાસ્ત્ર' બંને વચ્ચે મોટો તફાવત છે તે સમજાવો જોઈએ.

૧૯૯૦ના દસકની મધ્યમાં અને અંત તરફ જવામાં ભારતમાં ખેતીની આપદાને કારણે ખેડૂતોના આપઘાતના કિસ્સાઓના અહેવાલો આવવા લાગ્યા હતા. હવામાનની અસમાનતાઓ સમાચાર બની રહી હતી. વૈશ્વિક ચર્ચાઓ તો ગ્લોબલ વૉર્મિંગ અને વેપારક્ષેત્રની અસરો જે આર્થિક નિર્ણયો કરવાની રાષ્ટ્રોની સ્વતંત્રતા ઝૂંટવી રહી હતી એનાં પરિણામોની આસપાસ ચાલી રહી હતી. આંધ્રપ્રદેશનો ભારતનો ખેડૂત જે મગફળી પકવતો હતો તેનો આપઘાત શું વૈશ્વિકીકરણને કારણે હતો? વૈશ્વિક વેપાર સંગઠન (WTO) મુજબ ખાદ્યતેલનું બજાર ભારતે ખુલ્લું મૂકવાનું હતું. આ બજારમાં બિચારા સ્થાનિક ખેડૂતો હરીફાઈમાં ઊભા રહી શકે તેમ જ ન હતા. સ્થાનિક અને વૈશ્વિક વચ્ચે મજબૂત કડીઓ હોવાની દલીલો ચાલુ હતી. ઑરિસ્સા રાજ્યમાં ૧૯૯૯માં જે ચક્રવાતી તોફાન આવ્યું અને વિનાશ વેરાયો તે જળવાયુ પરિવર્તનને કારણે હતો ? ઓરિસ્સા સરકારે અમેરિકા પર કેસ માંડવો જોઈએ એવો ધીમો ગણગણાટ મોટી બુમરાણમાં પરિણમી રહ્યો હતો. ચર્ચાઓ અને દલીલોમાં પોતપોતાના પુરાવા રજૂ કરાઈ રહ્યા હતા. વૈશ્વિકીકરણના મુદ્દે આકાર લઈ રહેલું ધ્રુવીકરણ હવે માત્ર શાસ્ત્રીય ચર્ચાનો વિષય રહ્યું નહોતું. એ કદી અટકવાનું પણ ન હતું.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ગરીબો માટે ટકાઉ વિકાસની માંગણી દક્ષિણ ગોળાર્ધના વિકસી રહેલા દેશોમાંથી જ ગણગણાટ રૂપે ઊભરી રહી હોય એવું નહોતું. દિનપ્રતિદિન એ તીણી ચીસ અને મોટા બૂમબરાડામાં પરિણમી રહી હતી. એકવીસમી સદીના પહેલા દાયકામાં આપણને તે કદાચ ઘોંઘાટ લાગ્યો હોત.

નવી સદીના પ્રથમ દાયકાના મધ્યમાં પહોંચતા વૈશ્વિકીકરણની ચર્ચામાં આખી પેઢી ઊલટી દિશામાં જઈ રહી હતી. જ્યારે ૧૯૯૨માં રિયો ડી જાનેરોમાં આંતરરાષ્ટ્રીય કક્ષાએ જળવાયુ પરિવર્તન અંગે સંમતિ કરારની ચર્ચા પૃથ્વી શિખર મંત્રણામાં ચાલી રહી હતી ત્યારે 'સમાન ધોરણ' એ સાદો વિચાર લાગતો હતો. આપણા બધાની જવાબદારી છે અને વાતાવરણ સંદર્ભે આપણે બધા સરખા જવાબદાર છીએ એ વાત હતી. તે સમયે સ્થાપિત અને સ્વીકૃત આર્થિક સત્તાઓ સિવાયના કોઈ દેવાદારો નહોતા. તેમ છતાં, 'સમાન ધોરણ'નો સિદ્ધાંત જલદી સ્વીકૃત બનતો નહોતો. દેશોના એક નાનકડા સમૂહે છેલ્લાં સો વર્ષમાં વનસ્પતિજન્ય ઊર્જાસ્રોતોને બાળી નાખીને બહુ મોટી સંપત્તિ એકઠી કરી હતી. ઉત્સર્જનની જવાબદારી તો એમને લેવાની હતી અને પોતાના એ વલણ પર અંકુશો મૂકવાના હતા. તેઓ એમ કહી રહ્યા હતા કે આ તો આપણી સહિયારી સમસ્યા છે અને સહિયારી જવાબદારી છે !

દાયકાઓ સુધી વિકસિત દેશોએ વૈશ્વિકીકરણનો લાભ મેળવ્યો. સોંઘી મજૂરી, નજીવી કિંમતે ઉત્પાદન અને ઓછા પ્રદૂષણનો લાભ મેળવ્યો. એનાથી જ ભારત અને ચીન જેવાં ચાવીરૂપ અર્થતંત્રોને બનવામાં મદદ મળી. અપેક્ષા મુજબ ઉત્સર્જનમાં તેમનો હિસ્સો પણ વધવા લાગ્યો, પણ વિકસિત દેશોની સરખામણીમાં તે ઓછો જ રહ્યો. અમેરિકા અને અન્ય વિકસિત રાષ્ટ્રો વૈશ્વિક ચર્ચામાં સમાન ધોરણના સિદ્ધાંતની દુહાઈ આપી રહ્યાં હતાં. એટલે ગાળિયો હવે ચીન અને ભારત જેવા દેશોના ગળામાં ભેરવાઈ રહ્યો હતો. આર્થિક અને પર્યાવરણની શરતોએ સોંઘો વેપાર કરવાનો અર્થ એ થતો હતો કે વિકસિત રાષ્ટ્રોએ સ્થાનિકોને રોજગારીના મુદ્દે સમાધાન તો કરવું પડે, આ સરસાઈ આ મૉડલના પાયામાં હતી.

સપ્ટેમ્બર, ૨૦૧૮માં તત્કાલીન અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહેલું : 'મારી વાત તો એ છે કે અમે વિકાસ કરી રહ્યા છીએ. અમને થોડા પૈસા આપો. અમે વિકાસ કરી રહ્યા છીએ.' જે સંદર્ભમાં આ વિધાન કરવામાં આવ્યું તે સમજવું મહત્ત્વનું છે. જળવાયુ પરિવર્તન સંબંધે જે પૅરિસ સમજૂતી કરાર થઈ રહ્યા હતા તેનો તેમને વાંધો હતો. અમેરિકા જળવાયુ પરિવર્તન સંધિમાંથી નીકળી જવા માગતું હતું. ટ્રમ્પે આ કરાર વિશે કહેલું કે : 'આ તો અમારા દેશ માટે વિનાશક છે.' અને દાવો કરેલો કે તેમાં જોડાઈએ તો અમેરિકાએ કારખાનાં બંધ કરવાં પડે. વાત વૈશ્વિકીકરણની રહી ન હતી. સ્થાનિક લઘુમતીની ચિંતા વૈશ્વિકીકરણને ઉખાડી મૂકતી હતી. તેઓ અમેરિકી ચૂંટણીમાં પ્રમુખ તરીકે ચૂંટાયા તેનો અર્થ જ એ થતો હતો કે વૈશ્વિકીકરણનો નવો યુગ શરૂ થઈ રહ્યો છે.

મેં ત્યારે કહેલું કે સમૃદ્ધો વેરભાવનાથી વર્તી રહ્યા છે. વિકસિત રાષ્ટ્રોને પોતાને ત્યાં વૈશ્વિકીકરણને કારણે રોજગારી ઘટે નહિ અને અર્થતંત્ર બગડે નહિ તેની લડાઈ લડવી પડે તેમ હતી. ચીન અને બીજા દેશો સાથે ટ્રમ્પે 'વેપારયુદ્ધ' તો શરૂ કરી જ દીધું હતું. ઑગસ્ટ, ૨૦૧૮માં બ્લૂમબર્ગ ન્યૂઝને આપેલી એક મુલાકાતમાં ટ્રમ્પે આખરી ચેતવણી આપી દીધેલી કે 'જો એ લોકો તૈયાર નહિ થાય તો હું વિશ્વવેપાર સંસ્થામાંથી નીકળી જઈશ.' અખબારોમાં અહેવાલો આવતા હતા કે ટ્રમ્પના મળતિયાઓ કહી રહ્યા છે કે વિશ્વવેપાર સંગઠન (WTO) બાકીની દુનિયાએ અમેરિકાને ભિડાવવા માટે ઊભું કર્યું છે.

**- સુનીતા નારાયણ**

(ક્રમશઃ) **અનુ. ડંકેશ ઓઝા**

---

**વાંચન થાળ...** (પાન ૧૭નું ચાલુ)

ભરતકામ કરનાર માટે તો આ પ્રેરણા પૂરું પાડનારું પુસ્તક છે. પુસ્તકમાં છેલ્લે આપેલ પારિભાષિક શબ્દોની સમજ જે લોકો કચ્છમાં જઈને ભરતકામ અંગે વધુ જાણવા માંગે છે તેને માટે ખૂબ ઉપયોગી છે.

આ પુસ્તકમાં ભાગ-૨ કથન - પૃષ્ઠ ૮૮માં સરિયાબહેન સમજાવે છે-માં આપેલી વિગતો ખૂબ રસપ્રદ છે. તેઓ કહે છે -

૦ મને પરંપરામાં જે ગમે છે તે સાતત્યની ખાતરી.

૦ પરંપરાની આ શાશ્વત પ્રકૃતિમાંથી જ હું બળ અને આશ્વાસન મેળવું છું.

૦ રિવાજો ટકી જાય છે. તેમાં સમજણ હોય છે.

૦ અમારાં વસ્ત્રો અને ભરતકામમાં જે મૌન સંજ્ઞાઓ છે, તે પણ પરંપરાના સારા વિચારોનું એક પાસું છે.

૦ આ સંજ્ઞા, સ્ત્રી પરણેલી છે કે કુંવારી એનો ખ્યાલ આપી શકે છે.

આ પુસ્તકનો ઊંડો અભ્યાસ કરવાનો સમય ન હોય તો કમસે કમ તેનાં પાનાં ધીરે ધીરે ફેરવતા રહો અને ચિત્રો પર શાંતિથી નજર નાંખતા રહેશો તો પણ એક આનંદયાત્રા બની જશે.

આપણે ગ્રંથ ૨૯, સંશોધન ગ્રંથ-૧ તેમજ સંસ્કૃતિ સંશોધન પ્રકલ્પ - ૨૦૨૫ અહેવાલ પુસ્તક અંગે આગળ ઉપર નજર નાંખીશું.

**- રશાંસ**

**શ્રી અરવિંદ સાધના શિબિર નૈનિતાલ**

પ્રોફેસર ભરતસિંહ ઝાલાની બે શિબિરો નૈનિતાલમાં દિવ્ય જીવન ગ્રંથ અને મહાકાવ્ય સાવિત્રી ઉપર નીચે પ્રમાણે રાખવામાં આવી છે.

(૧) તા. ૨૯-૪-૨૬ થી ૫-૫-૨૬ શિબિર નં. ૩૮

(૨) તા. ૬-૫-૨૬ થી ૧૨-૫-૨૬ શિબિર નં. ૩૯

રહેવા જમવાના તથા રજિ.ફી. ૧૨,૦૯૬ + ૫૦૦ દરેકના રહેશે.

સંપર્ક : (૧) પ્રોફે. ભરતસિંહ ઝાલા, બોટાદ. મો. ૯૪૨૬૬૯૫૧૯૮



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ફક્ત એક શબ્દ

**ભ**ગવાન બુદ્ધના મહાનિર્વાણ પછી લગભગ એક હજાર વર્ષ બાદ બોધિધર્મ ભારતથી ચીન ગયો. બોધિ ધર્મે ચીનમાં બાર વર્ષ સુધી ગહન તપશ્ચર્યા કરી. બોધિ ધર્મને નિર્વાણની ઉપલબ્ધિ થઈ. તેમના દ્વારા ચીનમાં ઝેન સંપ્રદાયનો પ્રરંભ થયો.

તેરમી સદીમાં ઝેન પરંપરામાં ચીનમાં એક સમર્થ ગુરુ થયા. તેમનું નામ દાઈ કાકુ. દાઈ કાકુ ચીનથી જાપાન ગયા. તેમણે જાપાનમાં ઝેન સંપ્રદાયનો પ્રચાર કર્યો. તે સમયની જાપાનની કામાકુરા સરકાર દાઈ કાકુના કાર્યથી ખુશ થઈ. જાપાનમાં અનેક ઝેન મઠોની સ્થાપના થઈ. તે વખતે કેન્યોજી નામના સ્થાનમાં એક વિશાળ ઝેન મઠની સ્થાપના થઈ.

થોડા સમય પછી જાપાનમાં પરંપરાવાદીઓએ ઝેન વિરોધી પ્રચાર શરૂ કર્યો. તેઓએ એવો આક્ષેપ મૂક્યો કે દાઈ કાકુ ચીનની મોંગોલ સરકારના જાસૂસ છે. તેથી તેમને દેશનિકાલ કરવા જોઈએ. વિરોધીઓના આ પ્રચારને વશ થઈને દાઈ કાકુની બદલી એક દૂરના મઠમાં કરવામાં આવી.

દાઈ કાકુની બદલી દૂરના મઠમાં કરવામાં આવી તો પણ વિરોધીઓ શાંત થયા નહિ. તેમણે એવો પ્રચાર શરૂ કર્યો કે દાઈ કાકુ સાચા જ્ઞાની પુરુષ નથી. તેઓ બૌદ્ધ ધર્મના પંડિત નથી. તેઓ જે ઝેન સૂત્રો આપે છે તે ઘણાં લાંબાં છે. સામાન્ય લોકોને આટલાં લાંબાં સૂત્રો યાદ રહી શકે નહિ. બીજા ગુરુઓ તો માત્ર છ કે સાત શબ્દોનાં સૂત્રો આપે છે. દાઈ કાકુ આટલાં લાંબાં સૂત્રો શા માટે આપે છે ? વિરોધીઓએ આ પ્રકારનો પ્રચાર જોરશોરથી કરવા માંડ્યો. શિષ્યોએ વિરોધીઓના આ પ્રચારની વાત પોતાના ગુરુ દાઈ કાકુ સમક્ષ રજૂ કરી.

આખરે દાઈ કાકુએ એક કોયડો (કોઆન) રજૂ કર્યો. તે કોયડો આ પ્રમાણે છે –

''સમગ્ર ઝેનશાસ્ત્ર ફક્ત એક જ શબ્દમાં સમાઈ જાય છે. છ કે સાત શબ્દોની પણ જરૂર નથી. એ એક શબ્દ કયો હશે, તે સૌથી મોટી સમસ્યા છે. તે શબ્દ તમે જાતે જ શોધી કાઢો. જેમને આ શબ્દ મળશે તેમનું કલ્યાણ થશે.''

આ પ્રમાણે કોયડો રજૂ કરીને ગુરુ દાઈ કાકુએ સાથે સાથે આ પ્રમાણે જાહેરાત પણ કરી –

''તે એક શબ્દ શોધવા માટે જેટલી વધુ મહેનત કરશો તેટલા પ્રમાણમાં તે શબ્દ દૂર છટકી જશે. તે શબ્દ શાસ્ત્રોમાં સમાયો નથી. તેના વિશે બોલવાથી તેનું સત્ત્વ ચાલ્યું જશે. તે શબ્દ વાણીથી અર્થાત્ સર્વ શબ્દોથી પર છે. ફક્ત જાગ્રત ચેતના જ તે શબ્દને શોધી શકશે. તે શબ્દને જાણી શકાશે, પરંતુ કહી નહિ શકાય.''

કહેવાય છે કે આ શબ્દની શોધ હજુ પણ ચાલુ જ છે. કોઈ વિરોધીએ હજુ સુધી દાઈ કાકુ રચિત આ કોયડાનો ઉત્તર આપ્યો નથી.

કહો જોઈએ તે શબ્દ કયો હશે ?

તે શબ્દ શબ્દાતીત છે. આ તો એક હાથે તાળી પાડવાની વાત છે. આપણા સંત સાહિત્યમાં એક શબ્દપ્રયોગ છે – બાવનથી બારો. આપણા મૂળાક્ષરોની સંખ્યા બાવન છે. બધા જ શબ્દો અને તેથી સમગ્ર ભાષા આ બાવન અક્ષરોની બનેલી છે. પરંતુ એક તત્ત્વ એવું છે જે આ બાવન અક્ષરોની બનેલી ભાષા દ્વારા કહી શકાતું નથી. તેથી તેને બાવનથી બારો કહેલ છે.

ઝેન ગુરુ દાઈ કાકુ પણ અહીં એ બાવનથી બારાની વાત કરી રહ્યા છે. તેઓ કહે છે કે માત્ર એક શબ્દમાં સમગ્ર ઝેનનો સંદેશ સમાઈ જાય છે. જેઓ આ શબ્દને પામશે તેમનું કલ્યાણ થશે. કયો હશે આ શબ્દ ? દાઈ કાકુ આ સમસ્યા રજૂ કરીને અટકી જાય છે. તેઓ કોઈ ઉત્તર આપતા નથી.

ઝેન પરંપરામાં કોઆન દ્વારા ધ્યાન કરવાની પદ્ધતિનો વિકાસ થયો છે. કોઆન એક પ્રકારનો ગહન કોયડો છે. આ કોયડાને માધ્યમ બનાવીને તેના આધારે ધ્યાન કરવું તે ઝેન સાધનાનું એક સ્વરૂપ છે. જ્યારે આ કોઆન પદ્ધતિથી ધ્યાન કરતાં કરતાં સાધક ઉચ્ચતર ચેતનામાં પ્રવેશ પામે છે, ત્યારે કોયડો આપોઆપ ઊકલી જાય છે. આ રીતે કોઆન (કોયડો) એક પ્રકારની ધ્યાન પદ્ધતિ છે.

અહીં પણ ગુરુ, દાઈ કાકુ એક કોઆન રજૂ કરે છે –

''સમગ્ર ઝેન શાસ્ત્રો એક શબ્દમાં સમાઈ જાય છે. તે શબ્દ કયો ?''

બાહ્ય દૃષ્ટિએ જોઈએ તો તેવો કોઈ શબ્દ નથી. મૂળાક્ષરોમાંથી રચેલો કોઈ શબ્દ અહીં અભિપ્રેત નથી. તેથી આ કોયડાનો કોઈ જવાબ આપી શકાય નહિ. પરંતુ આ કોયડા પર ચિંતન-ધ્યાન કરવાનું છે. ધ્યાન દ્વારા મનસાતીત – શબ્દાતીત ભૂમિકામાં પ્રવેશ થાય છે. આ અશબ્દની અવસ્થા છે. આ અશબ્દ તે જ પેલો શબ્દ (!) છે, જેમાં બધાં ઝેનશાસ્ત્રોનું તાત્પર્ય સમાઈ જાય છે. બધાં ઝેનશાસ્ત્રોનું તાત્પર્ય શું છે ? મનસાતીત અર્થાત્ શબ્દાતીત (અશબ્દ) અવસ્થામાં પ્રવેશવું, તે જ તો બધાં ઝેનશાસ્ત્રોનું તાત્પર્ય છે.

જેઓ આ અશબ્દની અવસ્થામાં પ્રવેશશે તેઓનું પરમ કલ્યાણ થશે. તેઓ ઝેનશાસ્ત્રના તાત્પર્યસ્વરૂપ તે અશબ્દ શબ્દને જાણી ગયા છે, તેથી તેઓ પરમ કલ્યાણને પાત્ર બન્યા છે, એમ કહેવાનો અર્થ છે.

ઉપનિષદોમાં ઓમકારની ચતુર્થમાત્રા વિશે કહેવામાં આવે છે. ઓમકારની ત્રણ માત્રાઓ તો સર્વવિદિત છે – अ, उ, म પરંતુ ચતુર્થ માત્રા કઈ ? ચતુર્થ માત્રા શબ્દાતીત છે, તે તુરીયાવસ્થા છે. તે બાવન-બારી માત્રા છે. તેનું કથન મૂળાક્ષરોમાંથી બનેલી ભાષા દ્વારા થઈ શકે તેમ નથી. ઉપનિષદો જેને ઓમકારની ચતુર્થ માત્રા કહે છે, તેને જ ઝેન ગુરુ, દાઈ કાકુ સર્વ શાસ્ત્રોનો સારરૂપ શબ્દ કહે છે, તેને જ તેઓ પરમ કલ્યાણકારી શબ્દ કહે છે અને તેને જ તેઓ અશબ્દ શબ્દ કહે છે.

**– ભાણદેવ**

(સરસ્વતી નિકેતન આશ્રમ,
પટેલ વિદ્યાલય પાસે, જોધપર (નદી) વાયા મોરબી-૩૬૩૬૪૨.)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# આવતીકાલની ઝાંખી

યુવલ નોવા હરારી વર્તમાન જગતના એક સુપ્રસિદ્ધ ઇતિહાસકાર છે. તેઓ ઇતિહાસનું જે અર્થઘટન કરે છે તે આપણને ચોંકાવી દે છે. તેમણે આજ સુધીના ઇતિહાસનું અર્થઘટન કરતું એક અદ્ભુત પુસ્તક લખ્યું છે. ''સેપીયન્સ.'' તેમાં વીસ લાખ વર્ષનો માનવજાતનો ઇતિહાસ નોંધ્યો છે. આ પુસ્તક ઇતિહાસનું હોવા છતાં એક થ્રીલર નવલકથા જેવું છે. એક પાનું પણ ન છોડી શકીએ તેવું. વારંવાર વાંચવા જેવું. માનવજાતને સમજવાનો પ્રયાસ કરનાર દરેકે વાંચવા જેવું પુસ્તક છે.

હરારી અહીંથી ન અટક્યા. આ પુસ્તક પછી તેમણે બીજું પુસ્તક લખ્યું ''હોમોડીયસ.'' પહેલું પુસ્તક ભૂતકાળનું હતું. આ પુસ્તક આવતી કાલનું છે. પુસ્તકનું પેટા શીર્ષક જ છે ''આવતી કાલનો સંક્ષિપ્ત ઇતિહાસ.'' એ પણ એવું જ રોમાંચક છે. એક એક મુદ્દો લઈ તે એટલી તો સરળતાથી અને છતાં ખૂબ ઊંડાણથી સમજાવે છે કે વાંચ્યા જ કરીએ. તેના નાના નાના મુદ્દાઓ જાણવા જેવા છે.

શરૂઆતમાં તેઓ લખે છે કે હજારો વર્ષોથી ત્રણ સમસ્યાઓ માનવજાતને પરેશાન કરતી રહી છે : દુકાળ, પ્લેગ, અને યુદ્ધ. બે સહસ્રાબ્દી સુધી માનવજાત તેનો સામનો કરી રહી, પણ દૂર કરી શકી નહીં. પણ ત્રીજી સહસ્રાબ્દી શરૂ થતાં જ માણસે તેનો ઉકેલ શોધવાનો પ્રયાસ શરૂ કર્યો છે. તે હજી દૂર થયાં નથી, પણ તેને દૂર કરી શકાય તેમ છે એ માન્યતા તો શરૂ થઈ જ ગઈ છે. તે દૂર કરવા માટે ભગવાનની જરૂર નથી એમ માનવાની શરૂઆત થઈ છે. આનાં કારણોમાં કોઈ માનવીય ગરબડ છે એમ માની તે જાણવા હવે તપાસપંચ સ્થપાય છે.

હરારી લખે છે કે ગઈ કાલે જે સમસ્યાઓ હતી તેના બદલે આજે બીજી જ સમસ્યાઓ છે. આ બાબતે તેમનાં વિધાનો આપણને વિચારતા કરી દે છે. તેઓ લખે છે :

ઇતિહાસમાં આજે પહેલી વાર ભૂખ્યા રહેવાને બદલે વધુ ખાઈને લોકો મરે છે. ચેપી રોગોને બદલે લોકો વૃદ્ધાવસ્થાના કારણે વધારે મરે છે. સૈનિકો, ત્રાસવાદીઓ અને અપરાધીઓના હાથે ના મરે તેના કરતાં વધુ લોકો આત્મહત્યા કરીને મરે છે.

તેઓ કહે છે કે હજારો વર્ષો સુધી કલ્પનાતીત લોકો દુકાળમાં મરી જતા હતા. ભારતમાં દુકાળ આવતો ત્યારે પાંચથી દસ ટકા લોકો તેમાં હોમાઈ જતા. પણ છેલ્લાં સો વર્ષ દરમ્યાન ટેકનોલોજીકલ, ઈકોનોમિક અને પોલિટીકલ વિકાસના કાણે સુરક્ષાનું મજબૂત કવચ ઘડાયું છે. તેના કારણે ગરીબીની લાઈન નાની થઈ ગઈ છે. પૃથ્વી પર હવે કુદરતી દુકાળ નથી રહ્યા. માત્ર રાજકીય દુકાળ રહ્યા છે. સીરિયા, સુદાન કે સોમાલિયામાં લોકો જો ભૂખે મરતા હોય તો એટલા માટે કે ત્યાંના રાજકારણીઓ એમને એ રીતે મરવા દે છે. ભલે આજે પણ સેંકડો લોકો રોજ ભૂખ્યા સૂવે છે, પણ મોટા ભાગના દેશોમાં બહુ ઓછા લોકો ભૂખે મરે છે.

પછી ધડાકો કરતાં લખે છે કે હકીકતમાં આજે મોટા ભાગના દેશોમાં અતિશય આહાર કરવો એ દુકાળની તુલનામાં ઘણી વિકટ સમસ્યા બની ગઈ છે. વિશ્વમાં ૨૦૧૪માં ૮૫૦ મિલીયન કુપોષિત લોકોની તુલનામાં ૨.૧ બિલીયન લોકો વધારે વજનવાળા હતા. અનુમાન છે કે ૨૦૩૦માં અડધી માનવજાત ઓવરવેઈટથી પીડાતી હશે. ૨૦૧૦માં દુકાળ અને કુપોષણના કારણે દસ લાખ લોકોનાં મૉત થયાં હતાં, જ્યારે મેદસ્વીપણાથી ત્રણ મિલીયન લોકોનાં મૉત થયાં હતાં.

દુકાળ પછી માનવજાતનો મોટો દુશ્મન રોગ હતો. ચૌદમી સદીમાં રોગોના કારણે ફ્રાન્સમાં લગભગ એક લાખ લોકો મર્યા હતા. પણ છેલ્લા થોડા સમયથી રોગચાળામાં નાટકીય રીતે ઘટાડો આવ્યો છે. આજે બાળમૃત્યુનો દર ખૂબ જ ઘટ્યો છે. સામાન્ય દેશોમાં તેનો રેશિયો પાંચ ટકા છે, પણ વિકસિત દેશોમાં તો એક ટકા જ છે. ૧૯૬૭માં શીતળાને કારણે ૧.૫ કરોડ લોકો મર્યા હતા, પણ ૨૦૧૪માં એક પણ વ્યક્તિને શીતળાનો ચેપ લાગ્યો ન હતો અને ન તો કોઈનું મૉત થયું હતું. આજે તો શીતળાનું રસીકરણ પણ બંધ થઈ ગયું છે. લેખક લખે છે, આજે ડૉક્ટરો અને જંતુઓની દોડમાં ડૉક્ટરો તેજીથી દોડે છે.

વિજ્ઞાનીઓ અગાઉની કોઈ પણ સારવાર કરતાં બુનિયાદીરૂપે અલગ રીતે કામ કરે તેવી નવી ક્રાંતિકારી સારવારો અને પદ્ધતિઓ વિકસાવી રહ્યા છે. હવે તો નેનો રોબોટ્સ આવી રહ્યા છે જેઓ લોહીમાં જઈ પરિભ્રમણ કરશે અને બીમારીઓ શોધી કાઢશે અને જંતુઓ અને કેન્સરના કોષોને ખતમ કરશે. કુદરતી આફતો તો માનવ સામે હારી રહી છે, પણ તકલીફ એ છે કે માણસ પોતે જ જોખમી બની રહ્યો છે. જે સાધનો ડૉક્ટરો ઝડપથી બીમારીઓને ઓળખવામાં અને તેની સારવાર કરવામાં સક્ષમ બનાવે છે, તે જ સાધનો સૈન્યો અને ત્રાસવાદીઓને પણ વધારે ભયાનક બીમારીઓ અને વિનાશક જર્મ્સ પેદા કરવા સક્ષમ બનાવે છે.

ત્રીજો દુશ્મન છે યુદ્ધ. હજારો વર્ષોથી દુનિયામાં યુદ્ધનો જંગલનો કાનૂન હતો. ક્યારે, કોણ કોની સાથે યુદ્ધ કરશે તેની કોઈને ખબર ન હતી. ભૂતકાળમાં વિકાસનું આયોજન થતું ત્યારે તેમાં યુદ્ધની સંભાવનાનો પણ ઉમેરો કરતા.

વીસમી સદીમાં આ કાનૂન ખતમ તો નથી થયો પણ તેને તોડી નાખવામાં આવ્યો છે. મોટા ભાગનાં યુદ્ધો વિરલ ઘટના બનવા લાગ્યાં છે. કૃષિપ્રધાન સંસ્કૃતિમાં પંદર ટકા લોકો યુદ્ધમાં મરતા હતા, પણ આજે પાંચેક ટકા મરે છે. એકવીસમી સદીની શરૂઆતમાં તો કેવળ એક ટકો જ મર્યા છે. ૨૦૧૨માં વિશ્વમાં પાંચ કરોડ સાઠ લાખ લોકોનાં અવસાન થયાં હતાં. તેમ છ લાખ, વીસ હજાર લોકો માનવીય હિંસાનો ભોગ બન્યા હતા. (યુદ્ધમાં એક લાખ વીસ હજાર અને અપરાધમાં પાંચ લાખ.) તેનાથી ઊલટું, આઠ લાખ લોકોએ આત્મહત્યા કરી હતી અને પંદર લાખ લોકો ડાયાબિટીસમાં મર્યા હતા. લેખક કટાક્ષ કરતાં લખે છે કે આજે ગનપાઉડર કરતાં ખાંડ વધારે જોખમી છે.

આની સાથે સમાંતર આતંકવાદની પણ સમસ્યા છે. પણ લેખક કહે છે કે આતંકવાદ ચિંતાનો મુદ્દો નથી. તેઓ કહે છે કે આતંકવાદ



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

એવા કમજોર લોકોની વ્યુહરચના છે જેમની પાસે અસલી સત્તા નથી. એટલે તેમનામાં સૈન્યને હરાવવાની, દેશમાં સત્તા મેળવવાની કે શહેરોને તબાહ કરવાની તાકાત હોતી નથી. પણ આતંકવાદ કરતાં જોખમી બાબતો બીજી છે. ૨૦૧૦માં વિશ્વમાં મેદસ્વીતા અને સંબંધિત બીમારીઓમાં ત્રીસ લાખ લોકો મરી ગયા હતા જ્યારે આતંકવાદીઓએ કેવળ ૭૬૯૭ લોકોની હત્યા કરી હતી. સામાન્ય યુરોપીયન અને અમેરિકન પર અલકાયદા કરતાં કોકાકોલાનો ઘાતકી ખતરો વધારે છે. લેખક કહે છે કે મોટા ભાગના કિસ્સાઓમાં આતંકવાદીઓ કરતાં તેમની વિરુદ્ધનું વધારે પડતું રિએક્શન આપણી સલામતી માટે વધુ જોખમી સાબિત થાય છે. આતંકવાદીઓ આપણને ઉશ્કેરે જરૂર છે, પણ અંતે તો આપણી રીએક્શન પર જ બધો આધાર હોય છે.

લેખક કહે છે કે એ પણ વિચારવાનું છે કે ઇતિહાસ શૂન્યાવકાશ ચલાવી લેતો નથી. દુકાળ, રોગ અને યુદ્ધની ઘટનાઓ જો દૂર થઈ રહી છે, તો માનવના એજન્ડામાં બીજું કંઈક ગોઠવાઈ જશે. એકવીસમી સદીમાં મનુષ્યની ડાયરીમાં દુકાળ, રોગ અને યુદ્ધને બદ્દલે કઈ બાબતો મોખરે હશે ? - એનો પણ સાવધાનીથી વિચાર કરવાની જરૂર છે. તેઓ કહે છે કે જે અસાધારણ આર્થિક વિકાસના કારણે આ બધાને કાબૂમાં લાવી શક્યા છીએ, તે જ વિકાસ પૃથ્વી પર પર્યાવરણીય સમતુલાને બગાડી રહ્યો છે. પોલ્યુશન, ગ્લોબલ વોર્મિંગ અને કલાઈમેટ ચેન્જની સમસ્યાઓ વધી રહી છે. તે બાબતે કોઈ જ ગંભીર પ્રયાસો નથી થતા. વિકાસ અને પર્યાવરણ વચ્ચે પસંદગી કરવાનો સવાલ ઊભો થાય છે, ત્યારે વડાઓ વિકાસને જ પ્રથમ પસંદગી આપે છે. એટલે આ પાયમાલી ટાળવી હશે તો તેનાથી આગળ જઈ કામ કરવું પડશે. પુસ્તકનો આ માત્ર પ્રથમ પ્રકરણનો જ સાર છે. શરૂઆત જ રસપ્રદ છે. આગળ વાંચીએ તો વધારે ને વધારે તલ્લીન થતા જઈએ છીએ. ક્યારેક તે પણ જોઈશું.

(ભુજ) **- હરેશ ધોળકિયા**

---

## આત્માને જાણીએ...

(પાન ૦૩નું ચાલુ)

આવ્યો. પછી પિતાએ કહ્યું કે એને તોડ. એણે એ ફળને તોડ્યું. ગુરુએ પૂછ્યું, 'અંદર શું દેખાય છે ?' 'બીજ દેખાય છે.' - શ્વેતકેતુએ કહ્યું. 'એને પણ તોડ'. 'એની અંદર શું દેખાય છે ?' 'કંઈ પણ દેખાતું નથી.' ત્યારે ગુરુએ કહ્યું, 'જેમાં કશું જ દેખાતું નથી એમાંથી આ વિશાળ વૃક્ષ પેદા થયું.' આત્મા એટલો સૂક્ષ્મ છે. વટવૃક્ષના ફળના બીજમાં કશું જ હોતું નથી. તો પણ એમાંથી તે વિશાળ વડલો બન્યો. એ કેવી રીતે બન્યું તે ખબર પડતી નથી. એવી જ રીતે આત્મતત્ત્વ ઘણું સૂક્ષ્મ છે. એમાંથી આ વિશ્વ પેદા થયું. श्रद्धत्स्व सोम्य - તું શ્રદ્ધા રાખ. ગુરુ આનાથી આગળ કહે છે કે જે અત્યંત સૂક્ષ્મ છે, જેને આપણે જોઈ શકતા નથી, એ જ અણિમા બધાનો આત્મા છે, એ જ તારું સ્વરૂપ છે.

अंगुष्ठमात्र: पुरुष: - મનુષ્યનું હૃદય નાનું હોય છે, અંગુઠા જેવડું. એ હૃદયની ભીતર કોઈ જ્યોતિ છે, એ જ આત્મતત્ત્વ છે. તે કેટલું હોય છે ? એકદમ જ નાનું, અણુમાત્ર હોય છે. તે અણુસ્વરૂપ હોય છે, પરંતુ તેની પ્રભા એટલી વ્યાપક હોય છે કે મહાનથી મહાન કોઈ ચીજ હોય તો તે એ છે - अणोरणीयान् महतो महीयान् ।

### એકસમાન

ઈસા મસીહે કહેલું કે તમે જેટલો પ્રેમ તમારી જાતને કરો છો એટલો જ પ્રેમ તમારા પોતાના પાડોશીને કરો. આ વાત બોલતી વખતે સહજતાથી બોલી દઈએ છીએ, પણ આ અંગે જ્યારે વિચારીએ છીએ, ત્યારે ખબર પડે છે કે આ વસ્તુ આપણામાં ત્યાં સુધી નથી આવી શકતી, જ્યાં સુધી આપણે આપણા પોતાના મૂળ સ્વરૂપમાં ડૂબકી નથી લગાવતા. ઈસા મસીહનો આ વિચાર ઘણો ગહન છે. અને એ દૃષ્ટિએ આપણે પોતાની જાતને તોળીશું ત્યારે ખબર પડશે કે આપણે બધા ઉપર-ઉપરથી સમાનતાની થોડીક વાતો તો કરી લઈએ છીએ, પણ તે એકદમ નકલી સામ્ય છે. જ્યાં સુધી માણસને અંદરથી આપણે બધાં એક જ છીએ - એવી અનુભૂતિ થતી નથી ત્યાં સુધી આ ઉપરી એકતાથી કશું વળવાનું નથી. આત્મસ્વરૂપનું ભાન થયા વગર આ વસ્તુ જ શક્ય નથી કે બધાં પર સમાન પ્રેમ કરવામાં આવે.

અધ્યાત્મની એક મૂળભૂત શ્રદ્ધા એ છે કે, પ્રાણીમાત્રની એકતા અને પવિત્રતા - યૂનિટી એન્ડ સૈંક્ટિટી ઑફ લાઈફ. આ પ્રાણીમાત્રની એકતા અને પવિત્રતાને જીવનમાં ઉતારવી અશક્ય છે. યદ્યપિ આપણે જીવન માટે અનેક જંતુઓનો સંહાર કરીએ છીએ, અસંખ્ય જંતુઓ આપણા દ્વારા હણાય છે અને પ્રત્યક્ષ આચરણમાં ઊંચ-નીચનો ભેદ માનવામાં આવે છે. આ બધું છે, પરંતુ આપણામાં શ્રદ્ધા હોવી જોઈએ કે પ્રાણીમાત્ર એક છે અને પવિત્ર છે.

આત્મા તો એક, અવિભાજ્ય, પૂર્ણ, સમાન અને નિર્દોષ છે. સૃષ્ટિમાત્રમાં એક જ આત્માનું અધિષ્ઠાન છે. અને તે દરેક પ્રાણીમાં સમાન રૂપે વિદ્યમાન છે. આત્મજ્ઞાનમાં આત્માના ટુકડાઓનો ખોટો વિચાર આવતો નથી. સામ્યયોગ માનવ-આત્મા અને પ્રાણીમાત્રની આત્મામાં કોઈ પણ પ્રકારનો બુનિયાદી ભેદ માનતો નથી. જે આત્મતત્ત્વ મારામાં છે, તે તત્ત્વ એવું ને એવું બીજાઓમાં પણ છે. મન અને બુદ્ધિ મારાં ભિન્ન, એમ બીજાનાં પણ ભિન્ન, પરંતુ આત્મત્ત્વ સમાન. આપણે બધાં આત્મરૂપ છીએ, સમાન છીએ, કોઈ ઊંચું નથી, કોઈ નીચું નથી. બધાંની ભીતર સમાનરૂપે જ્યોતિ પ્રજ્વલે છે. એનો પ્રકાશ ઓછો-વધુ થયા કરે છે, એનું કારણ એ નથી કે અંદરની જ્યોતિ ઓછી કે વધારે છે, પણ એનું કારણ એ જ્યોતિની ઉપર રહેલા કાચને લીધે ફરક દેખાય છે. તેની ઉપરનો કાચનો ગોળો મેલો છે કે સ્વચ્છ છે ? આ જે ફરક દેખાય છે તે જ્યોતિને લીધે નહીં, પણ ઉપરની સ્થિતિને લીધે દેખાય છે. આપણું ચિત્ત જેટલું શુદ્ધ હશે, એટલા પ્રમાણમાં અંદરની જ્યોતિનો પ્રકાશ પડશે. અંદરની જ્યોતિ તો સમાન છે.

આપણે બધાં આત્મરૂપ છીએ. આપણા સહુની આત્મા એક જ છે. આત્માની એકતા પર બ્રહ્મવિદ્યા આધારિત છે. માનવમાં બીજાની સાથે સુખદુઃખ ભોગવવાની વૃત્તિ એટલા માટે નથી કે તે કેવળ સામાજિક પ્રાણી છે, બલ્કે એટલા માટે પણ છે કે તે આત્માની એકરૂપતાની વૃત્તિ છે. સમાધિમાં અનુભવ થાય છે કે બહારથી દેખાનારા તમામે તમામ ભેદ મિથ્યા છે. બધે સર્વત્ર એક જ આત્મા છે.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

### સર્વવ્યાપક

આત્મા સર્વવ્યાપક, સર્વત્ર વિરાજમાન છે. તે દરેક શરીરમાં વિદ્યમાન છે, અંતર્બાહ્ય ઓતપ્રોત છે. એની હસ્તી (અસ્તિત્વ)ના ઇન્કારમાં આપણી હસ્તીનો ઇન્કાર થઈ જાય છે. તે દરેક જગ્યાએ રહે છે. તે પ્રગટ એ જગ્યાએ થાય છે, જ્યાં શીતળતા હોય, પરમ શાંતિ હોય, જે ઊંચાઈ પર હોય અને સામાન્ય સંસારથી અલિપ્ત હોય. પરમેશ્વર અત્યંત વ્યાપક છે. અત્યંત વ્યાપક વસ્તુ છે. તે આ પારથી પેલે પાર સુધી ફેલાયેલ છે. આપણે જેટલા વધુ ફેલાઈ શકીશું, એટલા એની નજીક પહોંચીશું. આમ થવાથી આત્માનું કલ્યાણ થશે અને આત્માની ઉન્નતિ પણ થશે. ભગવદ્ગીતાના તેરમા અધ્યાયમાં ભગવાને આત્માના વ્યાપકત્વના ગુણને દર્શાવવા માટે આકાશની ઉપમા આપી છે. ભગવાન કહે છે કે જેવી રીતે આકાશ સર્વત્ર વ્યાપ્ત હોવા છતાં પણ સૂક્ષ્મતત્ત્વને લીધે મલિન થતું નથી. એવી રીતે આત્મા દેહમાં સર્વત્ર વ્યાપ્ત હોવા છતાં પણ મલિન થતું નથી. (ગીતા ૧૩:૩૨) આકાશ સૂક્ષ્મ છે. તો આત્મા સૂક્ષ્મતર છે. અહીં કહેવાયું છે કે આત્મા દેહમાં સર્વત્ર ભરેલો છે. એનો અર્થ છે - (૧) આપાદ મસ્તક આખા શરીરમાં, શરીરના પ્રત્યેક અંગમાં, સાક્ષીરૂપથી તે વ્યાપ્ત છે. (૨) પંચભૂતાદિ - ચેતનાના દેહ ઘટકોમાં વ્યાપ્ત છે. (૩) બધાંનાં શરીરોમાં વ્યાપ્ત છે. (૪) આ શરીર તે વિશ્વ-પ્રકૃતિનું પ્રતિનિધિ હોવાને લીધે આકાશ સહિત સમગ્ર વિશ્વમાં વ્યાપ્ત છે.

ગીતાના બીજા અધ્યાયમાં આત્માને સર્વગતઃ સનાતનઃ અર્થાત્ સર્વવ્યાપી સનાતન કહ્યો છે. સર્વવ્યાપી + સનાતન = દેશકાલાતીત. સર્વવ્યાપી શબ્દ દ્વારા સ્થળ દર્શાવ્યું અને સનાતન શબ્દથી કાળ દર્શાવ્યો છે. સ્થળ - અહીંયા, ત્યાં, આગળ, પાછળ, ઉપર, નીચે. કાળ - પ્રાચીનકાળથી હતો, આજે છે, આગળ રહેશે.

(ક્રમશઃ)

---

**આબોહવા પરિવર્તન...** (પાન ૧૭નું ચાલુ)

ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. વાટાઘાટો આકાર લઈ રહી છે જેમાં (a) GST-Global Stock Take પરિણામોને ઝડપી NDC-Nationally Determined Contribution અપડેટ્સમાં રૂપાંતરિત કરવા માટેની પદ્ધતિઓ, (b) સામૂહિક પ્રગતિની વાર્ષિક અથવા વારંવાર સમીક્ષા માટેની સિસ્ટમો અને (c) અમલીકરણને વધારવા માટેની પદ્ધતિઓ (ટેકનિકલ સહાય, નાણાંકીય વિંડોઝ અને ક્ષેત્રીય કાર્યક્રમો)નો સમાવેશ થાય છે.

જોકે COP-30 માં નવી પહેલ -નિર્માણનો ધમધમાટ જોવા મળ્યો છે. નવાં અનુકૂલન જોડાણો અને બ્રાઝિલ અને ભાગીદારો દ્વારા જાહેર કરાયેલા ''મહાસાગર કાર્ય દળ'' પક્ષો અનુકૂલન પરના વૈશ્વિક ધ્યેય અને GST પરિણામો વચ્ચે મજબૂત સંરેખણ-સારી રીતે જોડાણ જળવાઈ રહે - માટે વાટાઘાટો કરી રહ્યા છે, અને વધુ અનુમાનિત અનુકૂલન આયોજન (NAPs) નાં નાણાં અને તકનિકી સહાય માટે દબાણ કરી રહ્યા છે. મૂળ નિવાસી લોકો (Indigenous) ના અધિકારો અને વરસાદી જંગલોનું રક્ષણ (શૂન્ય-વન નાબૂદી પ્રતિજ્ઞાઓ) વગેરે બાબતોને બાજુ પર મૂકવાનો પ્રયત્ન થયો છે.

સાભાર : નવગુજરાત ટાઈમ્સ **- મહેશ પંડ્યા**

---

# ચર્ચાપત્ર

(ભૂમિપુત્રમાં) સુધીન્દ્ર કુલકર્ણીનો અત્યંત વિચારોત્તેજક લેખ વાંચીને મનમાં ઉઘાડ થયો કે આઝાદી એ ઘણી ગંભીર બાબત છે, જટિલ પણ છે. આવા વિચારો તો આવતા જ હતા પણ આવું વાંચવા મળતું ન હતું એટલે બીજા પણ આવું જ મનોમંથન અનુભવે છે એની ખબર પડતી ન હતી.

મન પર આપણે મર્યાદિત અંકુશ ધરાવીએ છીએ, સંપૂર્ણ નહીં. ચૂંટાયેલી સરકારે અને નિષ્પક્ષ ન્યાયતંત્રે પણ આ સંદર્ભ સમજવો જોઈએ. નાગરિક પર તે સંપૂર્ણ અંકુશ ન ધરાવી શકે. લોકશાહીનું મૂલ્ય અને મહત્ત્વ એટલે જ છે કે તદ્દન પ્રતિકૂળ એવા વિચારોનો પણ તે આદર કરે છે. સંમતિ ત્યાં જરૂરી બનતી નથી. હું રાષ્ટ્રવાદી કે દેશભક્ત હોઉં તેથી વિશ્વ-નાગરિક કે વિશ્વમાનવ ન બની શકું એવું માનવાની કોઈ જરૂર ખરી? માનવ બીજા માનવના દુઃખમાં ભાગીદાર ન થાય તો બીજું કોણ થશે? માનવીય ધોરણની વિચારણા એક વેંત ઊંચી જ ગણાય. દેશ દેશને ઠેકાણે ભલે રહે પણ વ્યક્તિ પોતાની માનવીયતા ન પ્રગટ કરી શકે અને અહિંસકપણે પણ નહીં એવી સ્થિતિ તો ગૂંગળાવનારી જ ગણાય.

સરકારો એ પોતે અમર્યાદ સત્તા ધરાવતી નથી, એ બાબત ક્યારેક તો સમજવી પડશે. જુદો મત કે અભિપ્રાય મૂલ્યવાન માનવાનું શીખવું પડશે. દેશ પર યુદ્ધની સ્થિતિ હોય ત્યારે પણ કોઈનો મત તેથી વિપરીત હોય તેથી તે મુખ્ય માર્ગ કે કાર્યને અવરોધક બની જતો નથી. વ્યક્તિ પોતે તે માર્યાદિત રીતે પ્રગટ કરવાથી પણ મોટી રાહત અનુભવે એ શક્ય છે. કુટુંબમાં પણ આવા તબક્કા આવતા જ હોય છે. સમાજ અને દેશમાં પણ તે ક્યારેક આવે તે સહજ સ્વાભાવિક છે. એને માટે અવકાશ પૂરો પાડવો એ પણ કલ્યાણકારી સરકાર કે ન્યાયતંત્રની ફરજ બને છે એ સમજાવું જોઈએ.

**- ડંકેશ ઓઝા**

---

**ભૂલ સુધાર**

તા. ૧૬-૧૧-૨૦૨૫ ના અંક નં. ૧૯૪૫ પેઇજ નં. ૧૫
શ્રી કિશોરભાઈ દેસાઈનો મોબાઇલ નંબર નીચે પ્રમાણે વાંચવો.
૯૮૭૯૧૨૪૬૫૦

---

**ભૂમિપુત્ર**

હુજરાતપાગા, વડોદરા-૩૯૦ ૦૦૧ ફોન : ૦૨૬૫-૨૪૩૭૯૫૭, મો. ૯૦૧૬૪ ૭૯૯૮૨
સંપાદક : **રજની દવે**
સં. મંડળ : **સ્વાતિ • પારુલ**
દર માસની તા. ૧ અને ૧૬મીએ પ્રસિદ્ધ તથા પોસ્ટ થાય છે.
વાર્ષિક લવાજમ રૂ.૨૦૦
આજીવન અનામત રૂ.૨૫૦૦. વિદેશમાં વાર્ષિક લવાજમ (એરમેલ) રૂ.૨૦૦૦
લવાજમની રકમ મનીઓર્ડર, ડ્રાફ્ટ કે એટપારના ચેક દ્વારા અથવા યજ્ઞ પ્રકાશન સમિતિના **બેંક ઓફ બરોડા,** માંડવી, વડોદરાના ખાતા નંબર **૦૧૯૨૦૧૦૦૦૩૦૫૯૧**
**IFSC Code : BARB0LAHERI** માં પણ જમા કરાવી શકો છો. ચેક/ડ્રાફ્ટ **'યજ્ઞ પ્રકાશન સમિતિ'**ના નામનો મોકલવો. ખાતામાં પૈસા જમા કરાવ્યા બાદ આપનું નામ-સરનામું તથા પૈસા ભર્યાની સ્લીપ કાર્યાલય ઉપર મોકલવા વિનંતી.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

'Bhumiputra' Fortnightly Published & Posted at Vadodara RMS on 16-12-2025 R.N.I. No. 1683/57

# અનુષ્ઠાન

**સો**સાયટી બની ત્યારે સૌથી પહેલાં રહેવા આવનારાં બે કુટુંબો, એક તરલાબેનનું અને બીજું સરલાબેનનું. આસપડોશમાં બીજું કોઈ આવ્યું નહોતું એટલે આ બંનેની જોડી બરાબર જામી ગઈ. આમ તો બેઉના સ્વભાવમાં લાખ ગાડાનું અંતર. તોય એકમેક વગર ચાલે નહીં. સવાર પડે કે તરલાબેન ટહુકો કરે, ''કેમ સરલાભાભી, ચા-પાણી પીવાઈ ગયાં?''

''ના રે બેન, આજે તો મારે ચોથનો નિર્જળા ઉપવાસ છે.''

દિવસ ઊગે ને સરલાબેનનાં પૂજા-પાઠ, વ્રત-વરતોલા, મંદિરે જવું - આવા કંઈ ને કંઈ ક્રિયા-કર્મ ચાલતાં જ હોય. એમના ભક્તિભાવ અને ધર્મ પ્રત્યેની નિષ્ઠાથી આખી સોસાયટીની બહેનો પ્રભાવિત હતી. ભેગી મળે ત્યારે કહેતી, ''સરલાબેનને તો ધન્યવાદ છે હોં! અગિયારસ કે સોમવાર, દશામા કે સંતોષીમા એક્કે વ્રત ચૂકે નહીં.'' ''સાચી વાત છે હં! મારાથી તો કશું થાય નહીં. ભૂખી રહું એટલે મને ચક્કર જ આવવા માંડે.''

આ બધાંથી તરલાબેન સાવ નિર્લેપ. ધાર્મિક ક્રિયા-કાંડ કરતાં એમને માનવધર્મમાં વધુ રસ પડે. ભૂખ્યાને જમાડવામાં, માંદાની સેવા કરવામાં કે ગરીબ વિદ્યાર્થીને ભણવામાં મદદ કરવામાં એમને આત્મસંતોષ મળતો. પોતાને ગમતાં કામ એ કર્યા કરતાં પણ સરલાબેનને કદી 'તમે આમ કરો કે, આમ ન કરો' એવી સલાહ ન આપતાં. ઉપરથી એમને ઉપવાસ હોય કે, સત્સંગમાં ગયાં હોય ત્યારે તરલાબેન એમના પતિને ચા કે સ્કૂલેથી આવેલા દીકરાને નાસ્તો આપી આવતાં. બંને નવરાત્રિ અને અન્નપૂર્ણાદેવીની સાધના માટે સરલાબેન અનુષ્ઠાન કરતાં. માતાજીના ગરબાની માટલીનું સ્થાપન કરવું, આરતી પછી પ્રસાદ વહેંચવો કે પૂજાની સામગ્રી તૈયાર કરવી એવાં બધાં કામોમાં તરલાબેન પૂરો સાથ આપતાં.

આ વર્ષે સરલાબેનનું અન્નપૂર્ણાદેવીનું વ્રત પૂરું થયું એનું ઉજવણું કરવાનું હતું. જોરશોરથી તૈયારીઓ ચાલતી હતી. અગિયાર કુંવારિકાઓને જમાડવાની હતી. જમાડીને દરેકને ભેટ આપવાની હતી. વળી એકવીસ બ્રાહ્મણોને જમાડવાના અને માનપૂર્વક એમને દક્ષિણા આપવાની હતી. પૂજાની બધી સામગ્રી બજારમાંથી લાવવાની હતી. દરેક કામમાં એમને તરલાબેનનો સાથ તો જોઈએ જ. એટલે સરલાબેને પૂછ્યું, ''તરલાબેન, કાલે સાંજે તમને બજાર આવવું ફાવશે? પંડિતજીએ ચીજ-વસ્તુઓનું લાંબું લિસ્ટ આપ્યું છે. એકલે પંડે મારાથી પહોંચી નહીં વળાય. તમે સાથે હો તો સારું પડે.''

''તમે ચિંતા ન કરો. હું તમારી સાથે આવીશ.''

''હા...શ! હવે મને નિરાંત થઈ. આ તો શું કે, એક કરતાં બે ભલા. ને મારો સ્વભાવ તો તમે જાણો જ છો. ભગવાનની પૂજાનો સામાન લેવામાં જરાય કસર નહીં કરવાની. સારામાં સારી ને મોંઘામાં મોંઘી સામગ્રી લેવાની. પાછા વળતાં તો આપણે રિક્ષામાં આવતાં રહીશું. વધારે મોડું નહીં થાય.''

નક્કી કર્યા મુજબ બીજે દિવસે બંને પાડોશણો નીકળી. ખરીદીની શરૂઆત થઈ ત્યાં સરલાબેને ચાલુ કર્યું. ''તરલાબેન, બધું મળીને અગિયાર નારિયેળ જોઈશે. અહીં બધી દુકાનોમાં તો બહુ મોંઘા છે. તમને વાંધો ન હોય તો આપણે વખારમાં જઈને લઈ આવીએ?''

ગઈકાલે સારામાં સારું અને મોંઘામાં મોંઘું લેવાની વાત કરનારાં સરલાબેન હવે સસ્તા ભાવની દુકાનોનાં પગથિયાં ચઢ-ઊતર કરવા લાગ્યાં. બધો સામાન લેવાઈ ગયો હતો. હવે ફક્ત કોડિયાં લેવાનાં બાકી રહ્યાં હતાં.

''તરલાબેન, કોડિયાં બરાબર ધ્યાન રાખીને લેવાં પડશે હં! આ રસ્તા પર પથારા લઈને બેઠા હોય એ લોકો બહુ લુચ્ચા હોય. આપણું ધ્યાન ન હોય તો ભાંગેલી-તૂટેલી વસ્તુ પકડાવી દે. મહારાજે કહ્યું છે કે, એક પણ કોડિયું ખંડિત હશે તો દોષ લાગશે. તમે ને હું બંને ચેક કરતાં જઈશું એટલે વાંધો નહીં આવે. પણ આટલામાં કોઈ કોડિયાંવાળું દેખાતું નથી.''

હજી તો બોલવા જાય ત્યાં તરલાબેનની નજર રસ્તા પર પાથરણું પાથરીને બેઠેલી વૃદ્ધ સ્ત્રી પર પડી. બરાબર દેખાતું ન હોવાથી હાથની છાજલી કરીને એ સ્ત્રી આવતા-જતા લોકોને બોલાવતી જતી હતી, ''આ કોડિયા લૈ જા ની બુન! આખો દી બેઠી પણ કોઈ લેવા ની આયવું. બો હારા કોડિયાં છે. સસ્તામાં આપી દેવા.''

સસ્તું શબ્દ સાંભળીને સરલાબેનના કાન ચમક્યા. એમણે આ ઘરડી સ્ત્રીની મજબૂરીનો લાભ ઉઠાવવાનું નક્કી કરી લીધું. ''તરલાબેન, એ કહે એના કરતાં અડધા ભાવે આપવાનું જ કહીશું. ગરજની મારી આપી જ દેશે, જોજોને! સાંજ પડવા આવી છે તે એને ઘરે પહોંચવાની ઉતાવળ તો હશે જ ને?''

શરીર પર અસંખ્ય કરચલીઓ વાળી અને ફાટેલા સાડલાવાળી આ વૃદ્ધા સાથે રકઝક કરવાનું તરલાબેનને રુચ્યું નહીં પણ એ માત્ર એટલું જ બોલ્યાં, ''ચાલો, જોઈએ તો ખરાં!'' માંડ માંડ આવેલા ઘરાકને જોઈને સ્ત્રી રાજી થઈ ગઈ. ''બુન, આમ તો રૂપિયાનું એક કોડિયું થાય પણ તારે વધારે જોઈતા છે તે સીત્તેર પૈસાનો હિસાબ ગણજે, બસ?''

''જા જા હવે, લૂંટવા બેઠી છે? આગળ જે માણસ બેઠો છે એ સાઠ પૈસામાં આપવા તૈયાર હતો. આ તો તને ઘરડીને જોઈ એટલે મને દયા આવી ગઈ. જો, એકાવન કોડિયાં જોઈએ છે. ૨૫ રૂપિયામાં આપવા હોય તો આપ, નહીંતર...'' ''લઈ જા બુન, લઈ જા. જે મળે એમાંથી પોરિયાઓ ખાવા ભેગા થાય એટલે ઘણું.'' બેઉએ મળીને સારાં સારાં કોડિયાં થેલીમાં મૂક્યાં. તરલાબેનનો જીવ ચચરતો હતો, પણ બીજાની વાતમાં વચ્ચે ન બોલવું એમ કરીને ચૂપ રહ્યાં. સરલાબેને પચાસની નોટ આપીને પૂછ્યું, ''છૂટા છે ને?'' ''એ તો હામેની દુકાનવારો આપહે.''

છૂટા પૈસા લઈ આવીને પેલી સ્ત્રીએ પોતાના થેલામાંથી પચાસની નોટ કાઢીને એમાં પચીસ ઉમેરીને સરલાબેનના હાથમાં કુલ ૭૫ રૂપિયા મૂક્યા. આંખે બરાબર દેખાતું ન હોવાથી અથવા ભૂલી જવાથી એ એવું સમજી હશે કે, સરલાબેને સોની નોટ આપેલી. તરલાબેનનું ધ્યાન ગયું એટલે તરત બોલવા ગયાં, ''સરલાબેન, તમે તો...'' એમનો હાથ ખેંચીને સરલાબેન દૂર લઈ ગયાં અને કહ્યું, ''જેવી દેવીની મરજી તરલાબેન, આપણે એનો પ્રસાદ સમજીને વધારાના રૂપિયા લઈ લેવાના..''

સરલાબેન ઝડપથી ચાલવા લાગ્યાં. હજી તો અનુષ્ઠાનની કેટલી બધી તૈયારી બાકી હતી! તરલાબેને પાછળ ફરીને જોયું તો પેલી બુઢ્ઢી સ્ત્રી પોતાનો પથારો સંકેલી રહી હતી.

(ઋચા શર્માની હિંદી લઘુકથાને આધારે) **– આશા વીરેંદ્ર**

ગુજરાત સર્વોદય મંડળની યજ્ઞ પ્રકાશન સમિતિ વતી રજની દવેએ ભૂમિપુત્ર કાર્યાલય, હુજરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧થી પ્રકાશિત કર્યું, મુદ્રણસ્થાન : જવનિકા પ્રિન્ટર્સ, વડોદરા-૧૮. પ્રત : ૨૯૦૦
Printed and Published by **Rajani Dave** on behalf of **Yagna Prakashan Samiti**, Published from Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara
Printed at Javanika Printers, 3-Laxmi Estate, Bahucharaji Road, Vadodara - 390 018. Editor : **RAJANI DAVE**

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org